Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation C

ઢાં
ક
પિ
છો
ડી

Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ ધરીએ, એનું ચાલો !
કરવા જીવન કલ્યાણ
આનંદ મધુરાં ચિંતન શું
વિશુદ્ધ આતમ-સ્નાન.

જે અજવાળે ને દોરે છે
સદ્‌બુદ્ધિનું સુકાન,
એ દિવ્ય જીવન દાતાનું
મંગળ પરમ અલૌકિક ધ્યાન

જે વિશ્વ અને માનવતા વચ્ચે
સુખદ નિત્ય સંધાન
સૌ સ્મરીએ, ચિંતવીએ ચાલો
ધરીએ સૌ એનું ધ્યાન.

68 ग/12
ख्या
ख्या 2.2.4.4
पुस्तक पर सर्व प्रकार की निशानियां
र्जित है। कोई सज्जन पन्द्रह दिन से
तक पुस्तक अपने पास नहीं रख
धिक देर तक रखने के लिये पुनः आज्ञा
चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी

स्टाक प्रमाणीकरण १९८४-१९८५





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
गुरुकुल काँगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢાંકપિછોડી

[ત્રણ વાર્તાદેહી નાટક]

કર્તા
ઉમેશ કવિ



कियती योषा मर्यतो वधूयोः परिप्रीता पन्यसा वार्येण ।
भद्रा वधू र्भवती यत्सुपेशा स्वयं सा मित्रं वनुते जनेचित् ॥

ऋ. १० । २७ । १२.

સ્વયં વરણું લે કરી ઉચિત "મિત્ર"ની લોકથી
બને વધૂ અનેક ભદ્ર સુરુપા-યુવા, સ્નેહથી.

વિ. સંવત ૨૦૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તા અને પ્રકાશક
ઉમેશ કવિ
ભાવનગર

સર્વ સ્વત્વ કર્તા હસ્તક

*

પ્રથમ સંસ્કરણ

ઈ

મૂલ્ય બે રૂપિયા

મુદ્રક
શાંતિલાલ છોટાલાલ પારેખ
સરસ્વતી પ્રેસ : દાણાપીઠ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ પ ણ



સામાન્ય આર્થિક સ્થિતિમાંથી ભુજબળે આગળ વધેલા સૌરાષ્ટ્રના ચારપાંચ માતબર ઉદ્યોગપતિઓથી મને અંગત કહેવાય તેવો પરિચય છે. સ્નેહસંબંધ છે. મેં જોયું-જાણ્યું છે કે વિશ્વપરિસ્થિતિ અને દેશના વર્તમાન રાષ્ટ્રીય પ્રવાહોથી તેઓ વાકેફ છે. એટલું જ નહિ પણ સજાગ છે. સક્રિય છે. તેમનું ગજું કમાયું તેમના અંગત સુખભોગ માટે જ તેમના હાથમાં રહે તેવા સુખત્યાર સ્વૈર સ્વામિત્વના-સાંકડા-એકલપેટા મમતથી ભલે તેઓ સદંતર મુક્ત હોય કે ન હોય છતાં તેમની કમાણીની સર્જન-આવ્યની-ઉગમ સ્થાનની તેમને જાતઅનુભવની માહેતી હોઈ દેશસમાજ માટે ધર્મમય કૃતજ્ઞભાવ ધરાવતાં, જનસર્વસ્વનાં હિત અને સુખમાં પોતાનું તેવું જળવાતું તેઓ જાણે છે ને તદનુસાર કાર્યરત રહેવા કરે છે.

અધ્યક્ષપદેથી ભાવનગરના રોટેરિયનોને આર્થિક ને ઔદ્યોગિક સ્થિતિ પરત્વે સંબોધતાં તે માંહેના એક શ્રી ભોગીલાલ મગનલાલ શાહના વ્યક્તવ્યમાં મને મારી આ વાતનો હોંકારો મળતો લાગ્યો છે. એવા જ્ઞાન ને તદનુષંગી આચારમાં ભારતના ધનિકોના આદર્શની જેનાં મહાત્મા ગાંધીજીને પણ શ્રદ્ધા-મમત હતાં-થોડી ઝાંખી મળી રહેતાં અર્થપ્રકરણીય પ્રવાહો પરત્વે થોડા વિચારો ને ચર્ચા ધરાવતું મારું આ નાટચ-પુરતક તેમના લોકસંગ્રહી અર્થભાવને નિવેદું છું.

ગુણાનુરાગી
ઉમેશ કવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अश्लीला तनुर्भवती रुशती पापयामुया ।
पतिर्यद् वध्यो (३) वाससः स्वमंङ्गमभ्युर्णते ॥ अ. : १४/१/२७

નીકળે બ્હાર જૈં પ્હેરી દરિદ્રી વસ્ત્ર નારનાં
થાય છે ઉઘાડે દેહે પનારે પતિ એ પડી.

काममा मरणात्तिष्ठेद् गृहे कन्यर्तु मत्यपि ।
न चैवेनां प्रयच्छन्तु गुणहीनाय कर्हिचित ॥ मनु : ९/८९

મરે છો કુંવારી ઘેરે ઋતુમતિ હોય તે છતાં
ઘટે ના આપવી એને ગુણહીણા ગમારને.

अ • नु • क्र • म

જાસો	પાન ૧ થી ૩૨	લખ્યો સં.	૧૯૯૨
જુવાનીનું નાણું	,, ૩૩ થી ૪૮	,,	૧૯૯૫
ઢાંકપિછોડી	,, ૪૯ થી ૧૨૪	,,	૧૯૮૭

अभि त्वा मनुजातेन दधामि मम वाससा ।
यथा सो मम केवलो नान्यासां कीर्तयाश्चन ॥ अ.: ७/३७/१

બાંધું છું ગાંઠ વસ્ત્રે હું આપણે, હે મહામના !
ચાહું કેવળ રહો 'મ્હારા' વાતે ના અન્ય અંગના.

अहं वदामि नेत् त्वं सभायामहं त्वं वद ।
ममेदसस्त्वं केवलो नान्यासां कीर्तयाश्चन ॥ अ. : ७/३८/४

બોલી હું સભાની સાખે તમે યે ઉચ્ચરો ખરું
'હું જ કેવળ' બીજી કો સ્ત્રીની વાતેય નહિ કરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્શ્વભૂમિકા

સાચું હિન્દ તેનાં સાત લાખ ગામડાંમાં છે એ તો હવે એક કહેવત થઈ પડી છે. કેમકે દેશની મોટી વસ્તી ગામડાંઓમાં છે. સાચું હિન્દ ક્યાં છે ને શેમાં છે એ કોઈ એક વાત ઉપર ભાર મૂકીને નક્કી કરવું અધૂરું છે. ખોટું છે.

હિમાલય સમી ગિરિકંદરાના સ્થાવરમાં કે ગંગાયમુના સમા અખૂટ જલપ્રવાહોમાં કે કાશ્મીરની સોહામણી કુન્જોમાં કે દક્ષિણના કે દેલવાડાનાં ભવ્ય હિન્દુ જૈન મંદિરોનાં સ્થાપત્યમાં કે તાજ જેવી કબરો કે ઉપાલારગૃહોમાં, રાજપૂતાનાના કોટકિલ્લા કે આલીશાન રાજમહાલયોમાં કે ગીરનાં સિંહલ વનજંગલોમાં, ખુલ્લાં ખેતરોમાં કે બંધિયાર કલ-કારખાનાંઓમાં કે શાળાકોલેજોમાં કે ઘોડિયાં-પારણાંમાં કે શહેરોનાં ગલીચી, ગોકીરા કે ગોરખ ધંધાઓમાં, છાપાં પુસ્તકો, છબીઘરો કે સંગ્રહસ્થાનોમાં, હીરાની ખાણો, મોતીના ખાળા કે નિઝામ ગાયકવાડોની અતુલ લક્ષ્મીમાં ક્યાં છે, ક્યાં નથી તે વિવાદસ્પદ છે. આ તો દેશની મોટા ભાગની જનસંખ્યા ગામડાંઓમાં પડી છે. તે જોઈ આંકડાપ્રેમીની પરિભાષા સ્વીકારી એ વિધાન કર્યું; સિવાય તો ગામડાઓમાં આજે હજારો વર્ષો-જૂનું વહેમઆંધળું અજ્ઞાન છે. રોગ છે. વ્યસન છે. કુસંપ-કુસંસ્કાર છે. બેકારી છે. કારમી કંગાલિયત છે. જંગાલિયત છે. હડહડતું દારિદ્રય છે. જેને સાચું હિન્દ કહેવું એક રીતે તો સાચું છે. અને હવે તો દોઢેક લાખ ગામડાં પાકિસ્તાનમાં ચાલ્યાં ગયાથી એ આંકડો ય ખોટો છે.

ગામડાં શું, શું શહેરો, મનુષ્યો ત્યાં ત્યાં વસી રહે છે, જ્યાં એનું ભરણપોષણ થઈ શકે છે. મોટા ભાગે વસ્તીની જીવાદોરી 'શ્રમ' ઉપર છે. ખેતી, વેપાર ને ચાકરીમાં સમાવી લેવાયેલ આ શ્રમનો ય વિસ્તાર મોટો છે. નાનામોટા હજારો ધંધાધાપા હુન્નર કળાકારીગરી કે ઉદ્યોગવણજના શારીરિક કે બૌદ્ધિક 'શ્રમ' ઉપર સહુ કોઈ નભે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશજીવનને ચાર ભાગે વહેંચી વિચારીએ તો શિક્ષણ, રક્ષણ, પોષણ અને પરિસેવનમાં સમરત લોકજીવન ગૂંથાયેલું જોવા મળશે. એ શ્રમના ઉત્પાદનનું વિતરણ તથા સંચાલન, દેશવિદેશમાંની આપ-લે, લે-મૂક કે હરફરના વહીવટનું સર્વમાન્ય સ્વીકૃત ધોરણ નાણાંકીય નિયંત્રણ તે પ્રજા કે રાષ્ટ્રનાં શહેરો-ગામડાંઓનાં ઘરઘરને આબાદ કે બરબાદ કરતું રહે છે.

એટલે ધન એ શ્રમનું પરિણામ છે. ફળ છે. પ્રતીક છે. ટૂંકો સહેલો સલામત ઉપાય છે. વિનિમયનું સાધન છે. માર્ગ છે. જીવનની જરૂરતો ધન વગર જોગવાતી નથી. ઘરઘરના ચૂલાચોકા ધનના અભાવે સંઘરકાતા કે લીંપાતા અટકી ઊભે છે. ને લોકોને પૈસાના આંધ્યાં બેસી રહેવું પડે છે. આમ ગૃહસ્થધર્મના પાલનનો દારોમદાર 'ધન' છે.

માનવ દામ્પત્યના 'આર્ય' આદર્શને પ્રાચીન અર્વાચીન ભારતીય સંસ્કૃતિ ને ભારતેતર દૃષ્ટિબિન્દુથી તુલના કરી પ્રતિનિધતાં આ સંગ્રહમાંનાં મારાં ત્રણ નાટક મુખ્યત્વે લગ્નવિષયક છે. ને પહોચતાં પામતાં, દીનહીન કે વિભક્ત અવિભક્ત કુટુમ્બજીવનને પૈસા વગર પરવડતું નથી. એટલે 'ઢાંકપિછોડી'માં એવી થોડી ચર્ચા હોવી સ્વાભાવિક છે.

પંદર વર્ષ પહેલાં લખેલાં એ (ઢાંકપિછોડી) નાટકમાં સમાજ-વાદ કે સામ્યવાદના વિદેશી અર્થકારણીય પ્રવાહો કઠે ઊભા મેં ય જોયા કર્યા છે, તેથી તે પાત્રપ્રસંગે નાટકમાં સમાવવાનું બન્યું છે. ભારતીય સંસ્કૃતિના પ્રાચીન અર્થઆદર્શ તથા આધુનિક અર્થ-વ્યવસ્થા પર પણ મને વિચાર આવ્યા કર્યા છે.

[હિન્દુસ્થાન અત્યારે જેમ એક 'દેશ' છે (પૂર્વકાળે વિશાળ વિસ્તીર્ણ ભરતખંડના સામ્રાજ્યમાંથી અનેક કારણે જુદાં પડ્યાં છે : તેમ એનો પાંચમો હિસ્સો પાકિસ્તાન તરીકે ભલે આજે અલગ જઈ પડ્યો છે છતાં પહેલાં જેમ અત્યારે પણ હિન્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી પણ એક દેશ 'છે' જ. ને કાઈ એક દેશનો કારભાર આજે જેમ ચાલે છે તેમ પહેલાં પણ ચાલતો હોય. દેશજનો પોતે ચલાવતા હોય કે મુગલો અંગ્રેજો જેવા આક્રમણકારો. ભલે એની રીતપદ્ધતિ ફરી બેસતી હોય, મધ્યસ્થ તંત્ર નામશેષ, ઢીલું કે માથાભારે બની રહેતું હોય કે નાનામોટાં ઘટકો કે એકમો સ્વાયત્ત બની રહેતાં–જતાં હોય. ગણતંત્રમાંથી રાજવીતંત્ર કે વંશપરંપરાના રાજવીતંત્રમાંથી મુખ્યત્યારી શાસન ને તેમાંથી ઋર્વોપરી પ્રજાતંત્ર જામતું, ઊથલી પડતું હોય. તે બધું છતાં થતાં, હોતાં દેશનો વહીવટ ચાલ્યા કરતો હોય છે. ને એ એક સાવ સાદી વાત છે કે રાષ્ટ્ર-વ્યવસ્થા ઘણાં વાનાં માગી લે છે. તેમાં તેવો નાણાંકીય બંદોબસ્ત પણ. એટલે આ દેશને પોતાની જ વિશિષ્ટ 'અર્થતંત્ર'ની ગમ હતી. આવડત હતી. એટલું સ્પષ્ટ કરવાપણું નથી, છતાં આ જમાનો 'સુધારા'નો છે. 'શોધખોળ'નો છે. 'જ્ઞાનવિજ્ઞાન'નો છે. 'સંસ્કૃત પ્રજાભાવ'નો છે. એવો એકખ્યાલી પૂર્વગ્રહ આજનાં અંગ્રેજી શિક્ષણે ઊભો કરી દીધો છે. એટલે તો દુઃખપૂર્વક લખવું પડે છે કે:

હિન્દુસ્થાન હજી આજે પણ એક એવો દેશ 'છે' કે જેણે વિદેશીઓ જેને સિવિલિઝેશન ને કલ્ચર કહે છે તેવી સભ્યતા અને સંસ્કારની ટોચ દેખીભાળી છે. સમૃદ્ધિ, વૈભવ ઐશ્વર્ય અને જ્ઞાન-વિજ્ઞાનની પરાકાષ્ટા કહેવાય તેવો વિકાસ તેની સંપૂર્ણતા સુધીનો સાધી લીધા પછી ભૌતિક જડતાના અતિરેકે તે બધાની સત્યાનાશી પણ વહોરીને ભાંગી પડી, એ ભૂલે સુધારી લેવા કર્યા કર્યું છે. આ દેશ જ એકમાત્ર એવું જનસ્થાન છે જ્યાં માનવ માંગલ્યના આદર્શ-નો શાસ્ત્રીય ને વૈજ્ઞાનિક વિચાર અને અનુભવ હજી ટકયા છે. જે તરફ દુર્લક્ષ કર્યું પાલવે તેવું નથી. કેમકે દેશજનોની રગેરગે રોમે-રોમે એ સંસ્કાર ઓતપ્રોત થઈ ચૂકયો છે. એ વ્યક્તિત્વ 'વૈશિષ્ટ્ય' કહેવાય તેવી દેશની પ્રતિભા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકજીવનના સુખ સૌભાગ્યના વિચારકો-વિધેયકો ફાવે તેવા ફેરફારો નોતરે. પરંતુ એ સંસ્કાર પરાપૂર્વનો છે. લોહીમાટીમાં છે. સ્થાવરો ને આકાશી તત્ત્વોમાં, કર્મના સ્થૂલ ને સૂક્ષ્મ પરિણામજન્ય વિધિસંબંધમાં એવો તો ગંઠાયેલો છે કે એના થોડા સુધારાઓ કે ફેરફારો ભલે લાદવામાં કે ખોદવામાં આવે પણ પાંદડા પરના પાણીને ખેરવી કે સૂકવી નાખે એવી એની શાશ્વત હવા છે. હિન્દનો મહાન પુરુષ ભલે બેરીસ્ટરીનું ભણે, વકીલાત કરે પણ એ છેવટે પોતડી, ઝૂંપડી ને પતરાળીમાં ઠરશે. એ સંસ્કાર આ દેશની આબોહવા છે. પ્રાણ છે. વિદેશી જીવનવ્યવહારોની છાંયમાં આવી જતા આપણા થોડા ભોળા અદૂરદર્શી તુલનાદૃષ્ટિહીણા ભાઈઓ આ દેશનો ઇતિહાસ ભૂલી જઈને વિચારવા માંડે છે. ને પરદેશનું એવું કાંઈક ઇન્દ્રિયઉત્તેજક, અરધતું કે મનગમતું જુવે જાણે છે તેવા ધારવા-આચરવા કરે છે. તેવા જીવોને માટે 'ભારતીય અર્થ આદર્શ' જેવું પૂર્વે કંઈ હતું કે હોઈ શકે છે એ કહેતાં યે સંકોચ થાય છે. આજના આંધઅંજામણા સમાજવાદને ટોચો મારે તેવો 'સમાજભાવ' તો આ દેશમાં 'પ્રાથમિક' માનવતાની વાત ગણાતી.

ગત લડાઈ-બીજા વિશ્વયુદ્ધની અધવચમાં જર્મન પ્રજાને પોતાના યુદ્ધતંત્રના સફળ વિજયી સંચાલન માટે મજૂરોની તાણ પડી હતી. મજૂરી કરવાને બદલે રણમોરચે ખપી જવાનું હર જર્મન પસંદ કરતો હતો. એ વેળા પોતાની આણ નીચેનાં ફ્રાંસ, બેલ્જયમ કે ઝેક પોલીસ પ્રદેશોમાંથી હિટલરના નાઝી તંત્રે મજૂરો મેળવવા કર્યું હતું. પરંતુ થોડું એ પહેલાં મજૂરોની ખોટ ભરપાઈ કરવા તેમણે જર્મનીમાં જ નજર દોડાવી હતી. બીજાં કામકાજોમાં રોકાયેલાં કરોડો સ્વદેશજનોમાં ફેંટલાં ને કયાં કયાંથી સશક્ત માણસો ફાજલ પડી શકે, તેની બારીક સર્વગ્રાહી તપાસ કરેલી. એ નીરિક્ષણમાં આઠ કરોડ જર્મન પ્રજા શેમાં શેમાં રોકાયેલી છે તેની વિસ્તૃત આંકડા સાથેની યાદી કરવામાં આવેલી એમાં:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેર હિટલરથી માંડી પ્રધાન મંડળ, તેના કચેરીગારો, એલચી-ખાતાંઓ, દૂતો–ચરો, શિક્ષકો, પત્રકારો, લેખકો, રાસાયણિકો વગેરે બુદ્ધિનું કામ કરનારાઓને અગ્રણ તારવવામાં આવ્યા હતા. કેમકે એ વર્ગ (બ્રેઇન વર્કર્સ)થી મજૂરી થઈ શકે જ નહિ. એવી સરકારને ખાતરી હતી. લશ્કરમાંથી એક પણ માણસ મજૂરી માટે મળી શકે તેમ ન હતું, ઊલટું મૃત્યુ પામતા લશ્કરીઓની સંખ્યા ભરપાઈ કરી, પૂરી લેવા દરેક સશક્ત નાગરિકને ઝડપી લશ્કરી તાલીમ અપાઈ રહી હતી. એ લડાયક વર્ગને (ફાઇટર્સ–માર્શલકલાસ તરીકે) અલગ ગણવામાં આવ્યો. પછી ખેતીમાંના ગોપાલનમાંના (એ તો સુવિદિત છે કે બર્લીન શહેરમાં આઠ આઠ મજલા નીચે ભૂગર્ભી ગૌશાળાઓમાં ગાયોને રાખવામાં આવતી હતી. દૂધનું મહત્ત્વ એ લડાયક પ્રજાને બરાબર સમજમાં હતું. ને હિન્દની ગાયોના અઢી ટકા જેટલી સંખ્યાનું જર્મન ગોધન હિન્દ જેટલું જ દૂધ આપતું હતું.) યુદ્ધમાં કામ આવતી હજારો નાનીમોટી ચીજ–વસ્તુઓ, દારૂગોળો આદિ ઉત્પન્ન કરતાં કલકારખાનાંના કામગારો, વેપાર-વણજમાંના, ને વાહનવ્યવહાર (કોમ્યુનિકેશન ને ટ્રૉન્સપોર્ટેશન)માં પડેલા માણસોમાં તો તે અગાઉ કરકસર થઈ ચૂકી હતી. બાકી બૂટતાં હતાં મજૂરો, સેવકો, દાસત્વ કરનારાં: ચીંધ્યું બતાવ્યું જ કરે જઈ શકે તેવી દશા તથા સમજણવાળાં. તેવાં માણસો એ જનમાં ઓછામાં ઓછાં હતાં. મજૂરો ઘટતાં હતાં.

વસ્તીની આવી ફાળવણી શું સૂચવે છે? બુદ્ધિનું કામ–શિક્ષણ (બ્રેઇન વર્ક) એ હિન્દનું બ્રાહ્મણત્વ નથી? રક્ષણનું કામ–ક્ષાત્રત્વ નથી? ખેતી ગોપાલન વાણિજ્યાદિ શું વૈશ્યત્વ નથી? ને મજૂરી એ શૂદ્રત્વ નથી? આર્યોના વર્ણાશ્રમનું મહત્ત્વ કે રહસ્ય હજુ વર્તમાન હિન્દને સમજણમાં ઊતરવાનું બાકી છે. જ્યારે સમગ્ર હિન્દ પોતાના સ્વાતંત્ર્યની રક્ષા, સુરાજ્યની સ્થાપના માટે કૃત નિશ્ચય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની તેમ કરવા ખોજ ચલાવશે, મથશે ત્યારે 'વર્ણાશ્રમ'માં આ દેશની સુરાજ્યવ્યવસ્થાની ચાવી જોશે. અને અત્યારના–વર્ણાશ્રમના ભંગારની મરામતનું કામ હાથ ધરશે. જેને સામાજિક કે સાંસ્કૃતિક કહી અત્યારની બિનસાંપ્રદાયિક[૧] કહેવરાવતી સરકાર તેવાં કામ કરનાર પ્રત્યે પણ કોમીવાદી કહી ખુલ્લી અવગણના અને અટકાયતો ઊભી કરી રહી છે. પણ એ જ આ દેશની–અને સમગ્ર દેશનાં સુસંચાલનની નીવડેલી પદ્ધતિ અને વ્યવસ્થા હતી તે વાતની કિંમત એને નહિ વસે ત્યાં સુધીના બીજા સુધારાઓ કે ફેરફારો કવખતના, ફોક અને ઊંધા છે.

વર્ણ અને આશ્રમ એમાં વ્યક્તિ અને સમષ્ટિ (રાષ્ટ્ર જેવી સંકુચિત મર્યાદા માટે એ ભાવના નથી) બંનેને સાંકળતી કડી છે. દેશજનો કે દેશ કે વિશ્વના સ્થાવરજંગમનું એક શરીર કલ્પી વેદો બ્રાહ્મણને મુખ, ક્ષત્રિયને બાહુ, વૈશ્યને પેટ ને શૂદ્રને પગ તરીકે ઓળખાવે છે. એવી ઉપમા દૃષ્ટિ હજી સ્વરાજ્ય ભોગવતી સ્વતંત્ર લોકશાહી પ્રજાના કવિપંડિતોમાં નથી જન્મી. એ ઋવેદમંત્રના દૃષ્ટાને–ઋષીને માતૃભૂમિ કે વિશ્વ સમસ્ત માટે જેવું દર્શન થયું તેવું પશ્ચિમમાં હજી કોઈને થયાનું વાંચ્યું સાંભળ્યું નથી.

'સાચું હિન્દ તેનાં સાત લાખ ગામડાંઓમાં છે' એ ઉક્તિમાં

---

૧ હિન્દી લોક પ્રતિનિધિ સભાના બંધારણના ખરડા કે જેના માટે ત્રણ હજાર જેટલા સુધારાઓ સુચવાયા છે તે પરની તા. ૬ઠ્ઠી નવે. '૪૮ની સામાન્ય ચર્ચા વેળા શ્રી થિરુમલરાવે યોગ્ય જ આગ્રહ કર્યો હતો કે: "રાજ્યના અ-સાંપ્રદાયિક સ્વરૂપ પર બહુ ભાર મૂકીને દેશની પુરાતન પ્રણાલિઓ અને સંસ્કૃતિને નષ્ટ કરવા માટે કશું કરવું જોઈએ નહિ. હું બહુ ધર્મ લાદવા માગતો નથી પણ દેશની વિશિષ્ટ સંસ્કૃતિ અને તેની લાક્ષણિકતાઓ તો ગમે તે ભોગે રક્ષાવી જોઈએ"

૨ ब्राह्मणोस्य मुखमासीद बाहू राजन्य कृतः ।
ऊरू तदस्य यद्वश्यः पद्भ्या ꣳ शूद्रो अजायत ॥ (यजुर्वेद ३१–११)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવાં જેટલાં હિન્દનું દર્શન છે તે કરતાં એ વેદઋચામાં તેનાથી આગળ વધેલો વિસ્તૃત લોકભાવ છે. 'રાષ્ટ્રપ્રેમ' અંગ્રેજ શાસકોને ભગાડી મૂકવાની ભાંજગડના આજના જમાનામાં જ આ દેશમાં આવ્યો કે વ્યાપ્યો એવી ભ્રમણામાં રાચનારાઓ માટે કે વંદેમાતરમ કે જનમનગણનાં બંગાળી કાવ્યો દેશગીત માટે પસંદ કરનારાઓને તુલના કરવા જેવું વેદોમાં ઘણું ભર્યું છે. આ તો ભારતને પોતાની 'સંસ્કૃતિ' હતી, તેમાં અર્થનિયંત્રણે હતું એટલી વાતના ઉલ્લેખના અનુમોદન માટે આટલું સ્પષ્ટ કરવું પડે છે. તે ય જે થોડા અંગ્રેજ આધિપત્યના કુટિલ વળગાડમાં છે, તેમના પૂરતું જ. બાકી વારસદાર તરીકે ગાંધીજીની શીખની છાશવારે યાદ આપતા અમારા જવાહરલાલો એ સ્વર્ગસ્થ મહાત્માને 'ગુરુ' કહેતાં હવે લજ્જતા નથી એ વાતનું આશ્વાસન છે જ.]

એટલે સફલ લગ્નજીવન માટે સુયોગ્ય શિક્ષિત દમ્પતી જોઈએ. ને તેવાં યુવક યુવતિઓ પેદા થવા 'સંસ્કારી' કુટુંબજીવન જોઈએ ને 'સંસ્કાર રક્ષાયેલાં' કુટુમ્બજીવનનો નભાવ પૈસા–શ્રમ માગી લે એટલે સમાજજીવનના લગ્નના પાસાના વિચારક તરીકે લેખકને તેવા સમાજની સ્થિતિ કે તેવી સ્થિતિવાળા સમાજના દેશની હાલત ને તે દેશની હાલત જોને લઈને થતી રહેતી હોય તેવાં રાજકારણ કે ધર્મ આદિના વિચારો આવવા–થવા સ્વાભાવિક છે.

ને આજકાલ તો જીવન હાજતોનું માળખું બની ગયું છે. જરૂરતોનું સંગ્રહસ્થાન થઈ પડ્યું છે. બનાવી દેવાયું છે. એ જ જીવન કહેવાય કે એવું ન હોય તો જીવન 'જીવન' મટી જાય એ બાજુએ રાખી એ જેમ છે તેવું સ્વીકારી લઈએ તો તે બધું પૈસાની જોગવણી વગરનું જાણે કે નિર્જીવ જેવું છે; એટલે ગમે તેમ જ્યાં ત્યાંથી પૈસો કૂટી કાઢવો ને સાંચવવો-વધારવો એવી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય સમજણ ને મયામણનું જ અત્યારે તો રાજ ચાલે છે. જે વધારે મેળવે તે હુશિયાર લેખાય કે લેખાવવા કરે છે.

'કાળાં બજાર' જેવા નિંદ્ય માર્ગો અખત્યાર કરતાં કોઈને આંચકો આવતો નથી. રાજના અંકુશમાંથી છટકબારાં શોધી કાઢવામાં અમારા એવડા સ્નાતકો કે ધારાશાસ્ત્રીઓને અંતઃકરણનો અવાજ રોકી શકતો નથી. આ છે આંપણુ કરતા કારવતા દેશજનોની નીતિમત્તા (મોરલ) અને એ મનોદશા કે જે ઘાતક છે તેવે-બરાબર તેવે સમયે દેશ 'આઝાદ' બન્યો છે લોકશાહી રાજતંત્ર અમલમાં આવી રહ્યું છે ચૂંટાઈને આવી શકે તેવા લોકનું નૈતિક ધોરણ આવું ને આટલું હીણું ને હલ્યારું, કેવળ આપમતલબી પૈસા પ્યારું છે. એટલે એ ઉઘાડું છે કે પૈસાની બોલબાલા છે.

'ભવિષ્ય' માટે 'પૈસાટકાની રક્ષા' 'વર્તમાન'માં તે પ્રાપ્ત કરવા જેટલી જ કાળજી માગી લે તેવી છે. જુનવાણી જમાનામાં લોકો જુવાર-બાજરાની બાણોની માફક નાણું પણ દાટતાં. કોઈ પ્રમાણિક વેપારી પેઢીમાં, રાજકોષમાં, કોઇ લક્ષ્મરી ભદ્ર સરદારને ત્યાં સોંપી રહેતાં. દરદાગીના કે ઝરઝવેરાતને રૂપે સંતાડી સંઘરતાં.

આજના દિવસોમાં શરાફી (બેંકો) સલામત થાપણખાનાં (સેઇફ ડીપોઝીટ વોલ્ટઝ) કે સ્થાયી અર્થકારી મંડળીઓ (લિમિટેડ કન્સર્ન્સ)માં રોકે છે. મૂકે છે. સાંચવે છે. વીમા ઉતરાવવામાં જાળવે છે. ઘરઘર ને જણ જણ દીઠ આમ ભેગો થતો પૈસો પાછો દેશના વેપાર-વણજ કે ઉદ્યોગ-હુન્નરમાં તે બેંકો, વીમા મંડળીઓ કે સ્થાયી નાણું સંસ્થાઓ જાળવે છે. ફાળવે છે. ને એમ દેશની કાયાપલટમાં એવી ગંજાવર રકમો વપરાતી વહેંચાતી ફરતી રહે છે.

પ્રજા સર્વોપરિતાના આજના યુગમાં દેશના 'ધન'ની આવી વ્યવસ્થા રાષ્ટ્રીય અર્થકારણનું એક સુંદર પ્રારંભિક સુયોજન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પરિશ્રમના ફળ અને નિભાવના આધાર જેવી 'કમાણી'ના 'સંચય'ના આ યુગમાં એ રૂપાંતર, નવીન નામકરણ પામેલ એ વ્યવહારુ ધોરણે છે. છતાં એનાં ઓક–વલણ થોડા મૂડીપતિઓ પૂરતાં જ હોય તેવાં એ સંકુચિત તો છે જ.

ભીડના સમયે, કોઈ આસમાની સુલતાની વખતે, દેશની અરાજકતા, ક્રાંતિ, બળવા, લૂંટફાટ, મહામારી, સર્વભક્ષી આગ, ખૂનામરકી, યુદ્ધો ને આંતરવિગ્રહની લોહિયાળ પરંપરાની વસમી વેળાએ એકાએક અનેક જેમ કોઈ એક કુટુંબની જીવાદોરી તૂટી જાય, તેનું નિર્વાહનું સાધન ખોરવાઈ જાય, તેનાં સ્થાપિત હિતો ઝૂંટવાઈ જાય, એહીબાંધી ઊપજ–નિશ્ચિંત આવકના માર્ગો કે સાધનો રોળાઈ જાય અને સમાજ ધર્મ કે રાજવ્યવસ્થા રજળી પડે ત્યારે તો પુનર્વ્યવસ્થા થાય (કે થઈ જાય તે પછી પણ) ત્યાં લગી એવું બધું પાછું મેળવી કે ઉપજાવી શકાતું નથી. ત્યારે તો જે કાંઈ 'હાથે' હોય તે જ 'સાથે' રહે છે. એટલે (ગરથ ગાંઠે) વાળી કહેવત વધારે હિતાવહ, દૂરદેશ ને કાયમના વહેવારુ ઉપયોગ માટે ડહાપણભરી થઈ પડે છે. ને જનસ્વભાવ પણ તેવો જ હોય છે. તે વેળા પૈસો એંકણુક શેરસિકયુરિટી, ડીવીડન્ટ કે પોલીસીનાં કાગળિયાંઓમાં કે વિદ્યા લાયબ્રેરીનાં પુસ્તકોમાં પડેલી નકામી. ત્યાર વેળા તો (ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે) જ સાચી રીત છે.

પેરિસની નાસભાગ વેળા આડે દિવસે ધરતી પર પગ ન મૂકનારી ધનિક સ્ત્રીઓને બાબાગાડીઓમાં છોકરાં ઉપરાંત થોડી ઉપયોગી ચીજો નાખી ધકેલતી ભાગી આવેલી જોનારા કે પાકિસ્તાન તરીકે પોતાની માતૃભૂમિને મુસ્લિમરાજ બનાવી દેવાતાં ભાગી છૂટેલા નિર્વાસિતોને ત્યાં ત્યાંથી જે સંપત્તિ લેવાદેવામાં આવી તે 'હાથે' કહી શકાય તેટલી જ હતી. સંપત્તિનાં પ્રમાણ નક્કી કરતી એ કહેવતનું હાર્દ પણ એ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેવા કપરા સમયે તો એ પૈસાના જે વહીવટદારો હોય છે તેમના હસ્તક જ બધું નાણું આવી પડે છે. તેવાઓ જ જો પ્રમાણિક નીવડે છે તો જ એવાં સેંકડો કુટુંબોની બચત–દોલત જેનો તેવાઓ મંત્ર બદલાવડિયે વહીવટ જ કરી રહ્યા હોય છે અને સુયોગ્ય ફાળવણી દ્વારા તે રકમની જાળવણી તેમ જ વૃદ્ધિ કરી આપતા હોય છે તેવાઓ જ તે પૈસાના ધણીરણી થઈ બેસે છે. અગર તેવા થોડા વ્યે મુસ્કલીમાં મુકાઈ જાય તો તેમની પાસેનું રોકેલ નાણું પણ વેડફાઈ જાય છે. એ સિવાય ત્રીજો કોઈ વિકલ્પ જ નથી.

આજના જેવાં ટૂંકાં ને ઝડપી વ્યવહારનાં સાધનો તેમજ દેશમાં જો 'લોકશાહી'નું તંત્ર ન હોય તો એવી રીતે થતાં મૂડીનાં રોકાણો ફાળવણી કે નાણાંથી નાણું રળનારી વ્યાજખોરીનાં અવકાશ કે શકયતા જ નથી ને તેની વિરુદ્ધની સ્થિતિમાં તો ખાનગી મૂડી જ સહ્ય હોઈ શકતી નથી. અગર જો રાજ્ય તેમાં માથું મારતું થઈ જાય છે તો વૈયક્તિક માલિકી મંજૂર રહેતી નથી. પોષણ પૂરતું તેમને તેમના ધનમાંથી આપવાના પણ અખાડા થાય છે. રાજ્ય માટે તેમણે કંઈક 'શ્રમ' કરવો એવો આગ્રહ રાખવામાં આવે છે. જો દેશ જ યુદ્ધમાં સંડોવાઈ જાય તો યુદ્ધને ટકાવી રાખવા કે લડાઈ જીતવા પણ દેશનું નાણા પ્રકરણ યુદ્ધવ્યવસાયોમાં રોકાઈ પડે અને વિજયી યુદ્ધ અર્થે જ વપરાય ત્યારે પણ ખાનગી મૂડી કે રોકાણોને અવકાશ નથી. તે વેળા તો રાજ્ય કે સરમુખત્યાર હસ્તક જ નાણાંકીય વ્યવસ્થાનો કબજો ભોગવટો જઈ પડે છે.

પણ આ દેશમાં લોકશાહીનો સંસ્કાર જ નથી. એવું વિધાન કરી અવ્યવહારુતા ગાનારાઓ પ્રત્યે સંમત થઈ શકાય તેમ નથી. પૈસા વગર રાન રાન ને પાન પાન થઈ પડનારા અમારા પ્રતાપ સમા મેવાડ ભૂમિની મુગલોથી રક્ષા કરવા ફના થઈ જનારા યુદ્ધ-વીરે ભામાશાઓનાં ધન કબજે લીધાં નથી. ઓછામાં ઓછા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોંસપરોણો અને ફરવેરો એવા રાજઆદર્શે આ દેશની પ્રજા એવી ટેવાઈ ગઈ હતી કે રાજવંશો પલટી જતા એની ખેતર ખેડતા ખેડૂને માહેતી કે પંચાત રહેતી નહિ પણ એ જ મુગલોની વધતી જતી ધર્મઝનૂની રાજસત્તાનો ખાતમો માગતા શિવાજીને સૂરત લૂંટતાં આંચકો નથી આવતો. એટલે માથા ઉપરવટ જતાં એમને એ જ માર્ગ વ્યવહારુ દેખાયો. તે ય દુશ્મન પ્રદેશની પ્રજાનું શહેર લૂંટે છે. પોતાના પ્રદેશની પ્રજા પાસે નાણું ન જ હતું એવું નહોતું કાંઈ. હત્યારા દુશ્મન રાજને સાંખી લેતા ગૂજરાતી સુરતી શહેરની લૂંટ ચલાવનારા શિવાજી પછી '૪૨ના ભૂગર્ભી પ્રવૃત્તિકારોએ ચાલતી રેલગાડીની ટપાલમાંનાં નાણાં લૂંટવામાં પ્રજાદ્રોહ માન્યો નથી. અને 'એક ધક્કા ઔર દો. મૂડીવાદકો તોડ દો' એવાં સૂત્રો ઉચ્ચારનારા સમાજવાદીઓની ભાવિ રાજસત્તાની પ્રાપ્તિ માટેના ઉપાયોમાંની પૈસા મેળવવાની રીત પણ અનિવાર્ય હશે તો એવી જ હશે.

કાફિરો–મૂડીવાદી યહૂદી હિન્દુઓને વિધર્મી ગણી તેનાં જાન-માલ અને સ્ત્રીધન બધું લૂંટી દેતાં–આંચકી લેતાં ને મિટાવી દેતાં આંચકો ન ખાનારા પાકિસ્તાનીખોર મુસલમાનોનો બદલો લેતાં થોડા દાખલાઓમાં હિન્દુઓએ તેવું સામે વળતાં કર્યું તેમાં પણ ભ્રાતૃદ્રોહ જોયોગણ્યો નથી. મહાત્માજીના ખાતમા માટે હત્યાકારી-ઓને તેવાં સાધનો ને પૈસાટકા મળી રહ્યા છે.

એવા કોઈ એકને કોઠું મળી જાય તો દેશનું લોકશાહીને જોરે જામેલું કે ચાલતું નાણાતંત્ર પલટો ખાઈ જાય તે અશક્ય નથી જ. ને છતે નાણાતંત્રે જ્યારે વીમા મંડળીઓ કે બેંકો ન હતી ત્યારે તે જમાનામાં પણ અકસ્માતો થતા. આગો લાગતી. જુવાન અકાળ મરણો થતાં કુટુંબ નિરાધાર થઈ પડતાં. પૈસા જમા ન કરી શકતાં વરાખરા વેડતા. લોકો ઘરબાર વગરનાં બની જતાં, નિરાધાર બની જતાં ને ભરણપોષણ વગર લાચાર તથા બેહાલ થઈ જતાં એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ નવી વાત નથી. ભલે આજે દેશમાં રાજ અને સમાજતંત્રની સાથે લોકોનો અવાસ બદલાઇ ગયો લાગે છતાં તે જમાનાની માફક આજે પણ હજુ રાજ, સમર્થધાર્થી સમર્થમી પહોંચતા પામતા શ્રીમંતો કે સગાંવહાલાં કે મિત્રો મદદ કરી રહે છે. છતાં એવી મદદ ઐચ્છિક હોય છે. એને બદલે–લાચારી વગર એવી સહાય સાંપડી રહે તેવી વ્યવસ્થાની લોકોને ખેવના રહે તે સ્વાભાવિક છે.

સમાજવાદીઓ આવી કાંઇક ચાહના કરે છે. દેશનું કોઈ રવદેશ-જન નાગ્યું ભૂખ્યું ન રહે એવી તેમની કલ્યાણ કામના પ્રત્યે સમ-ભાવ જ હોઈ શકે. કોઇપણ સમજુ માણસ એવી શુભ લાગણી માથે જ ચડાવવાનો. માત્ર તેવી તેની પદ્ધતિ સામે જ મતભેદ હોઈ શકે. સમાજવાદ સામ્યવાદ મુખ્યત્વે એક નૂતન અર્થતંત્રનો ખ્યાલ માત્ર છે. એ કોઈ સંસ્કૃતિ નથી. સમગ્ર રાષ્ટ્ર કે પ્રજાની સાર્વ-ત્રિક કે સર્વાંગિણ જીવનમયતા નથી. હરગિજ નથી.

મહાત્મા ગાંધીજીના નિધન પછી 'આ દેશને આધ્યાત્મિક દોરવણી આપવા માટે શ્રી. અરવિંદ કે રમણ મહર્ષિએ હવે આગળ આવવું જોઈએ' એવી જરૂરત જોનાર આપણા–આજના મુખ્ય સમાજવાદી નેતા શ્રી. જયપ્રકાશ નારાયણના ઉદ્‌ગારો પણ એ જ સાબિત કરે છે કે સમાજવાદી વિચારસરણીમાં ઘણું ખૂટે છે. બાકી રહી જાય છે. એકલું નાણાતંત્ર એ કોઈ પ્રજાની સરણી બની શકતું નથી. કેમકે ધન તો શ્રમનો વિનિમય માત્ર છે ને શ્રમ ઉદરપોષણાર્થે હોઈ શકે છે. ને નકરું ઉદરપોષણ એ જ 'માનવજીવન' નથી.

પેટ ભરવાનાં સાધનો સર્વજનલભ્ય હોવાં ઘટે તેવી એ સમાજવાદી માનવસુખભાવુકોની વાત નવી નથી. પૂર્વે આ દેશમાં 'બેકારી' શબ્દ જ લોકોની સમજણમાં ન હતો. માણસને રોજી ન મળે એવી વાત નવાઈ લેખાતી. બેઠાડુ ને બેકાર જેવા દેશમાં પ્રશ્નો જ ન હતા. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના જીવન ઓવારાવાળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યોનું 'વર્ણાશ્રમ' તો 'સર્વ જનહિતાય' સર્વજન સુખાય'ના મંડાણ ઉપર નિર્ભર હતું ને હશે.

'વર્ણાશ્રમ' ઉપર જો અમારા વિદ્વાનો થોડો કે વિચાર કરે તો તેઓ દંગ થઈ જાય તેવી 'સર્વોપરી જીવનમયતા'નું ભાથું તેમને હાથ ચડશે. જૂનું ગણી ઉવેખવા જેવું એમાં કંઈ જ નથી. એ નિત્યનવીન ચિરકાળ ચાલે એવી માનવવ્યવસ્થાના મૂળભૂત ભાવોની ગૂંથણી છે. જે શાશ્વત માનવસ્વભાવ પર મદાર રાખી રહે છે. એમાં કેવળ બકરીના લોળિયાં જેવાં અધ્યાત્મ–આત્મા પરમાત્માની આજ જેવી ધર્મઘેલડાઈ નથી. એમાં તો ભૌતિક ખીલવણી વડે 'સુખ' પ્રત્યે વાળતો ઉદ્દાત જીવનભાવ પણ છે.

ને માનવસ્વભાવ ગીતાકારે વર્ણવ્યો છે તેવો ત્રિવિધ છે. એવાં ત્રિવિધ સ્વભાવ પ્રકૃતિવાળાં માનવોનાં સુખ–સૌભાગ્ય માટેની દેશવ્યવસ્થા જેવાં 'વર્ણાશ્રમ'માં વ્યવહાર, વાસ્તવિકતા ને આદર્શનો સુંદર સમન્વય છે. એવી એ ભાવનામાં લોકશાહીપ્રજાશાસનની પણ જોગવાઈ છે. ખરું તો પ્રજાશાસનનાં મંડાણ ઉપર જ એની રચના છે. એમાં રાજા, વડોપ્રધાન કે મંત્રીઓ બેલગામ બની જ ન શકે તેવી મર્યાદાઓ છે, બંધનો છે. ગોઠવણ છે.

વિદેશી લોકશાહીની રસમનું જે કંઈ સારું છે તે 'વર્ણાશ્રમ'માં મળી આવશે. જે દુઃખકારી છે તે એમાં નથી. લગીરે નથી.

રાષ્ટ્રવાદના સંકુચિત ખ્યાલોમાં પરદેશીઓની સારી વાત પ્રત્યે ટીચકું ચડાવવા કે તુમાખી રાખવા જેવી તુચ્છ મનોદશાથી લેખક પોતાને ખરેખર મુક્ત માને છે. છતાં વિદેશી પ્રજા શાસકોની એક વિશિષ્ટતા છે કે તેમને અગર એમ 'લાગે' છે કે અમુક વાત, રસમ, કે ચીજથી દેશ કે દેશજનને નુકસાન થાય છે તો તેને તેઓ સત્વર ત્યાગી દે છે. એટલે એનો અર્થ એ થયો કે તેઓ વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. તેમની ગ્રાહક બુદ્ધિ હજી 'વહેતાં પાણી' જેવી છે. જ્યારે આપણે એવા પૂર્વાનુષંગી કે સાંપ્રદાયિક વિચાર વગર તેમણે રદ કરેલી–પડતી મૂકેલી ઘણી મૂર્ખાઈઓ માથે ચડાવી બેઠા છીએ કે તેમને વહેલી મોડી છોડવી પડે તેવી ઘાતક રીતિઓને અપનાવતાં પહેલાં આપણે થોડો 'વિવેક'–સારાસારનો વિચાર–કરીએ તો ય આપણને ઉપયોગનું કે નિરુપયોગી સૂઝી આવે.

છેલ્લામાં છેલ્લું આ દેશમાં અક્બરનું સામ્રાજ્ય હતું. તે પહેલાંનાં સમુદ્રગુપ્ત, અશોક કે ચંદ્રગુપ્ત કે યુધિષ્ઠિરનાં સામ્રાજ્યો, વગર અર્થતંત્રે નહોતાં ચાલ્યાં કે તેનાથી પણ પ્રાચીન આપણા ભારતીય અર્થતંત્રો વિષે જો થોડીકે ખોજભરી વિચારણા ચલાવાશે તો પરદેશોમાં પેદા થયેલા તે પ્રજાને નડતા પ્રશ્નો ઉકેલવા જતાં ઊપજેલાં તેમના નિતનવા વાદોની એકય ખાવાની ભારતને જરૂર નહિ રહે.[૧]

---

૧. લોકપ્રતિનિધિ સભા પાસે પસાર થવા માટે રજૂ થયેલા બંધારણ ખરડા સમિતિએ તૈયાર કરેલા રાજનિયમન ધારા સંબંધે તા. ૯મી નવેમ્બર '૪૮ની સામાન્ય ચર્ચા વેળા શ્રી પ્રો. એન. જી. રંગાના ઉદ્ગારો અત્રે સૂચક થઈ પડશે:

ગ્રામપંચાયતો સંબંધમાં ડો. આંબેડકરે (બંધારણના મુસદ્દા સમિતિના વડા) જે વિધાનો કર્યાં છે તે અત્યંત કમનસીબ છે. બીજા દેશોનો અભ્યાસ કરવામાં ડો. આંબેડકર જેટલી કાળજી રાખે છે તેના કરતાં અરધી કાળજી પણ જો તેમણે હિન્દના ઈતિહાસનો અભ્યાસ કર્યો હોત તો તેણે એવાં વિધાનો ન કર્યાં હોત.

ગામડાંનાં જૂથોને બંધારણમાં સ્થાન મળવું જોઇએ જેથી ગ્રામવાસીઓ પણ લોકશાહીમાંથી ઉદ્ભવ પામતી જવાબદારીઓ સમજતા થાય અને અદા કરતા થાય. વધુ પડતું કેન્દ્રીકરણ કરવાનું પરિણામ સોવિયેટકરણ અને સરમુખત્યારીમાં જ આવશે.

શ્રી સત્યનારાયણે જણાવ્યું હતું કે: 'બંધારણના ખરડામાં રાષ્ટ્રીયત્વ કરતાં આંતરરાષ્ટ્રીયત્વ ઘણું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે દેશકાળ પ્રમાણે તેને મહારી લેવા પડે પણ પાછળ જોવું જ નહિ, ભૂતકાળને લેખવો જ નહિ એ વલણ મૂર્ખાઈભર્યું લાગે છે. આત્મઘાતી પળોજણ દેખાય છે.

મહાત્મા ગાંધીની ૭૬ વર્ષની સરદારની ૭૪ વર્ષોની કે પંડિત જવાહરલાલની ૬૦ વર્ષની જિંદગીનું સરવૈયું કે ચરિત્રગૂંથણ કરનારા તેની ત્રણ પેઢીનો હિસાબ મૂકે છે. ત્યારે એક દેશે પોતાના ભાવિ વિચારતાં પહેલાં એનાં આગલાં કર્યાનો ખ્યાલ ન રાખવો એમાં અક્કલનું દેવાળું જ છે. કાઠિયાવાડના એક પોલીસ અફસરને ગુના સંબંધે ગુનેગારનાં ત્રણ ત્રણ પખા જોતા ને તેની ઝીણામાં ઝીણી ખાસિયતનો વિચાર કરતાં મેં સાંભળ્યા છે. અશોકના ધર્મ-ચક્રને ભારત સરકાર રાષ્ટ્રધ્વજમાં રેંટિયાની જગ્યાએ મૂકે છે. એ એ જ ભાવ છે જે ભૂતકાળનું જે કંઈ ગૌરવ લેવા જેવું હોય તે ધારવું, માનવું, સ્વીકારવું. સમાજવાદથી બીતા કે બીવરાવતા બેઉ પ્રવાહો કે માનસના શમન માટે એ જ માત્ર એક ઉપાય છે.

'દેશમાં ક્રોર્ઇ બેકાર ન રહે, બેઠાડુ ન રહે' તેવી વ્યવસ્થા આપણા સમાજવાદીઓ માગે છે ને! એ જ તો સમાજવાદ ને! એ એવું તેઓ નથી માગતા જે ન માગી શકાય કે ન આપી શકાય. બીજાની મહેનત–મજૂરી ઉપર તાનામાના કરનારાને હિન્દુધર્મે ય દ્રોહી કહે છે. સહુએ પોતાના સમજણ આવડતાના–ગજા સંપત કંઈ ને કંઈ 'કરવું' જોઇએ જ. એટલે સમાજવાદમાં હજી 'માણ-સાઇ' ની પ્રાથમિકતાની માગણી છે. જે યથાર્થ છે. લોકોનાં દુઃખ-દર્દોનાં કારણ ઉકેલવા જતાં તેમને સમાજવ્યવસ્થાની ખામી અને ખચકા દેખાયા છે. ને એ નિવારવાનું પણ તેટલું જ સાવ સહેલું છે એમ એમને લાગ્યું છે. એ પ્રકારે 'લોકજીવન'ને મૂલવનારી તેમની લાગણી અને બુદ્ધિ 'આચાર'માં ઉતારવાની તેમની લગની તેમની સચ્ચાઇનાં લક્ષણ તરીકે લેખવા જેવી છે, વધાવી લેવા જેવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડી એક ઠેકાણે રસોળીનાં દૂષિત લોહી જેમ એકઠી થાય એ દોષનું સમાજવાદીઓનું નાડીનિદાને સાચું છે પણ એ માટે તેઓ ઉદ્યોગોનું સ્વામિત્વ તથા રાષ્ટ્રીયકરણ માગે છે. એનો અર્થ એ થયો કે 'સરકાર' હસ્તક ઉદ્યોગોનું સંચાલન રહે. સરકાર હસ્તક ઘણું ઘણું રહે છે છેલ્લે તો અનાજ, કાપડ, ગ્યાસતેલ કે દીવાસળી સુધીની નાનીમોટી જરૂરિયાતોની ચીજવસ્તુઓ પર પણ એ કાબૂ હતો ને હજી સુધી પણ કેટલોક છે. સરકાર પ્રજામાંથી બને છે. એટલે સમગ્ર પ્રજાતંત્ર પરનો જ કાબૂ રહે એ સહજ છે.

દેશમાં અંકુશ (કન્ટ્રોલ) મૂકવામાં આવ્યા ત્યારે આપણું નિરંકુશ વાણિજ્ય રાજ્યાધિકારની લગામમાં આવ્યાનો એક પ્રકારનો લેખકને હર્ષ થયો હતો. એવી સીધાં (રેશન)ની વ્યવસ્થા માટે. માથાદીઠ બે શેર ખાંડ મળે એ ભલે એક અવ્યવહારુ અને અસંગત વ્યવસ્થા હતી. જેણે કાળાં બજાર સર્જ્યાં, છતાં તેવી સાર્વત્રિક એકાકારી ગોઠવણમાં હડધૂત, પછાત કે ગરીબમાં ગરીબ દેશજનની હાજતનો 'સ્વીકાર' થયો હતો. પછાત વર્ગના પંદર માણસના એક કુટુંબમાં મહિને પોણો મણ સાકર આવતી હતી, તેવા કુટુંબમાં ચા થતી ન હોય કે વરસ આખા દરમિયાન તહેવાર કે પરવના દિવસે ગળ્યું રંધાય તેવાં વાધરી કોળી કે રબારી ભરવાડ હરિજનો તેમની બચત ખાંડનો કાળા બજારી ભાવ ઉપજાવી લેતાં. હવે જે કુટુંબ પાંચ સભ્ય સંખ્યાનું ઉજળિયાત વરણનું હોય જેને ત્યાં દિવસમાં બે ટંક અચૂક ચા બનતી હોય તેને દશશેર ખાંડ પૂરું અઠવાડિયું પણ ન ચાલતી. તેને પણ જણપટ બશેર ને પેલાંઓને પણ જણદીઠ બશેર એવી એક લાકડીએ હાંકતી–ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાવાળી એ ખાતાંઓની રસમ અલબત્ત વહેવારુ ન હતી. ન આદર્શ સ્થાપક, છતાં એમાં હર દેશજનની હકસાર્થની સ્વીકૃતિ હતી. ભાવિ વર્ગભેદ ઊભો કરતી એવી ક્રાંતિકારી ખાંટણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय
गुरुकुल काँगड़ी.

પછી તેવાં પછાત કોમ કે વર્ગનાં લોકો અગર જો ચાહે કે પરવડતું હોય તો ઉજળિયાત વરણવાળાં માફક રહી શકે, ખાઇ પી, ઓઢી પહેરી, હરી ફરી શકે તેવા વર્ગભેદ વગરના એકાકારી સમાજભાવની તેમને માટેની જોગવાઈ હતી.

ને સહુથી મોટું તો વેપારીઓ ઉપર એક પ્રકારની દેખરેખ જેવું હતું. જો કે તેમણે તો એવું એવું ઘણું ભરી ફોડયું છે. છતાં તે ત્યારે હતું તેવું હજી પણ જરૂરનું છે. પૂર્વે આ દેશમાં એવા પ્રકારનાં રાજકીય નિયંત્રણો હતાં. ચાણાક્યનાં અર્થશાસ્ત્રમાં ને મહાભારતમાં ને મનુસ્મૃતિમાં એવા ઉલ્લેખો છે. ધાન્યવસ્ત્રાદિ જીવન ઉપયોગની ચીજવસ્તુઓના ભાવતાલ જ નહિ પણ ઉત્પન્ન કે આયાતનિકાસ પણ રાજસત્તા ઠરાવે તે મુજબ ચાલતું.

વેપારી અંગ્રેજસત્તાને એ પરવડતું ન હતું. એટલે એમના શાસનતંત્રમાં એ બારાં ખુલ્લાં રહ્યાં કર્યાં અને સ્વદેશી વેપારીઓએ દેશના હુન્નર-ઉદ્યોગથી માંડી એવી ઘણી વાતે દેશનું હિત લોપી કેવળ પોતીકું ઘર ભરવા દેશના બાળકોનાં મોઢામાંથી ઝૂંટવી વેપલો કીધા કર્યો છે. દૂઝાણુંવાળાંને ત્યાંનાં બાળકો આજે દૂધ પામતાં નથી. બધું દૂધ પાણી ભેળાઈ વેચવામાં જાય છે તેવી દેશની વ્યાપારિક સ્થિતિ અંગ્રેજી અમલમાંની હજી પણ છે.

મૂડીવાદ પ્રત્યેની ચીડ બહેકાવી આજે સમાજવાદીઓ પોતાની વાતોનો અચ્છો પ્રચાર કરી જાય છે. તેનાં કારણો પાછળ વેપારી વર્ગ પ્રત્યેનો પ્રજાનો અસંતોષ જ કારણભૂત છે. જર્મન પ્રજામાં હિટલરે યહૂદીઓ પ્રત્યે જે રોષ, ઈર્ષ્યા ને જેહાદ ભભૂકાવ્યાં હતાં બરાબર તેવાં જ કોપ અને ધિક્કાર સહેજે ઊભાં કરી શકાય તેવો હિન્દી પ્રજામાં વેપારીઓ પ્રત્યેનો રોષ ભાર્યો પડયો છે. એમાં ય જૈનો માટે વિશેષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્યવાદ [૧] આ દેશમાં અગર અમલમાં આવશે તો તે તેની ગુણમત્તાને લીધે નહિ હોય. પણ ટૂંકબુદ્ધિ નર્યા આપમતલબી વેપારી વર્ગ પ્રત્યેની લોકોની અસૂયા ને કોપને લીધે હશે.

સમાજવાદ એ નવી નાણાંકીય તંત્રરચનાના ખ્યાલો માત્ર છે. નાણું જેના હાથમાં છે એ મોટે ભાગે વેપારી વર્ગ કે ચંદ મૂડીદારો છે. જો એ અળખામણું વિદેશી ઝેર અટકાવવાનું કોઈના પણ હાથમાં હોય તો તે વેપારીઓના હાથમાં છે. વેપાર ઉદ્યોગો પર રાજનું વર્ચસ્વ માગતા સમાજવાદીઓ ખરું તો આ દેશના વ્યાપારનું શુદ્ધિકરણ જ માગે છે. એ તેમનો એક અર્થમાં તો ન્યાયપ્રેમ છે.

જેમ જમીનદારી અને રાજાશાહીના ફરજ–જડ બની હકસાઈ ભોગવતાં પક્ષાઘાતી અંગોની જગ્યાએ સ્ફૂર્ત જાગ્રત અંગો આવવાં જોઈશે એવું આ વેપારવણજમાં પણ બનશે. જો કે તેથી જ કે તેટલાથી જ સમાજવાદીઓ ધારે છે તેવું સ્વર્ગ ઊતરી આવવાનું નથી જ.

એ સંબંધે ઉદ્યોગપતિઓ અને સરકારી અમલદારો કે જેમના હસ્તક એ ખાતાં હશે. તે વચ્ચે ફરક નહિ રહે. આપણે ત્યાં એક કહેવત છે કે 'જેના હાથમાં એના મોઢામાં.' આજે પોતાની માલિકી-

---

૧ લોકપ્રતિનિધિ સભાની બંધારણ અરડા પરની તા. ૬ઠ્ઠી નવે. ૪૮ ની સામાન્ય ચર્ચા વેળા બોલતાં શ્રી. અનંત શયનમ આયંગરે રાજકીય લોકશાહી સાથોસાથ આર્થિક લોકશાહીની અગત્ય પર ભાર મૂકતાં બરાબર કહ્યું છે કે:–'આ સંબંધમાં તેમણે રશિયાના સમાજવાદી સિદ્ધાંતો અનુસરવા જોઈએ અને ભવિષ્યમાં વ્યક્તિગત ખાનગી એજન્સીઓના હાથમાં ઉત્પાદનનાં સાધનો સરી પડતાં અટકાવવાં જોઈએ. આપણે જોયું છે કે ખાનગી એજન્સીઓ શું કરે છે? હવે તો સામ્યવાદ આપણા પ્રવેશદ્વાર સમીપ આવી ગયો છે. અને જો આર્થિક લોકશાહી નિર્માણ કરવાનો સંકલ્પ આપણે નહિ કરીએ તો સામ્યવાદનાં ઘોડાપુરને આપણા દેશમાં ધસી આવતાં અટકાવી શકીશું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને અંગે ઉદ્યોગો પરનાં ધરનાં ચલણને લીધે એ મૂડીદારો માણે છે. તે કાલે ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ થતાં સરકારી અધિકારીઓ માણશે. એની લોકોને તો પરાપૂર્વની–હમેશની ખાતરી છે. એના અધિકારીઓ પર નિરીક્ષકો હશે. કે તે નિરીક્ષકો ઉપર પરીક્ષકો કે પ્રધાનોની સંભાળ રહેશે કે તે ધંધામાં હિત ધરાવતા માણસો ડોળા રાખતા રહેશે. તેને લગતી રાવદાદો વાંધાવચકાઓ ધારાસભ્યો સુધી પહોંચાડશે તે વાત ધારાસભામાં ચર્ચાશે, તેની તપાસ સમિતિ બેસશે, તે ફેંસલો આપશે એવી વિદેશી દ્રવિડી પ્રાણાયામ જેવી લોકશાહી ઢબે ગાડું ગબડશે.

તેમ જ્યારે દેશમાં કોઈ મોટી અરાજકતા ફેલે, વિદેશી આક્રમણ કે યુદ્ધમાં પીછેહઠ થાય, સરકારી તંત્ર ઊખડી પડે, પ્રધાનમંડળ નાસભાગ કરતું થઈ જાય, દેશ પરનો સરકારનો કાબૂ ઢીલો થઈ જાય, લશ્કરી તંત્ર હાર, બળવો કે ફાટફૂટને લીધે ભાંગી પડે ત્યારે એવા અધિકારીઓ પોતાના હસ્તકનાં ઉદ્યોગોનાં નાનાંમોટાં કલકારખાનાંઓના માલિકો થઈ બેસે. એ નિર્વિવાદ શક્યતા ઇતિહાસ મૂકવી સંભાવના છે. નવાબો અને નિઝામો, ગાયકવાડો અને સિંધિયા હોલ્કરો, જેમ સિપેહસાલારોમાંથી રાજા બની બેઠેલા તેના આપણા દેશમાંના એવા કાળની પેદાશના નમૂનાઓ છે.

લોકોનાં નાણાં થાપણ રાખનાર પેઢીઓ માલેતુજાર શ્રીમંતોના રૂપમાં ફેરવાઈ ગયેલી આપણા દેશે જોઈ છે. નાતનો વહીવટ ફંડ ફાળાનો વહીવટ, ધર્માદા સંસ્થાઓના પૈસાનું સંચાલન સગીરોનાં વાલીપદ એ બધામાંથી ઘર ભરનારા આપણે ત્યાં અત્યારે ખાનદાનમાં ખપતા આપણે જોઈએ છીએ.

એટલે આજે થવા માગતા આવા સુધારાઓમાં લેખકને ઝાઝો ઉત્સાહ કે રસ પડતાં નથી. નાણાં કે ધંધાઉદ્યોગોની સલામતી કે તેનાં દેશહિતૈષી સંચાલન માટે એ જ માત્ર એક બંધ બેસતો માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એવું નથી. અર્થશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોથી સરખાવતાં દેશના નાણાં સંબંધે થઈ રહેલા આવા વહીવટોનું ભાવિ જરીકે ઊજળું લાગતું નથી.

લોકોમાં નિષ્ઠા–જીવન–નિષ્ઠા–પ્રમાણિકતા ભૂંસતાં રોળતાં તત્ત્વોને બહેકતાં જોઈ ઊલટી ચિંતા થાય છે. જીવનનો અસંતોષ અમર્યાદપણે ફાલતો જોઈ તેને અંકુશમાં કે સન્માર્ગે વાળનારાં અધ્યાત્મના અભાવનાં ચિહ્નો અને તે પ્રત્યેની રાજઅધિકારીઓની ઉન્મુખી મનોદશા જોઈ થતી વિરસતા લેખકથી ઢાંકી જાતી નથી.

આવડા મોટા ઉપખંડ જેવડા દેશસમસ્તનું નાણુંપ્રકરણ એકહથ્થુ એકધારું અને સહુને બંધનકર્તા હોય, થાય તે આજે તો વ્યવહારનાં ઝડપી–દૂરને નીકટ બનાવતાં સાધનોને લીધે ઠીક છે. કે તેનો તાલ જળવાઈ રહે પણ પરચક્રસંઘર્ષટાણે, અરાજકતા વેળા કે જ્યારે તેવું બધું વેરવિખેર થઈ જાય છે, ડામાડોળ બની જાય છે કે કોલસા–તેલ મળતાં અટકી કે ખૂટી જાય ત્યારે શું ? ત્યાર વેળા લોકજીવનને મોટી અવદશામાં ધકેલી મૂકવા જેવું એસવાની ડાળ કાપવા જેવું એ થઈ પડે છે.

ત્યારે લોકોનાં નાણાંની સલામતી જળવાતી નથી. એવી દેશની અરાજકતામાં મિલકત વેડફાઈ જાય છે. જેમ અત્યારે ભાગેડુ (નિર્વાસિત) હિન્દુઓના દાખલામાં બન્યું છે. ત્યારે જેના હાથમાં એના મોંમાં. (પાકિસ્તાન સરકારે કેટલા ને કયા લૂંટારુ કે ધાડુપાડુ પાસેથી નાણાં ઓકાવી પાછાં અપાવ્યાં કે પોતે બજનામાં જમા રાખ્યાં !) એવી સ્થિતિ પ્રવર્તી રહે છે. તેવે વખતે જો આવા તેવા ઉદ્યોગો આદિ બધું સરકાર હસ્તક હોય અને લોકશાહી સરકારનું જ ઠેકાણું ન રહે તો લોકોની અવદશાની કલ્પના ન થઈ શકે તેવી વિષમ સ્થિતિ ઊપજી બેસે. એટલે ગરજ ગાંઠેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોક્તિ એ આ દેશના જન સર્વસ્વનો અર્થસંસ્કાર છે આજે ભલે લોકો પોતાનું નાણું 'રોકે' કરે છે. પણ જ્યારે એવો ભય ડોકાય છે ત્યારે જોઇએ છીએ તેમ આપત્તિ ઊભી થઈ જાય છે. બેંક પરના દરેડાઓમાં-તેની નાદારીના માત્ર વિકલ્પે લોકોને ઊંચે જીવે ઊભટી પડતાં જોઈએ છીએ.

વિદેશની કોઈ વીમા મંડળીમાં એક સૌરાષ્ટ્રીએ વીમો ઊતરાવ્યો હોય. એ કંપનીની શાખા ધારીએ કે દિલ્હી યા મુંબઈ ખાતે હોય, દિલ્હી યા કલકતા જેવાં શહેરોને આખાં ને આખાં ઉડાડી મૂકવાની યોજનાઓની અફવાઓ તો સાંભળી છે. તેવાં કે મિલોનાં કેન્દ્રો મુંબઈ અમદાવાદ કાનપુર જેવાં શહેરો પર પાકિસ્તાની-ડોળો હોવાનું તો સાંભળીએ છીએ. દુશ્મનોનો તો એ સ્વભાવ હોય છે કે જાતે ખાઈ ન શકે તેવું ઢોળી ફોડી તોડી નાખીને પણ સામાને ખાવા ન દે. તેવાં વિદેશી શહેરો ખાખ થઇ ગયાની બોંબ-મારાની રામકહાણીઓ તો હજુ ગઈકાલની તાજી અનુભવ કથા છે. એવું કાંઇ બને એ ધારવા ખાતર ધારીએ તો એ માણસના પાકી ગયેલા વીમાની રકમ કયાંથી મળે? આફ્રિકા જેવા પ્રદેશમાં વસેલા હિન્દીઓની હાલત પણ સુધારી શકાતી નથી. ત્યાં જો એવા દેશો સાથે બિયાબાડું થાય તો પણ એવી રકમો હજમ થઈ જતી જોઈ રહેવાનું. એવી કંપનીઓની જ જ્યાં હસ્તી નેસ્તનાબૂદ થઈ ગઈ હોય, ઓચરિયા બની જળી ગયાં હોય ત્યાં પેલા સૌરાષ્ટ્રીના વીમાનાં નાણાં કોણ ચૂકવે? એવા કેટલાક દાવાઓ સરકાર પોતે ભરપાઈ કરે! એમાં તેવી મંડળીઓની અનામત તો કયાંય ઊડી જાય-આટાલૂણમાં ચાલી જાય. એમાં રાષ્ટ્રીય દેણું વધારી મૂકવાનું જ બને. વિદેશ કચેરી એવા છૂટાછવાયા દાવાઓ પાર પાડવા તેવા દેશોનાં એલચી ખાતાંઓ મારફત લખાપટી કરાવે એ બધું તો તેવા દેશો સાથે સારાસારી હોય ત્યાં સુધીનું ને! અને સારાસારીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા મૂઈ, દેશો દેશો વચ્ચેના સંબંધોની નહિ પણ વ્યવહારની જ ગોઠવણ કે સાધનો અણુ જેવાં શસ્ત્રે ભૂંસી માર્યાં હોય તો ?

એવું આજકાલ મોટાં શહેરોમાં બેંકો સાથે રખાતી સેઈફ ડિપોઝિટ વૉલ્ટઝની વ્યવસ્થાનું. એમાં પોતાની મરણ મૂડી જેવાં ઘરેણાંગાંઠાં કિંમતી ઑચરિયાં ઝરઝવેરાત રાખનારાઓનું. એવી અકબંધ તિજોરીઓનાં ખાનાં તેના પરની જાગતી ખડી ચોકીની શસ્ત્ર સજ્જતા પરના વિશ્વાસે અત્યારે ભલે નિરાંતે સુખેથી સૂઈ શકાય તેવું છે. પણ અમેરિકા જેવાં સમૃદ્ધ લોકશાહી રાષ્ટ્રના નામચીન ચોરોએ એવી પણ પાકી વ્યવસ્થાઓ ભરી ફોડી છે. અરે એવી ચોરી ચપાટી બાજુએ રાખી માત્ર એવાં શહેરો પરનો બૉમ્બમારોના જ વિકલ્પ કરીએ. અણુ જેવા ભયંકર શસ્ત્રો જનસ્થાનો પર વહેતાં મૂકનારા રાક્ષસી રાષ્ટ્રયુદ્ધબોરો એવા એકાદ શહેરને યુદ્ધહદ્દે કે કેન્દ્ર ગણી નામશેષ કરી નાખે ત્યારે એવી થાપણોની સલામત ખરી ? એના વહીવટીઓ, ચોકીદારો, કૂંચી-તાળાના હવાલેદારો મરી ટળી જાય કે એ બધું ઉપાડી કાંઈક સલામત જગ્યાએ ભાગી જાય ને પછી ગોત્યા ય હાથ ન ચડે તેવી દશામાં મુકાય કે વર્તે તો પેલા થાપણદારોના હાલ શું ? શું થાય ! કોને જાય ! કોણ માગે ! કોણ આપે ! ત્યારવેળા હાથમાં તેના મોમાં કે (હાથે તે સાથે) એ કહેવતોનું હાર્દ બરાબર સમજાય તેવું છે.

આવી વિકલ્પ પર થતી અનુમાન ભીતિઓ ભલે આ દેશમાં આવતા એકાદ સૈકા સુધી ન ઘટે. પણ તેથી એ પ્રકારના ભયનું નામોનિશાન " યાવચ્ચંદ્રદિવાકરૌ " ન જ થાય એવું તો નથી.

સંપત્તિ માટે માનવજાતે જે કંઈ કર્યું છે તેનો આ દેશને પૂરતો અનુભવ છે. એ પછી જ લાંબા અનુભવને લીધે આ દેશમાં આવી નાણાકીય સલામતીઓને વ્યવહારુ માની નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક માણસોની જીવાદોરી–મોટા ભાગનાં લોકોનું હિત કોઇ થોડા માણસો હસ્તક મૂકવા જેવી એ વ્યવસ્થાઓ રાજતંત્ર કે પ્રજાનિષ્ઠ રાજવીઓ થતાં અનુપયોગી લાગી. લોકોએ હાથવગાં સુખસાધનોથી સંતોષ માની સાદગી અને શ્રમવાળું જીવન વિતાવવા માંડ્યું. ઓછા-માં ઓછાં ધર્ષણો કે પ્રક્ષોભનોવાળું હિન્દી જીવન એ સંસ્કાર-સોહામણું બની ગયેલું. એમાં સાહિત્ય સંગીત કળાને સ્થાન હતું. છતાં સર્વજન ગમ્ય સર્વજન લભ્ય એવું એ હતું. એના નાનામોટા રાજાઓ શું, શું ધનપતિઓ એ વાલીભાવથી વાકેફ હતા. તદનુસાર વર્તતા હતા.

નાનાં નાનાં ઘટકો–એકમો–પોતપોતાની ભૌગોલિક કે સાંસ્કૃતિક કે ભાષાભૂષા ધર્મ કે જાતિ વિષયક એકતા અસ્મિતા પૂરતાં પોતાનું વ્યક્તિત્વ સાંચવી રહેતાં. પોતાનું જ સ્વતંત્ર સ્વાયત્તપણું ધરાવી રહેતાં. હજી ગઇકાલ સુધી કચ્છ જેવડાં ખોબા જેવાં રાજને પણ પોતાનું સ્વાયત્ત ચલણ હતું. ભાવિ નાણાંશાસ્ત્રીઓ કદાચ નજદીકનાં ભવિષ્યમાં એવા અર્થતંત્રના વિધાનની હિમાયત કરે તો એ નવાઇ નહિ લેખાય. કેમકે એ લોકજીવનના કાયમી નિભાવ માટે સલામત ને વ્યવહારુ માર્ગ છે. પરાયા દેશોની શોષક સ્પર્ધા ઊભી ન થવા દેવાય તો તેવાં તંત્રો જ ઉપયોગી છે.

પાકિસ્તાન આપીને અર્ધા સૈકા જૂની કોંગ્રેસની સ્વાતંત્ર્ય પ્રવૃત્તિને જીવતી રાખી રહેવા આપણી નેતાગીરીએ પાકિસ્તાન જેવું એક નરદમ ધર્મજનૂની ઇસ્લામીતંત્ર પોતાની છાતી ઉપર ઊભું કરવાની અંગ્રેજ પેરવીને માથે ચડાવી લીધી તે સારું થયું કે ખરાબ એ ઉપર હવે ચીંથરાં ફાડવાનો કશો અર્થ નથી (ગત વાતનો શોચ કરવા જેવું એ હોઇ) એટલે જે સંજોગોમાં એમણે બાકીના હિન્દુ-સ્થાનને હિન્દ બનાવીને જેવું તંત્ર અખત્યાર કરવા માંડ્યું છે તે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના હિંદને ભાંગી ભૂક્કો કરી નાખવાની વૃત્તિવાળાઓની ચાલો સાથે પોતે આ વિભાજિત દેશને કેવી રીતે રક્ષવાના છે તે જોખમી જવાબદારી વહોરીને બેઠેલી કોંગ્રેસી નેતાગીરીની કસોટી હવે આવી રહી છે.

મહાગૂજરાતના સંભાવ્ય પ્રાંત માટેની પ્રવૃત્તિઓ તેવા જ બીજા હિન્દના ભાષાવાર પ્રાંતિકરણને લીધે વિચારાઈ આકારાઈ રહી છે. એમાં મુંબઈ શહેરને માટે મહારાષ્ટ્ર અને મહાગૂજરાત વચ્ચે ગજગ્રાહ થાય તેવાં ચિન્હો અત્યારથી જ લક્ષાય છે. ભેંસ હજી ભાગોળે છે ત્યાં છાશની ધમાધમ જેવી આ ઉફાંદ મુંબઈનું સ્વતંત્ર નગર કે પ્રાંત તરીકેનું વ્યક્તિતત્વ સ્વીકારીને માર્ગ કઢાય તેવું વિધાન થઈ રહ્યું છે. પણ એવું તો ડાન્ઝીગે હતું. હેરહિટલરને જ્યારે પોલીશ કોરીડોરનો કબ્જોભોગવટો જોઈતો હતો તે વેળા એ શહેર જ ખટપટ ને પૂર્વતૈયારીનું ધામ થઈ પડ્યું હતું. અરે એ તો પાછળથી, પણ ડાન્ઝીગના સ્વતંત્ર શહેરનાં નાણાં હિટલરના ત્યાંના ગીસ્ટેટર સુફ્રનીગે ખાનગીમાં, ડૂકતાં નાઝીતંત્રને વાપરવા આપ્યાં હતાં. એવી તાણાતાણ મરાઠાઓ અને ગૂજરાતીઓ વચ્ચે જન્મે અને પછી એમાંથી એક પક્ષ જેને પોતાને અન્યાય થયાનું કે નુકસાન જતું લાગે તે એ શહેરની જ હસ્તી મિટાવવા કરે તો ત્યાં માલમિલકતોનો પથારો કરી બેઠેલા ધંધાર્થી દાળભાતિયા ગૂજરાતીઓ અને પોતાના ધંધાધાપા આડે ગદરતા સૌરાષ્ટ્રીઓ સલામત રહી શકે ખરા !

હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે જેવાં હિચકારાં વેરઝેર ફાટી નીકળ્યાં એ જ વેરઝેર માણસજાતમાં ભર્યાં હોય છે. એ માઝા મૂકી બેસે એવું તામસ તત્ત્વ લોકોમાં જોર કરી જાય છે જો એનામાં અધ્યાત્મનું સત્ત્વ ઓછું થઈ જાય છે. ધર્મ ધર્મ કૂટી આ દેશના પૂર્વેના રાષ્ટ્રવિધાયકો સમા ઋષિમુનિઓએ જે આચારવાદ પર જોર દીધા કર્યું છે તે એ કારણે છે. રાષ્ટ્રધર્મના આજના નવા ધર્મભાવના બળથી અગર જો હિન્દ બીજી બહારની ઉપાધિઓ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદરના ધર્ષણો રોકી દઈ શકે તો ઘણી વાતોને અવકાશ છે. છતાં પ્રાંતિકતાની ઉપરવટ રાષ્ટ્રભાવને સ્થાપવામાં જ જો અત્યારની સરકાર સફળ નીવડે તો ય ગનીમત. જે અત્યારના દેશ નાયકો તેમ કરી શકશે કે કેમ તે માટે પૂર્ણ શ્રદ્ધા જન્મતી નથી.

ભૌતિક પાર્થિવ વિકાસ વિલાસને માર્ગે ધપતું દેશનાં નાવનું સુકાન ફેરવવાનું તેમનામાં બળ હશે પણ વિશ્વસંઘના કાફલામાંથી છૂટાં પડી કે, આગળ થઈ વિશ્વસંઘને કે દેશને સાચે માર્ગે ધપવાની કે દોરવાની દિશાની સૂઝ પારકે ચશ્મે નથી આવતી. પ્રાણ આત્મ-વિશ્વાસ અને પ્રભુ શ્રદ્ધાનું પણ તેમજ.

મધ્યસ્થ હકૂમત પ્રાંતોને બહુ થોડા સમયમાં બોજારૂપ લાગશે. વિદેશનીતિ પ્રત્યેનો વાંધો એમાં સહુથી મોખરે હશે. એમ એમ મધ્યસ્થ દોર નામનો થતો જશે ને પ્રાંતો માથું કાઢી જશે ને પ્રાંતો પ્રાંતો વચ્ચેનો વિસંવાદ માઝા મૂકતા રહેશે તેને સમાજવાદીઓ પણ ન ખાળી શકે.

આ બધું તો વિકલ્પે છે. દસકાઓ માગે તેટલું દુર છે. અત્યારે તો સ્વાતંત્ર્ય છે સ્વરાજ્ય છે. દેશમાં કોઈ નાગ્યું ભૂખ્યું ન સૂવે ને રહે એ અને તે ઉપરાંત પડોશી કે દૂરના કોઇ દેશને આ ભારત ભૂમિ આકડે મધ જેવી લલચામણી ને રખડાઉ ઢોર કે બોડી બામણીના ખેતર જેવી રેઢી ન લાગે તેટલી સ્થિતિ, તેવડ ને વેંતમાં રહેવાય એટલે ઘી ઘી છે.

ખાળવામાં આવતાં ત્રીજું વિશ્વયુદ્ધમાં તટસ્થ કે નિષ્પક્ષ રહીને હિન્દ પોતાના ઘા રૂઝવી લે એ લડતા પક્ષોને મંજૂર નહિ હોય પણ હિન્દને હાથમાં હોય ત્યાં સુધી એ અનિવાર્ય અગત્યનું છે. છતાં કોઇને કોઈ પક્ષમાં ભળવું જ પડે તો એ પક્ષમાં ભળવાને લીધે ગુમાવવું પડે એવો હાથે કરીને આત્મઘાતી રસ્તો ન લેવાનો હિતવિચાર સૂઝે છતાં તેમ વર્તી શકવાને અશક્ત હોય તેવી સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવારી લેવી રહે. એ દૃષ્ટિએ જોતાં સરકારની અત્યારની વિદેશીનીતિ કોઈ નિર્દિષ્ટ નીતિસૂત્રની દેખાય છે.

ન્યાય અને સત્યની રક્ષા વેદિયાગીરીથી થતી નથી. ભાવના–ઘેલડાઇ માટે ગુફા-જંગલો હોઈ શકે. રાજસત્તાનાં સિંહાસનો નહિ. શામ દામ ભેદ અને દંડની રાજનીતિની કસણીએ અત્યારની હિન્દી સત્તા આદર્શ અને વ્યવહારની મધ્યમમાર્ગો દેખાય છે. પણ વિશ્વનાં રાષ્ટ્રોના હિતો આડે ન આવે ત્યાં સુધી જ એવું જળવાઇ રહે. અરે કોઇની આડે ન આવનારને પોતાનું સાચવીને બેસી રહેવા માગનારને પણ ન સાંખી શકનારો સત્તાસ્વભાવે દુનિયામાં હોઈ શકે છે. જે ગાફલ રહેનારને ભારે પડે છે. તેના હિન્દને આગલા ઘણા, અનુભવો છે. એ જોતાં હિન્દનું સ્વાતંત્ર્ય અને સુરાજ કેવું ને ક્યાં સુધી વણોટાયું ચાલે છે તે તેના બળ, એકતા અને જાગ્રતિ પર અવલંબે છે.

એ બધું આંતરિક વહીવટની ક્ષેમ કુશળતા પર, ન્યાય નીતિ અને સમવેદના પર. ને એ પ્રજાસમસ્તના શુભ સંસ્કાર અને દેશ પ્રત્યેની ફરજપાલનની ધગશ પર. એવા નાગરિકો એવા દેશમાં હોય છે જેની મુખ્ય જરૂરતો હાજતો પોષાતી રહે તેવું સમાજતંત્ર અને દેશવ્યવસ્થા જ્યાં પર્વતતાં હોય છે.

દેશવ્યવસ્થામાં રક્ષણની જવાબદારીની જરૂરતની સમજ હોય છે ને તે શિક્ષણ વગર જોગવાતી નથી. ને તે બેઉ પોષણ વગર લૂલી થઈ પડે છે. પોષણ માટે અર્થતંત્ર આબાદ જોઇએ. એવાં સુવ્યવસ્થિત અર્થતંત્રની કાળજી થાય એ માટે તો દોઢસો વર્ષોનો અંગ્રેજી અમલ આ દેશને સાંપડ્યો હતો. એટલો વારસો એ શાસકો મૂકતા પણ ગયા છે. છતાં મૂડીખોરીનું વિદેશી ઝેર હજી ઊતરવું બાકી છે.

સમાજવાદનો એ વિષનાં વાળણ લેખે આ દેશના સંસ્કારને બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એસતો ઉપયોગ ખોટો નથી પણ વિવેકપુરઃસર. બસ આટલી વાતને નાટકમાં સીધું ઉધાડું કે આડકતરુ સ્થાન છે.

(૨)

વિશ્વ વાઙ્મયની નાટ્યકૃતિઓ ને વિશેષે કરીને ભાસકાલિદાસાદિની પ્રસાદીઓને સ્મરતાં આવી 'આધુનિકતાપાશી' કૃતિને વહતી–સંધરતી 'ગૂજરાતી'ની અલ્પતામાં જાણીબૂઝીને ઉમેરો કરવાનું એ વિવેકે ચલાવી લેવા જોગ માન્યું છે કે ભાવિ સુંદર, પૌષ્ટિક, સઘન, વિપુલ, રસાળ પાક લેવા માટે એ ભૂમિમાં ભેળાનારાં ખાતરમાં તો એ ચોક્કસ ખપશે. ને રસની મધુરપ તો ઉર્વરા ભૂમિ સાથે આગવાં કૃષિશ્રમ કૌશલ માગી લે છે. એકલી સિચોડાની સખ્તાઈ શું કામની!

'ગૂજરાતી'નો આજ દી સુધીનો વિકાસ કે આધાર એવા 'ખાતર' કરતાં વધુ કશું જ નથી એ માન્યતા આપણા ગૂજરાતી-ઓના વહેવારિયાં, દાળભાતિયાં તકલાદી, તકવાદી, પોપટડાહ્યાં, દ્વિવેલિયાં ને કેવળ નિરર્થક તાત્ત્વિક, અર્થપ્રધાન જીવનધોરણ સામે જોતાં એટલી બધી વિવાદગ્રસ્ત નહિ લાગે. ભાષા તો જીવનની વાહક છે.

વૈદિક ભાષામાંથી પ્રશાખિત થયેલી–પરિણમેલી અત્યારની આપણી 'ગૂજરાતી'નાં સૈકે સહસ્ત્રીએ કે પરચક્રસંપર્કે ફરતાં રહેલાં રૂપો, આવિષ્કારો અને હવેનાં પછીનાં આજનાં રાષ્ટ્રજીવન સાથે તાલ લેવાની મથામણ સમી કેટલીક સાંપ્રત ભાષાભુષા પ્રવૃત્તિઓનાં વળાક, ઝોક કે વલણનાં ભાવિ પરથી આ વિચારને પુષ્ટિ મળી રહેશે.

થોડા સૈકા કે સહસ્ત્રીઓનાં આવાં સરવૈયાં ભલે એક પ્રજા-જીવનની સરણીની, તે રાષ્ટ્રની સંસ્કૃતિની પ્રાંતિક આવૃત્તિની કે જગજ્જીવનમાં તે ભાષાભાગી માનવતાના વિકાસની પારાશીશી ન ઠરી શકેઃ બહુ તો તેની જીવનચ્યુત થયેલી સંસ્કૃતિનું ગૌરવ સમજાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત સુબોધક મનોરંજન પૂરું પડી રહ્યું હોય તેવી હર 'કૃતિ,' 'પ્રવૃત્તિ' કે 'પરિણતી'નું મૂલ્ય એ ધોરણે આંકી શકાય. ને તેના સર્જકો–સ્વામીઓ પ્રત્યેનું સાચું વલણ નક્કી થઈ રહે. એટલે પોતાને 'કંઈના કંઈ' માની રહેતા તેવા પ્રજારંજકોના 'અહં'થી દૂષિત થયેલી તેમની કલાકૃતિઓથી જનતા બચે. બાકી તો સહુ મંગલકારી આદર્શોના આવિર્ભાવો સમી કલાપ્રવૃત્તિઓની જનતા જ જનની છે. ચિર જનસ્વભાવ અને જગન્નાયકનો સંબંધ જ એની જોગવણી છે. ત્યારે મહાકાલની થોડી ક્ષણોની અવધનું આયુષ્ય પામી જનહૃદયને સ્પર્શવા કરતી કે પામતી આવી 'ઉત્થાનસંદેશિકા' શી સામાન્ય વસ્તુ વિષે વધારે ઊહાપોહ શો!

હા. નાટકનો હેતુ ગમે તે હો, નાટકનું સાર્થક્ય તેની રસનિષ્પત્તિમાં છે. જ્યાં જમાવટ હોય છે થઈ જાય છે. જોવું વાંચવું ગમી જાય, તેમાં તલ્લીન બની જવાય, દૃશ્યમાં એકરસ બની બેસાય. એટલે નવમાંથી કેટલા રસ નાટકમાં છે. અરસપરસ સહકારી અનુકૂળ, સંકળાયેલા, પરસ્પર વિરોધી–છૂટા પડી જતા દુમેળિયા–વિરોધાભાસી છે એ વાત યાદ રાખીને નાટક વિષે નુક્તેચીની થવી ઘટે.

નાટકમાં ફરી ફરી જોવું વાંચવું, યાદ રહી જાય કે કરવું ગમે તેવું જે હોય છે તે માત્ર નીતિધર્મનો ઢાંકપીછોડો બોધ જ નહિ, માત્ર કલાની પરાઙ્મુખી આલોચના જ નહિ માત્ર લોકરંજનની ગરજુ બેવના જ નહિ પણ ભજવનારા પણ જે રંગતથી મુક્ત હોતા નથી તેની 'જમાવટ'નું તત્ત્વ. રસનિષ્પત્તિ. આટલું નાટકના ભજવનારા કે જોનારા–વાંચનારા યા ટીકા કરનારાઓને આ સંગ્રહમાંથી સાંપડી રહે એટલે પત્યું.

વિજયાદશમી
વિ. સં. ૨૦૦૪
ભાવનગર

ઉમેશ કવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢાંકપિછોડી

[ત્રણ નાટક]

એક ગુણદર્શન

...ઉપરાંત આપની શૈલી, અભ્યાસ
અને વિશાળ કમપરંપરાને પકડી
ગોઠવવાની આપની દૃષ્ટિ માટે હું
ખરેખર ધન્યવાદ આપું છું. વધારે
પડતું વખાણ ન થઈ જાય એ અર્થે
એટલું જ કહીશઃ સાહિત્યના એક
સાચા વિવેચક અને ઈતિહાસ-
દ્રષ્ટાની શક્તિ તમારામાં જરૂર છે...
ઇચ્છું છું આપની સાહિત્યપ્રવૃત્તિ
વધારે ને વધારે યશસ્વી બનો.....

રમણલાલ વસંતલાલ દેસાઈ
૧૬–૧૦–'૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટકનાં વસ્તુ, નામ તથા ચિત્ર સંબંધે નિર્દેશ

ઢંકાયેલું–સંતાયેલું છાનું છપનું ઓળખી–શોધી કાઢવાની બાળકોની એક રમતને પણ ઢાંકપિછોડી કહે છે.

એ રમત છોકરા–છોકરીઓ જુદાં કે સાથે રમે છે. બે જણા જમીન સુધી ઢળકતી–અડતી એક જાડી પછેડી (છોકરાનું ફાળિયું પાઘડી કે પચિયું ને છોડીની ઓઢણીનું પણ) બેઉ છેડેથી પકડી ઊભાં રહે છે. એ આડશની પાછળ દા આપતું છોકરું જઈ બેસે છે. એ પડદાની બીજી મેર દા લેનાર છોકરું છુપાતું ચોર પગલે આવી ઊભું રહે છે કે પેલાં અંતરપટ પકડી રહેલાં કે બાકીનાં સહુ છોકરાં મોટેથી વૃંદ–ગાન પેઠે રાગ કાઢીને :

"ગઢ ઈડરિયો ગઢ પિંઢોરિયો
ઘોળું, ઘણ ચરે કાળું, ખાહુ ચરે
પોપટ પઢી વળે સુડો શીખી વળે" ગાય છે.

'જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ' ન્યાયની સૂચક સાનવાળું એ ઉખાણું પૂરું થયે દા આપનાર છોકરું, તેને માટે અદીઠ એવા ભિલ્લુનું અનુમાને નામ બોલે છે. બોટું પડયે દા લંબાય છે. સાચું પડયે ઓળખાઈ જનાર છોકરું દા આપે છે. એમ રમત લંબાય છે. પગલાંના ઝાંખા ઘસારા સિવાય બીજું કશું ન દેખાય સંભળાય તે છતાં છૂપેલાંને શોધી–ઓળખી કાઢવાની આ રમતમાં 'મનોમન સાક્ષી' (ટેલિપથી) મુખ્ય સહાયક થઈ પડે છે.

પ્રસ્તુત નાટકમાં, બાળકોની આવી રોનકી, ખુશહાલ ને અર્થ-ગંભીર રમત, જીવનની હોડે મોટેરાંઓ ખેલે છે.

જે જાણ્યા વગર, જાણવા જેવાં રહસ્યની અપૂરતી જાણે સંશયઘેર્યા માણસને જિંદગી દ્વૈયાસૂની, આળપંપાળ, અર્થહીણી ભારરૂપ એમ-લગામણી લાગે છે. ને જે ઢાંકવાની જરૂરત કેવળ સામાજિક પ્રતિષ્ઠા ગુમાવી બેસવાની ભીતિશૂન્ય નિર્બળતા જ કારણ રૂપે હોય છે તેવાં એક પરમ સત્યની જ્ઞાનપિપાસાના નાટયવસ્તુને આવું વૃષભને બદલે 'ઢાંકપિછોડી'નું પ્રતીકરૂપ નામ આપ્યું છે તે લક્ષતું પૂંઠા પરનું ચિત્ર ભાઈશ્રી સોમાલાલ શાહે દોર્યું છે.

—કર્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાનમ્

[પુષ્પિતાગ્રા]

સરખી સરખી સપ્રમાણ અંગે
ચિર–અનુષંગ શકુન્ત સંગ ચારુ,
નીરખી નીરખી હું રહું નિહાળી
નયન મનોરમ મુગ્ધ રૂપ ન્યારું;
પરખી પરખીને પ્રિયંવદા
પ્રમદાકુલ પરિમલ પુણ્યપ્રાણ પ્યારું,
હરખી હરખી હું ચહું હંમેશાં
ભવક્ષમ મંગળ દર્શભાગ્ય મારું.

[શિખરિણી]

વિરાગ્યાં–સંસારી જીવનસુખથી, આત્મવરતાં
અભાવે–સૌન્દર્યે, ગુણ, પદ, કુલે–ચોગ્ય ભર્તા
અસામ્યે–ચારિત્ર્યે, રસરુચિ, કલા–આપ કરતાં
નમું હે વાગ્દેવી! જગત–જીવને બ્રહ્મચરતાં.

ઇતિ નાન્દી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાસો

[કાળીચૌદશની રાત્રિના વાળુટાણા પછી, ગુજરાતની ગરવાઈ જ્યાં તેની પૂર્ણ કળામાં પ્રકાશી ઊઠી કહેવાય તેવા એક શહેરના મુખ્ય ને ગીચ લત્તામાં આવેલા એક ' ખખડધજ જીર્ણ મકાનના પહેલા માળના દીવાનખંડના દીદાર ઉઘાડતો પડદો ઊંચકાય છે ત્યારે—

નવીજૂની ગૃહશોભાની અભિરુચિનું દ્યામણું દિગ્‌દર્શન નજરે ચડે છે. વસનાર કુટુંબના ઉત્કર્ષની એ ઓરડો જાણે નોંધવહી છે. ગૃહસંસ્કારનું મૂર્ત સંગ્રહસ્થાન, ઇતિહાસે છે.

બારીબારણાં ને દીવાલોના મૂળ રંગે એક અનોખી રંગચ્છાયા ધારણ કરી છે. પટારાઓ ને મજૂસ પેટીઓનું સીસમ, ઝૂલા ને સંકેલખુરશીઓનું બીમ તથા રેડીઓ-પેટીનું ઓક એ રંગની પછીતે ઊપસી આવતાં આંખમાં સમાય છે. લાદી બની ગયેલી જાજમ ને બબ્બે માંડણીમાં ગોઠવાયેલાં તાંબાપિત્તળનાં વાસણોનો ઝાંખો ચળકાટ તેની નીચેનાં રવિવર્માનાં લગભગ બધાં જ ચિત્રોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારને–આર્ટગેલેરીને ઉઠાવ આપવાની કિંમત અદા કરી રહે છે. બારણાનાં તોરણો ને ખૂણામાંની ઘોડી પરનું ગ્રામોફોન, દેશીવિદેશી રમકડાં ગોઠવેલ કબાટ, ચીમળાયા પીળા રંગ પકડેલી પાટીવાળો સંઘેડાઉતાર ઢોલિયો એના સોનેરી દિવસોની યાદી સાચવી રહ્યો છે. તિજોરી, અથાણાના બાટલાના ઘોડા, ફળશાકનાં લટકતાં શીકાં ને પાછલી ગલી તરફની બારી નજીક ટાંગેલું પોપટપાંજરું રહેનાર–જોનારની પાંચે ઇંદ્રિયોના આકર્ષણને પૂર્તિ થઈ પડે છે. રસ્તા પરના શહેરી વ્યવહારના ચાલુ ચડઊતરિયો ઘોંઘાટ બહારના જગત સાથે આ ઓરડાને ધબકતો રાખી રહે છે.

ગયેલા તથા આવેલા યુગના ભંગારે સર્જેલ ઘરઘણી તથા ચકરી પાઘડી સો'તા, ટીપણું ફેંદતા જોષી વચ્ચોવચ્ચની ચટાઈ પર બેઠા છે. મૂછપાઘડી ને બેસટોપી, બમીસ, પમ્પશુઝ ફાઉન્ટન ને ચશ્માંના આધુનિક ને જૂના માન્ય પોષાકનું શોભન-સંમિશ્રણ (કે ચલણ-ફુંડિયામણ) છે.

જોષીનું હોઠ ફફડતું મોઢું ગ્રહબળ વાંચવા ઉકેલતું લાગે છે તેવું તેનાં ફળ તથા ભાવ ટીકવા મથતું શેઠનું મોઢું વસ્તુસ્થિતિ સમજવા 'પૂરતું' થઈ પડે તેમ છે. એ બેઉના ચહેરાને આવરી બેઠેલું જે એક વિલક્ષણ ગભરાટનું મોળું ફરી વળ્યું છે તેનાં કારણ તથા સ્થિતિનું કુતૂહલ થવું સહેજ કરતો પડદો ઊંચકાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોષી : (આશ્વાસતાં) ખાસ તો કાંઈ નથી. છતાં આ રાહુ સાચવી લેવા જેવો ખરો. 'બારમેં રા' તે કરે ઘા' પણ ચંદ્ર રાતના દસ પછી સુધરે છે. પછી ડરવા જેવું નથી. (શેઠને જોઈતાં) ચંદ્ર માળો ગજબ સુધરે છે. શેઠ ! (કશું કહેવા કરતાં છતાં ગણી જાય છે.) ત્યાં સુધીમાં રુદ્રી કરાવો. સુવર્ણદાન વસ્ત્રદાન કરો; બસ. આપત્તિ ચાલી જશે, શેઠજી !

શેઠ : હું હું ત્યારે તમે જ ભાઈ જમાવી દો ને ! બાજુના ઓરડામાં આસન છે. હું ફરાળની ગોઠવણ કરું છું. પૂરું થયે મને બોલાવજો. એટલે સંકલ્પદક્ષિણાનું પતાવશું. ચાલો ! હું બતાવું.

[જોષી ટીપણું સંકેલતા, નીચે પડેલું પંચાંગ લેતા ઊઠે છે.]

શેઠ : પધારો.

[અંદરના બારણામાંથી શેઠ તેને દોરી જાય તેવા મુખ્ય પ્રવેશદ્વારથી મહેતાજી પ્રવેશે છે.]

શેઠ : બેસો મહેતા. હું આ આવ્યો. (જાય છે.)

[મહેતાજી રેડીઓ ઘગાવી મથકો ફેરવવા મંડી જાય છે. એના ઘરઘરાટ–કોઈ ગીત, વાતચીત કે સમાચારના છૂટાછવાયા બોલો સાંભળ્યા ન સાંભળ્યા કરી ઊંચે જીવે મહેતાજી શેઠને આવતા જોઈ ચટાઈ પાસે બેસી જાય છે.]

શેઠ : (સંકેલપુરશી પર ગોઠવાતાં, આંખોમાં પૃચ્છાના ભાવ સાથે) કાં ? લાવ્યા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી : (ખીસામાંથી બે લગડી કાઢી સોંપતાં) લ્યો સાહેબ! (ગભરાટ છુપાવતાં) ત્યારે હું જાઉં ?

શેઠ : (દયા ખાતાં) કાં તારે રેડીઓ સાંભળવો નથી ? ને ચા પીધા વગર જવાનો તું, આજે ?

મહેતાજી : આજ તો સાહેબ ! ફિલમ બિલમમાં જીવ નહિ પરોવું તો જંપ નહિ વળે.

શેઠ : તે જા ને તું તારે. એમાં ગભરાયે આરો ન આવે. ભગવાન જેવડો ધણી છે ને પાંચમની છઠ્ઠ થનાર નથી.

[શેઠનો જુવાન ભત્રીજો બોલતો પ્રવેશે છે.]

ભત્રીજો : (કાગળિયાં લંબાવતાં) આ વીમાની પોલિસી, કાકા ! પ્રિમિયમનું તો પૂછવું જ નહિ. એ ય બેટાઓ ગરજ વરતે ને ! એણે તો દાક્તર તથા પોલીસને ય રોકયા છે, કાકા !

[સંમતિ તથા જાણ સૂચક શેઠ માથું હલાવે છે.]

મહેતાજી : નાહક બધું છતું થાશે.

ભત્રીજો : ના ના મહેતાજી ! બધું બાનગી રાખવાની કાળજી લેશે.

શેઠ : (કાગળિયાં તિજોરીમાં મૂકી બંધ કરતાં) કાળજી શું ભૂખ રાખશે; છાપે તો ચડયા. ને વાત બંડાર પડી જાય તો ય શું ? છાપાંઓમાં એવું બીજાઓનું તો વાંચીએ જ છીએ તેવું આપણું વંચાશે. ઓળખીતાં–પાળખીતાં આ થોડા દી પૂછ પૂછ કરશે બીજું શું ? !

ભત્રીજો : (મુદ્દા પર આવતાં) વીલનું શું કર્યું કાકા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : મેં સહી કરી રાખી છે. ને સોલિસિટર અહીં જ આવવાના છે તે સાથે લેતા જશે. (ભત્રીજાની ચિંતા શમાવતાં) એમાં કાંઈ ફેરફાર કર્યો નથી.

મહેતાજી : પ્રેમચંદભાઈ ફિલમ જોવા આવે સાહેબ?

ભત્રીજો : ના ના મહેતાજી! (કાકાના અભિપ્રાય માટે અટકતાં પણ કાકાને મૂંગું સ્મિત પાથરી રહેતા જોઈ) આજે તે કાકાને એકલા મુકાય? (જાણે છેલ્લી વારના જોતો હોય તેમ જોઈ રહે છે.)

શેઠ : (એ ભાવ તથા દૃષ્ટિથી ઘૃણિત થઈ જઈ) હું જ તને આજે ફિલમમાં જવા કહેવાનો હતો, પ્રેમુ! એવી તે ચિંતા હોય, મારા ભાઈ? લેનારો પૈસા લેતો પરવારશે કે બહુ બહુ તો જીવ. (હસી પડે છે.) માથે પડ્યું ભોગવ્યે જ છૂટકો. આપણે ય કો'કના દબાવીને કઢાવ્યા હશે નકર કાંઈ આમ હોય? ઘણે જાણી-બૂઝીને કોઈનું કાંઈ ઓળવ્યું નથી છતાં આ જીવ લેનારો પાક્યો ક્યાંકથી. તું તારે જરૂર જોવા જા ભાઈ!

ભત્રીજો : (જાણે કોઈનું ચીંધ્યું-ભણાવ્યું પઢતો હોય તેમ) કો'કને શું લાગે, મહેતાજી! કે કેવા બીકણ કે ઘરમાંથી ભાગી ગયા. આપણે તો પોલીસના કહેવાથી વગેસગે થાતા હોઈએ.

મહેતાજી : કે'નારા તો પ્રેમચંદભાઈ, શું ન કહે! ગામને મોઢે કાંઈ ગળણું બંધાય છે? 'કાકા બીજી કરે તો મિલકત ન મળે માટે કાકાનું કાટલું કઢાવી નાખ્યું ને ફિલમમાં જઈ બેઠા' એવું ય બોલે, સમજ્યા ને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : (વિકલ્પ લોકોક્તિની વાતે હસી પડતાં) તો ય ખીચડી-માં ઘી છે ને મહેતાજી ! ને આમ દાનપુણ્ય નથી થાતું, પ્રેમુ ! આપણે બે કોથળી ઓછું રળ્યા'તા એમ માનવું ભાઈ ! આપણા વાણિયા વેપારીઓનો મૂંઢ માર ને આવા ગુંડાઓનો ઉઘાડો. બધું સરખું.

મહેતાજી : વેપારીની મથરાવટી મેલી થઈ ગઈ એટલે શું કરીએ સાહેબ ! એમાં સૂકાં ભેગું લીલું ય સળગી હાલ્યું છે ને સાચનું પારખું નથી રહ્યું—નકર આપ સમાને આમ હોય ! ને આવી ગોઠવણ કરી છે પછી કોના ભાર છે, સાહેબ !

શેઠ : એટલો પ્રભુનો પાડ કે સંકેલો કરવાની તૈયારીનો મોકો દીધો. એવું નિરધાર્યું મરણે દુર્લભ છે, મહેતાજી. (હસી પડે છે.)

મહેતાજી : (મૃત્યુભયથી જીવનની અવગતિ અનુભવતાં) તો (ઘડિયાળ જોતાં) વખત થવા આવ્યો છે ને (ભોળપણથી) મેં બેઉ ટિકિટો લઈ રાખી છે. અમે જઈએ ત્યારે સાહેબ ?

શેઠ : (સામાન્યપણે) ખુશીથી ઊપડો, મારા ભાઈ ! (સોલિસિટર આવે છે એને આવકારતાં ઊઠે છે.) પધારો સાહેબ ! આમ નો'તા આવતા ! પ્રભુએ ભલો અવ-સર દીધો !

સોલિસિટર : (છાસિયું હસતાં) હા, ભલા ! (સાનમાં હસે છે. મહેતાજી તથા ભત્રીજો આ દરમિયાન ચાલતી પકડે છે તે જોતા શેઠને જોઈ) પ્રસંગે તો ભલા આવવું જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને શેઠ ! (હો હો કરતાં હસી પડે છે.) તમે પણ ભારે ચોકસાઈવાળા જીવ, શેઠ ! એવી તે કઈ મોટી ધાડ આવી છે તે બધો સંકેલો કરવા મંડી પડ્યા છો ? હાલ્યા કરે એવું તો. આ જમાનાની એ તાસીર છે. બળ્યા બે હજાર.

શેઠ : (હસતાં) એના બે હજાર તો અત્યાર સુધીમાં ખરચાઈ ચે ગયા. હવે તો વાત ત્રીજી કોથળિયે પહોંચશે. જીવતાં જગતિયું થઈ રહ્યું છે, મારે તો. (ઊભા થઈ, તિજોરી ખોલી તેમાંથી એક લાંબું પરબીડિયું કાઢી તેને સોંપતાં) લો ! સીલ કર્યું છે. ભલે એમનું એમ સવાર સુધી રહે. માથે બેસતું વર્ષ આવે છે પણ એનો ય ઉમંગ રહેવા દીધો નથી, મારે વાલીડે !

સોલિસિટર : કાંઈ થાય–ઊની આંચ આવે તો કહેજો. ને કોની માએ શેર સૂંઠ ખાધી છે કે આવો પાકો બંદોબસ્ત વીંધીને આવે ! મારી ય જડતી લીધી તમારી પોલીસે. વીરમગામનું નાકું વળોટ્યું જાણે !

શેઠ : (હસ્યે જતાં) હું તો ઇચ્છું છું કે આવનારો ભલે આવે–પૈસા લેતો પરનારે એટલે સહુનો ફડકો હેઠો તો બેસે ! આ તો મારે અંગે ઘરનાં સહુ અરધાં થઈ ગયાં છે. ને ઠાલાં મોળાં ઓસાણે ઘર ઘાલ્યું છે ને વગોણું ઉપરિયામણમાં. હાંસી ને હાણ જેવું થઈ પડ્યું છે.

સોલિસિટર : છેવટ તો એ છે જ. આ તો પકડાઈ જવાની બીકે કાંઈ હાથચાલાકી કરી બેસે ને જીવ પર આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય એટલી ગણતરી રાખી સારી. બાકી શું બીવા જેવું બળ્યું છે, વળી!

શેઠ : બીક તો બીજાઓમાં ભાળી ભાળીને હું નીંભર થઈ ગયો છું.

[બે શેઠિયા એકી સાથે પ્રવેશે છે. શેઠ તેમને લેવા ઊભા થઈ સામે જઈ સોફા તરફ દોરે છે.]

વીરચંદ : આ બધું શું છે? ચત્તરભજ! (બેસે છે.)

મોતીચંદ : (હાથમાંનું છાપું બતાવતાં) વાત તો છાપે ચોંચી. (બેસે છે.)

શેઠ : પધારો, પધારો! એ તો હવે ઠીક.

સોલિસિટર : ત્યારે જાઉં હવે. સવારે તમારી સાથે જ ચા પીશ. (ઊઠે છે.)

શેઠ : હાજી, પધારો.

સોલિસિટર : (બારણે ઊભાં આશ્વાસતાં) ચિંતા બિંતા કરશો મા. પ્રભુને ખોળે હોઈએ એમ માની લઈને એય ને નિરાંતે ઊંઘજો! મુદ્દામાં તો હજી એક ભૂંડી કાગળની ચબરકી આવી છે. એને ચોળીને ચીકણી કરી કાગનો વાઘ કરી મૂકશો મા. (શેઠિયાઓને લક્ષી શેઠને સાન કરતા જાય છે.)

વીરચંદ : હા, તે કોણ છે ઈ બે માથાનો? જોઉં એનો જાસો!

શેઠ : (મૂછમાં મરકતે જતા) અસલ તો પોલીસ પાસે છે. આ એનો ફોટો છે (બીસામાંથી કાઢી સોંપે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરચંદ : મોટેથી વાંચ્ય તો મોતીચંદ !

મોતીચંદ : (ચશ્માં ગોઠવી) અક્ષર તો કો'ક અણઘડના છે. છોકરી જેવા....

શેઠ : (ચમકતાં) હં....હા. (બીજા વિકલ્પે વાળા દેવા) ને ડાબે હાથે તો એવા જ નીકળે. હં વાંચો !

મોતીચંદ : (જસો વાંચે છે)

શેઠ ચતરભજ ચોકસી જોગ.

કાળીચૌદશની રાતે આવશું. બે હજારનો વેંત રાખજો. લગડીમાં જોઈશે. જાવું હોય ત્યાં જાજો ને કરવું હોય તે કરી છૂટજો. કહેવું હોય તેને કહેજો બાકી મધરાત પહેલાં ગમે તે ટાણે જીવ વહાલો ગણો તો સોનું તૈયાર રાખજો. નહિતર સોયે પૂરાં સમજજો.

લખનાર : તમારાં પાપની સજા માટે
પ્રભુએ નીમેલો ' કાળ '

(વાંચી લઈ ચશ્માં ઉતારતાં સહુને જોતાં હસી પડે છે.) માનો ન માનો, કહો ન કહો પણ શેઠ ! આ જસો કો'ક જાણભેદુએ લખ્યો છે, ઈ તો ચોક્કસ.

વીરચંદ : લખતાં યે નથી આવડયું, નકર વાંચીને ગાળા ન છૂટી જાય ! આને તો ધમકી દેતાં ય નથી આવડી. ' તમે ' ' તમે ' કરીને લખ્યો છે. ' તું ' કારો ય સૂઝ્યો નથી.

મોતીચંદ : હું યે ઈ જ કહું છું–જિંદગીમાં કદાચ પહેલી વાર લખ્યો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરચંદ : (એના હાથમાંથી લઈને જાસો જોતાં) કોં'કે મશ્કરી કરી છે ચત્તરભજ ! (જાસો શેઠને પાછો આપે છે.)

મોતીચંદ : મશ્કરી તો ય 'જાસા'નો કાગળ.

શેઠ : હા, 'પ્રેમપત્ર' નહિ (હસી પડે છે. જાસો ગજવામાં મૂકે છે.)

વીરચંદ : પરબીડિયા પર કચાંની—આંહીંની જ છાપ હતી ? રાખ્યું છે કે ફાડી નાખ્યું ?

શેઠ : અહીંની જ. પરબીડિયું ડિટેક્ટીવની પાસે છે

મોતીચંદ : ત્યારે તો આજ રાતે જ. હં. (ઘડિયાળ સામે જોતાં) હવે કાંઈ લાંબી વાર નથી. ટાણું થતું આવે છે. (હસી રહે છે.)

વીરચંદ : જાણે ગોઠવણ તો બધી જોઈ સાંભળી, તું કચાં આંહીં સૂઈશ ?

શેઠ : હાજી. (સસ્મિત) મારી પથારીમાં તો પોલીસનું માણસ મારાં કપડાં પહેરી સૂશે.

વીરચંદ : ઠીક તાશેરો થયો છે.

[શેઠની મૃતપત્નીનો ભાઈ—સાળો પ્રવેશે છે. બારણા પાસે ઊભા રહી ત્યાં આવવા શેઠને ઇશારત કરે છે. તેની કાંખમાં ભત્રીજાનું છોકરું છે.]

સાળો : ઓલ્યા ભાઈ આવ્યા છે. વેશવાળનું કરવું છે તે પૂછે છે. કહે કે કન્યાના બાપ ઉતાવળા થાય છે. કાલ દિવાળી છે તે ગોળ ખાઈ લેવા માગે છે. એણે ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાપું વાંચ્યું લાગે છે. કહે, 'પછી ફરી જાય તો મારો વાંક કાઢશો મા, શેઠ.'

શેઠ : હું જાણું છું કે કોને શેની ઉતાવળ છે. કહી દેજે એને કે મારે મૂરત ખડી જતું નથી. કરી લ્યે બીજે!

સાળો : પણ એની મહેનત બધી પાણીમાં જાય ને! એટલે લાભની લાલચે ઈ આવ્યો છે. કહે છે કે 'મને ય ખરચ થયો છે' તમે ઉભરે પૂગેલાનું પાટે ચડાવવાનું– મડા હારે મીંઢાળ–એવું એવું બોલતો'તો (વાતને હસી નાખવા કરે છે.)

શેઠ : (દાઝતાં–ગમ ખાઈ જતાં) ઠીક ઠીક એવા તો એમ બોલે, મારાભાઈ! કહે કે કાલે આવે

સાળો : મેં ય કીધું કે કાલે આવજો પણ એ કહે કે 'મારી તો ઊગશે પણ શેઠની કાલનો ભરોંસો નથી. તો અત્યારે જ પતાવી દ્યો' મને ય દસની નોટ કાઢી લાલચ દેતો હતો.

ને અધૂરામાં પૂરું બોલી 'લીલી'નો–ભાણજી શેઠની 'કન્યા'નો સાંજ પછી ક્યાંય પત્તો નથી. ક્યાંઈકે કોઈકે હારે હાલી નીકળી લાગે છે. છે ય કરાકાત. ભાણજી મહેતે તો આપણે ત્યાં ય ગોત કરેલી ને પતીજ ન પડી તે એની ભાણેજવહુને ય પાછળ મોકલી.

શેઠ : (નિસાસો ખાઈ) ઓહહો....આ એમ છે, મારાભાઈ (બીસામાંથી થોડી નોટો કાઢી એનો અંદાજ નક્કી કરી તે સાળાને આપતાં) આપ્ય એને. ને કહે કે હવે કેડો મૂકય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પુસ્તકાલય ગુરુકુલ કાંગડી.

ભાઈ! પાપ કર્યાં હશે કે તારો ભેટો થયો ને જાતે જન્મારે ઘોડે ચડવાના કોડ જાગ્યા. કે તારા સાથે પાનું પાડ્યું.

માળો પૂરો તાલીમબાજ નીકળ્યો. આપણા જેવા હૈયાફૂટાઓ ગોતતો ફરતો હશે. એણે જ સામે ચાલીને વાત કાઢી કે સામાવાળાનું મન છે. કન્યા ઉમરલાયક છે. ને એનો એ તને મડાનું પાટે ચડાવવાનું કહે છે કે એણે ય ખરચો કર્યો છે. માળો ફરેબી તો જુવો! (સાળો જાય છે. સ્વસ્થ થવાનું કરતાં પાછા પોતાની જગ્યાએ આવી બેસે છે.)

મોતીચંદ : (જે બેઉ જણા ઘુસપુસ કરતા બંધ થઈ જઈ જાત સમાલી રહ્યા છે) હમણાં વળી આ જાસાનું હાલ્યું છે. શું સાળાં માણસ પાકયાં છે. બસ, બદમાશી જ કરવી છે.

વીરચંદ : ફિલ્મું યે તો ડાટ વાળ્યો છે ડાટ ને પ્રભુનો તો ગ્યો પણ કાયદાનો ભો ય રહ્યો નથી ચત્તરભજ! જીવ જેવા જીવ માટે દયાનો છાંટો મળે નહિ, બસ, ફટાકડીનો ઘોડો દાબ્યો કે 'જે સીતારામ.'

મોતીચંદ : કે જાણે દૂધી સમારતા હોય તેમ છરો હલાવી દીએ.

શેઠ : (પોતાની જાતને બાદ રાખીને થતી આવી સંસાર સમીક્ષાની એકલપેટી જૂનવટ પ્રત્યેની ચીડ અનુભવતાં) ફિલ્મું તો આજ થઈ બાપા! એ પહેલાં ખૂન, લૂંટ ને ચોરીચપાટી નો'તાં એવું થોડું છે કાંઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરચંદ : આવું નહિ. જસા મોકલે ઈ સાચું, બાન પકડી જાય પણ જીવ ઉપર ન જાય.

શેઠ : કાં ઘીસરું ન કરતા ?

વીરચંદ : હા, તે ઈ ય અન્યા'ની સામે. આ તો ધંધા આળસી ગ્યા, માણસ ઘાસી ગ્યાં, ખરચાના પાર નહિ, કસર કોઈને કરવી નથી. હા, પણ શું કામે પરસેવો પાડે ! પછી બીજું શું થાય !

શેઠ : (હસતાં) પણ એવા બીજા કોઈને નહિ ને મને જ શું કામ જસો મોકલે ? એવું છે વીરચંદ શેઠ ! કે એમાં આપણાં 'કર્યાં'ના ભોગવટા....

વીરચંદ : (વચ્ચેથી) હવે જોયાં તારાં 'કર્યાં.' તું તો પહેલેથી જ ભકતો મૂવો છો. પોચું ભાળી જાય ત્યારે જ પેધે એવાવ ! નકર ભાર છે કોઈના કે આંગળી ઊંચી કરી જાય ! કાલા જીવ હોય તે કુટાય જ્યાંત્યાં.

[પોલીસ અમલદાર ને દાક્તર આવે છે.]

વીરચંદ : ત્યારે અમે જાઈએ ચત્તરભજ ! પ્રભુ જેવડો રાખણહાર છે ને એનું ધાર્યું થાય છે, બાપુ !

[બેઉ ઊઠી બારણા તરફ ચાલે છે.]

શેઠ : (એમની સાથે બારણા સુધી જતાં) એમ જ થઈ રહ્યું છે, બાપા ! હું તો મારે એને જ ખોળે ઝૂલ્યોજીવ્યો છું. એ પધારજો.

[બેઉ જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોલીસ અમલદાર : આપણા લોકોનું આ જ દુઃખ છે. લેવા-દેવા વગર માણસને ખીવરાવીને અરધો કરી નાખે નાહક. (શેઠવાળી ખુરશી પર પડે છે.)

ડાક્તર : (શેઠની નજીક આવી હાથની નાડી લેતાં ઘડિયાળ જોતાં) હું એ સાચું છે. (શેઠની પાસે સોફા પર એ જગ્યા લે છે. અને સાથે લાવેલ દવાપેટી ખોલવાનું કરે છે.) એમાં ગભરાવા જેવું શું છે!?

શેઠ : મૂળે તો માણસ માટે ગભરાવું એ કુદરતી છે, સહેજ છે. ન ગભરાવું એ પાડેલી ટેવ, કળા છે. સંસ્કાર છે.

ડાક્તર : એ સાચું છે.

શેઠ : ગભરામણ ટાળવા શહેર કોટવાળીને શરણે ગયા. જાસૂસો રોકયા, પોલીસ પહેરા ગોઠવ્યા. ને છતાં મરણ ઊભું જ હોય તો મરતાં મરતાં મરણનો ખરચ કૂટી કાઢવા આ વીમો ઉતરાવ્યો તો વીમાવાળાએ તમને એઉને રોકયા. મને તો હમણાં પેલા બેઉ શેઠિયાઓ ગયા તેની તમે બેઉ નવી જોડી જેવા લાગો છો. (હસી પડે છે.)

ડાક્તર : એ સાચું છે. નવી આવૃત્તિ જેવા.

શેઠ : ન ગભરાનારને લોકો ગભરાતો જોવા માગે છે. અને ગભરાઈ બેસનારને હિંમત દેવા મથે છે. ખરું તો બધાં જાતે પણ ગભરાતાં હોય છે, ડાક્તર! સામાની જગ્યાએ પોતાને સમજી વિચારતા થવાની સમભાવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિ જ એમાં કામ કરી રહી હોય છે. એમ જ માણસ સામાજિક થતો જાય છે.

દાક્તર : એ સાચું છે. (પોતાની પેટીમાંથી એક શીશીમાંથી નાનું કચોળું ભરી તૈયાર કરેલી દવા શેઠને લંબાવતાં) લ્યો! આટલો ભાગ સ્ટિમ્યુલૅંટનો. સોજી નીંદર આવશે. ને જુસ્સામાં રાખશે.

શેઠ : એય લાવો, ભારાભાઈ! જેટલા સંસ્કાર થાય તેટલા ઓછા છે, જીવ આટલો વહાલો તો જાણ્યો હતો. પણ માણ્યો ન હતો. (પીને મેજર પાછું આપે છે.)

પોલીસ અમલદાર : (આશ્વાસનની જરૂર માનતાં) મેં પાકો બંદોબસ્ત કરી રાખ્યો છે શેઠ સાહેબ! (શેઠની વેધક નજર ટાળતાં, દાક્તર તરફ ફરી) ચલ્લું ફરકી શકશે નહિ, સમજ્યા ડૉકટર! બાનગીમાં મારા પચીસ માણસો મેં ઘરથી માંડી શેરી સુધીમાં ગોઠવી દીધા છે. ચાવડી ઉપર એક ખટારો તૈયાર રાખ્યો છે. એમ્બ્યુલન્સ સુદ્ધાં રખાવી છે. હું આંહીં ઑફિસરૂમમાં ટેલિફોન પર જાગતો બેસીશ. પછી શું થવાનું છે, કહો મને! (શેઠ તરફ જોઈ ન જોઈ દાક્તરને ટીકી રહે છે.)

દાક્તર : એ સાચું છે. પણ તમારા માણસોને બી જરા ચાપાની પાજો, નહિતો બધા ઝોલે જશે કે હોટેલમાં જઈ બેસશે.

પોલીસ અમલદાર : (વિચારતાં) હં. એ બરાબર છે. ચાની ગોઠવણ કરું. મહારાજ હજી હતો નીચે. તમારી વાત સાચી છે ડૉકટર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : (ખીસામાંથી થોડી નોટો કાઢી લંબાવતાં) ચાની ગોઠવણ કરો ને આમાંથી સરખે હિસ્સે સહુને બાંટી દેજો એટલે એમને ઉત્સાહ રહેશે. તમારા બેઉ માટે તો સવારે રાખશું.

દાક્તર : (અંજાતાં) એ સાચું છે. પણ અમને વીમા કંપની તરફથી રોકવામાં આવ્યા છે. તમે શું કામે બેવડા ખરચા કરો છો ?

પોલીસ અમલદાર : (નોટો પાછી સોંપતાં) ને આપવા હોય તો કાલે સવારે હસતાંખેલતાં તમે જ આપજો, લ્યો ! અત્યારે તો નહિ જ લઉં.

શેઠ : (પોતાની જાતને ડરાવવામાંથી પ્રાપ્ત થતો આનંદ માણતાં) તોફાન થોડું આજની રાત પૂરતું જ છે કાંઈ ! એમ એ એક દીમાં થોડો છેડો ફાડી છૂટશે ? કાલ, પરમ કે મહિનોમાસ....

પોલીસ અમલદાર : (બહાદુરીથી) તો હું થોડા વધુ દિવસો માટે મારા માણસોની ગોઠવણ રાખીશ. એમાં શું ! તમારે ખર્ચે મહિનોમાસ બદલાવકા આઠ માણસોની ભરતી કરશું, સમજ્યા ! તમારે મુદ્દલ ગભરાવાની જરૂર નથી. સમજ્યા ને શેઠ !

દાક્તર : ત્યારે સાહેબજી ! સવારે મળશું (ઊઠે છે. બારણા તરફ જાય છે.)

શેઠ : સાહેબજી દાક્તર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોલીસ અમલદાર : ચાલો હું યે ચાની ગોઠવણ માટે નીચે આવું છું.

ડાક્તર : અહીં તાળું લગાવીને જ ચાલો!

પોલીસ અમલદાર : અત્યારમાં કઈ ઉતાવળ છે?

શેઠ : (પોતાના વિરોધ તથા રોષ ખાળતાં) હું જ અંદરથી બંધ રાખીશ. તાળું દેવાની જરૂર નથી.

પોલીસ અમલદાર : જેવી આપની ઇચ્છા. અંદરથી સાંકળ વાસશો તો ચાલશે.

શેઠ : હું અત્યારે જ હવે સૂઈ જાઉં છું. (બંને બારણા બહાર નીકળી શેઠ સામું જોતા ઊભા રહ્યા છે. તેમને વિવેક-ભય ત્યજી, સસ્મિત) ને અત્યારે જ બારણું બંધ કરી લઉં છું એટલે હવે (પોલીસ અમલદારને) આપણે સવારે જ મળશું. હવે કોઈ પણ આવશે-તમે સુદ્ધાં-તોપણ હું નહિ ખોલું, સમજ્યા ને! સાહેબજી. (બારણું વાસી લે છે.)

ડાક્તર : (જેની તે સ્થિતિમાં ઊભા રહ્યા મૂછમાં હસતાં અંગ્રેજીમાં) આ તો બાપડો તમને ખુદને પણ શંકાની નજરે જોતો લાગે છે.

પોલીસ અમલદાર : (ભોંઠામણ ઉડાડતાં-અંગ્રેજીમાં) મને કે તમને. પણ એ કુદરતી છે ડોકટર!

શેઠ : (બારણું ખોલી પ્રસન્ન વદને અંગ્રેજીમાં જવાબ વાળતાં) હા, તમ બેઉ માટે એમ માનવું. (બારણું પાછું બંધ કરી લે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઉ : ભલે ભલે....હા જી....હા....એ સાચું છે.... (જલદી જલદી ચાલ્યા જાય છે.)

[શેઠ અંદર આવી ઝૂલાખુરશી પર પડે છે. પાછળ ખડખડાટ થાય છે તે તરફ જુવે છે તો પોલીસ અમલદારનો ખાખી પોષાક પહેરેલી બાવીશેક વરસની એક યુવતી તિજોરી પાસે પડતા બાથરૂમ-સ્નાનાગારથી બહાર નીકળે છે. શેઠની વિવેકબુદ્ધિ વધુ ગૂંચવાય એવું કંઈ એની નિર્ભય હાસ્યભરી મુખમુદ્રામાં છે. નજીક આવતાં માથું ખુલ્લું કરી કોટનાં બુતાન ખોલી નાખે છે.]

યુવતી : (મનોમન લાગે તેમ) અંહ, બકાઈ મૂઈ.... (સામું જોઈ) નમસ્તે શેઠ !

[શેઠ જાણે ગણતરી બહારના નીકળી પડ્યા લાગે તેમ તેમને પગથી માથા સુધી નીરખી રહે છે.]

શેઠ : (ટેવનાં માર્યાં) નમસ્તે. (કશુંક નક્કી કરતાં અને અચંબો પામતા ટીકતા રહ્યા જેમના તેમ બેસી રહે છે.)

યુવતી : મને ઓળખી ? હું ભાણજી શેઠની લીલી....લીલા. તમારી પસંદગીની કન્યા. ઓળખી, જોઈ ? (ખસિયાણું છતાં સાચું દેખાય તેવું હસવા કરે છે.)

શેઠ : (સાશ્ચર્ય) હેં તમે લીલા ? અહીં....આમ....! પોલીસના પોષાકમાં.... (વિચાર પકડતાં ખીસામાંથી જાસો કાઢી) ત્યારે આ તમારા અક્ષર છે. ખરું ને ? (જાસો ફાડી નાખી તેના કટકા લીલાના હાથમાં મૂકે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[આજ્ઞાંકિત છોકરીની મિસાલે શરૂમાં ઘડીક તો ખ્યાલ ખ્યાલમાં તે કરચો બહાર ફેંકી આવવા બારી સુધી જઈ પહોંચે છે. પણ તરત સ્વમાન–સલાન લાગતી, ત્યાંથી પાછી ફરી, જ્યાંની ત્યાં જેમની તેમ ઊભી રહી સ્વસ્થ થઈ, આગળથી નક્કી કરેલું–પઢી રાખેલું બોલવા–વર્તવાનું બળ એકઠું કરતી લાગે તેમ કરચો હથેળીમાં મસળવા લાગે છે.]

શેઠ : (પ્રસન્નમધુર મમતાભર્યાં) આવી હિંમત માટે મારા અભિનંદન. પણ....પણ આવડી મોટી શિક્ષા નો'તી કરવી જોઈતી.

લીલા : (જુસ્સામાં આવી જતાં, વચ્ચેથી) બધું છાજતું શોભે. શેઠ! જાતે જન્મારે પરણવા નીકળનારને આ તો ખૂબ હળવી સજા કહેવાય.

શેઠ : તમારી નામરજી જણાવવી બસ થઈ પડત, લીલાવતી! કન્યાની ઉપરવટ જઈને એને ઘરમાં બેસાડી દેવા જેવો ઘરઘાતકી શે માની બેઠાં! મને તો ઘરનો ભાર ઉપાડી લે તેવડી ઉમરલાયક કન્યાની જરૂર હતી. ને મેં તમારા ગુણ–શીલ વિષે મનગમતું જ સાંભળ્યું હતું.

લીલા : ત્યારે તમે, જસો મેં મોકલ્યો છે તે જાણી ગયા હતા?

શેઠ : થોડુંક પહેલાં મને એવો એક વિકલ્પ તો વસેલો પણ એનું કારણ ન સમજાયેલું કે હું ' જાતે જન્મારે પરણવા નીકળનાર 'માં ગણાઈ બેઠો હોઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલા : (હસવું ખાળતી) તમે તો ભારે અગમચેતી વાપરી છે. ને પાકો બંદોબસ્ત કર્યો છે ને શું ?

શેઠ : એ બધું 'પોતાના' થઈ પડેલાઓના હેતનું પ્રદર્શન છે. ને લોકોનું બીજે માર્ગે ધ્યાન વાળી દેવા જેવું ઠીકે છે. પણ એ થોડું વધારે લંબાત તો હું યે કદાચ તમારી જેમ બળવો કરી બેસત. કાં કપડાં રંગી હાલતો થાત. ને કાં પૂરો થાત ! ઉપકાર થયો તમારો. તમે તો મને ગુરુ થઈ પડ્યાં ને બચાવી લીધો. સંસારનો મોહ કેમ ઊડી જતો હશે તે હું હવે બરાબર સમજી શક્યો છું. છતાં એ બધું તમને અહીં આવતાં રોકી શક્યું નથી તેટલાં તમે બાહોશ.

લીલા : હું જોવા માગતી હતી કે 'તમે' કેવાક બહાદુર છો ? 'જુવાન રૂપસુંદર કુંવારી કન્યાનો ભવ બાળવા નીકળવા જેવો ધીટ પુરુષ' મારે 'જોવો' હતો. (એ બધું બોલે છે પણ તેનો અર્થ જાણે શેઠને લાંબુ પડતો નથી, એવી અસંબદ્ધતા-વિસંગતતા એ જાતે બોલતાં અનુભવતી રહે છે.) એવાની ઉપર તો હું માયરામાં થૂંકત. પણ બાપાજીને એટલા બોટા અર્થના બાડામાં ઉતારવા ને ! એવા હવસબોરોની બો ભુલાવ્યા વિના તેમને સાન નહિ આવે અને સ્ત્રીઓની લાંછના બોછી નહિ થાય.

શેઠ : (મરકતાં) પરણનારાઓને પૂરતા વિષયભોગની સગવડ જોઈએ એવા માની લેવાતા વિલાસબોર બ્યાલોનું આવા વિચારો પરિણામ છે. શરીરસુખ જ જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જીવન' હોય. ને જુવાની જાણે આખી જિંદગી ઊભી રહેવાની હોય નહિ! ને લગ્ન એ માટેનો સોદો, પરવાનો કે તક પૂરાં પાડતું હોય! (ગંભીરપણે) મેં તો સાંભળ્યું હતું કે તમે તો ભારે ગરવાં છો ને થોડાં તેવાં દેખાઓ પણ છો. ખાનદાન ઘરની ભણેલગણેલ ને સંસ્કારી દીકરીઓ આવી છોકરમત કરે?

લીલા : છોકરમત? તમે પરણવા માગતા હતા એ 'છોકરમત' ન હતી? (દાઢમાંથી) મારે એટલું તો જાણવું જોઈએ ને કે જેના ઘરમાં મારે જન્મારો કાઢવાનો છે તે જીવતે જીવ મારું 'રક્ષણ' કરી શકે તેવો મર્દ માણસ તો છે ને!

શેઠ : મર્દ માણસોના તમારા ખ્યાલ માટે હું મગરૂબ છું. રક્ષણ કોણ કોનું કરે છે તેમાં હું જુદા વિચારનો છું. ને એ માટે તમારું પ્રમાણપત્ર પામવાનો મને અભરખો નથી.

લીલા : જમાનો કેવો આવી ગયો છે તે તો તમે જાણો છો. એક તો ઘરડા ઘણીની બાયડીની બિચારીની મથરાવટી જ મેલી. ગમે તેવી સંસ્કારી હોય તેને પણ ઇંદ્રિયોના ધર્મો તો રહ્યા. તે ઘરનાંઓથી બચે તો રખડાઉ ઇશ્કીઓ પજવે, ફોસલાવે, ભોળવે. કોઈ વિધર્મી પાછળ પડે, લાજ લૂંટે, ભગાડી જાય, બળજબરી કરી ઉપાડી જાય. એવા હિચકારા, હત્યારા ને લબાડોથી બચાવી લેવા જેટલી પરણનારમાં તેવડ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ને, તે મારે જોવું હતું. (શેઠને જોઈ થોડું છોભીલાઈ-ભર્યું અટકી પડે છે.)

મારે તો તેવે વખતે તમારા નામે વૈધવ્ય પાળવું રહે. ગલઢા ધણી જીવતો હોય કે મૂવેલો, જુવાન ધણિયાણીને તો સરખું જ ને! (કરડાઈભર્યું હસી પડે છે.) હું પવિત્ર રહી તમારી નેક વિધવા થઈ તમારા નામ ઉપર જીવી શકું એવું તે તમારામાં શું બળ્યું હશે કે તમે માગું નાખવા હાલી નીકળ્યા: તે જાણવાનું મને મન થઈ આવ્યું. સમજ્યા ને!

શેઠ : (ગંભીર થઈ જઈ) હું. બરાબર છે. પરણતા બંને પક્ષોએ, નહિ કે એકલા વૃદ્ધે, પ્રથમ વિચારવા જેવી વાત છે. (હસી પડે છે.)

લીલા : ભરણપોષણની તો પૈસાવાળાઓ માને છે કે તેમને ચિંતા છે જ નહિ. બાંધીબેડી આવકના આજના જેવા દિવસો જાણે સદાકાળ રહેશે એવું તેઓ માની રહ્યા છે. તેમના પોતા પૂરતું તો ટેવી રહ્યા છે. એવા સ્વર્ગ-માંથી લાત બોઈ નીકળવું પડશે નહિ ત્યાં સુધી તેમની આંખ નહિ ખૂલે. એવી કોઈ આસમાનીસુલતાની વખતે કોણી મારીને કૂચડું કરી શકે, ગમે ત્યાંથી રોટલી રળી શકે તેવો ધણી ન હોય તો તેવાં લગન કરવા કરતાં તો....શું....શું ન સારું!

પોતાની ધર્મપત્નીના પોષણ–રક્ષણની જવાબદારી તો સહુ જાણતા હોય છે. એ માટે જિંદગી કુરબાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરી શકે તેવા પતિ માટે પાછળ રહેલી વિધવા પવિત્ર ન રહી શકે, સમજ્યા ને ! નમાલા ધણીઓની પાછળ કોઈ સ્ત્રીએ પ્રાણ છોડ્યો જાણ્યો નથી. પતિ વગરનું અકારું જીવન કલ્પવું પણ સતીઓને દોહ્યલું લાગે છે એ વાત હું સમજી શકી છું. એવા ધણી પાછળ જીવન સંકેલી લઈ તેની પાછળ ચાલી નીકળવા જેવું ને ભવોભવ તેનો તે ધણી ઝંખવા જેવું, તપ તપવા જેવું તમારામાં શું હશે તે જાણવાનો મને અભરખો થઈ આવ્યો હતો, સમજ્યા ?

શેઠ : અજાણતાં જ તમારું માગું કરીને તમારા 'પતિ-આદર્શ' ને મેં આઘાત પહોંચાડ્યો છે તેની હું સાચે જ ક્ષમા ચાહું છું, લીલાવતી !

લીલા : એવાં તમારાં માગાંમાં ને રસ્તે ચાલતા કોઈ લબાડની આંખમીંચામણીમાં કશો જ ફેર નથી. દલાલદ્વતી મારફત ભેટ-સોદાગ મોકલીને ફોડતા નફટ રીઢા છીનાળવામાં કે પડ્યો બોલ ઉપાડી ખડે પગે રહેતા હાજિયાની ટાઢી કામણકળામાં મને તાત્ત્વિક રીતે કશો જ ભેદ લાગ્યો નથી, શેઠ !

શેઠ : બરાબર છે. સ્ત્રીહૃદયમાં પતિભાવ જાગવો એટલો સહેલો નથી.

લીલા : ને સ્ત્રીઓને રૂપગર્વ હોય છે. તમારા જેવાનાં માગાંમાં તો એવું કોઈ યશગૌરવે મળે નહિ. ઊલટું મુગ્ધ કન્યા બિચારી જાણીને લજવાઈ મરે, શેઠ ! કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના રૂપે કોઈ ઘરડા ધાંખરાનો જીવ ઊંચો કરી દીધો. (હસવા કરે છે.)

શેઠ : મેં મૂઢે તમને જોવાની ય દરકાર કરી નથી પણ હું. તમે બોલો ! ઊભરો ઠાલવી લીધો સારો. પછી ઉફ્ડકો નહિ. તમે રૂપાળાં યે છો એ વાત ઠસાવવી બોટી નથી. એ આકર્ષણ ઓછું થઈ ગયે માણસ વૃદ્ધ જ ગણાવો જોઈએ. હું કબૂલું છું કે સંકેલી લીધેલો મારો સંસાર–મોહ ઊખળી ગયો. માંડી વાળેલો વિચાર પાછો તમે જગાવી બેઠાં હતાં તે ખરું છે. મારા જીવનમાં થોડા દિવસોથી–સગપણની વાત માન્ય રાખી ત્યારથી આ જસો મળ્યો ત્યાં સુધી તમે સંજીવની થઈ પડેલાં. પણ હું....લાગણીવશ થઈ જાઉં છું. તમને આ બધું કહેવાનો હવે કશો અર્થ નથી. મને હક્કે નથી. ચાલો હું તમને ઘેર મૂકવા આવું. તમારી ત્યાં ગોત થાય છે. અહીં પણ તપાસ કરવા આવેલ.

લીલા : (બીજા જ વિચારમાં ઘેરાયાં) તમે મારો ફોટોબોટો જોયેલો ખરો ?

શેઠ : ના, કેમ ?

લીલા : તો મને જોયા વગર માત્ર મારાં વખાણ સાંભળીને જ શું તમે મને સ્વીકારવા તૈયાર થઈ ગયા હતા ? (વિચારમાં પડી જાય છે) પત્રોછબીઓના અદલાબદલા, સંગાથે બેકાંતે હળવા–મળવાનું, કચાંઈક તો આગવો વિષયભોગ સુદ્ધાં, છતાં આજના જુવાનિયાઓને છોકરી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓમાં કાંઈક ઓછું પડતું રહે છે હું....(સામું જોઈ) તમને એટલું નહોતું સમજાતું શું, કે ' ઉમરલાયક,' ' ઘરનું કામ ઉપાડી લ્યે ' તેવડી આ જમાનાની ' કન્યા 'નું હૃદય કેવું હશે, ને મોટી થઈ ગઈ હશે ?

શેઠ : હૃદયની પાટી સાફ થતાં-કરતાં શી વાર ! ને હું તો જુવાન નથી !

લીલા : જુવાનીનું જોમ ખોટે રસ્તે-અકુદરતી-વિકૃત માર્ગે વાળી બેસતા આજના જુવાનિયાઓ માંહ્યલા તો જરૂર નહિ હો !

શેઠ : તે દિવસોમાં તો અમારે એવું કાંઈ ન હતું. નાનેથી લગ્ન થઈ જતાં. મન ખીલે બંધાઈ જતાં. આજની જેમ ખાલી ને ભટકતાં મનવાળાં જુવાનિયાંઓ ત્યારે ન હતાં. અતૃપ્ત કામવાસનાની વિકૃતિનાં રોદણાંનાં ' સાહિત્ય 'નો અમે ભોગ નહોતાં બન્યાં. તેવી રીતે સંયમશૂરું દામ્પત્યે નહોતું મહોર્યું. વિષયભોગના અતિરેકની ચેપી માંદલાઈનો, બડાઈખોરીનો એ કાળ હતો. તેવી રીતે હું યે પરણેલો હતો. એ ' ક્ષય 'માં ચાલી ગઈ. ને મને ચશ્માં દેતી ગઈ, જીવનની જવાબદારીનાં, વિશ્વ-જીવનને જોવાનાં. ખરું કહું તો હું બાવીશ વરસની અવસ્થાએ તો વિધુર બન્યો. ને પછીનાં બાવીશ વર્ષો એકપત્નીવ્રત્તની ' ભાવના 'ને દીધાં.

લીલા : બસ, ત્યારે તમે શું હજી એવડા જ છો ?

શેઠ : હા, ને શરૂનાં દસ વર્ષમાં કાંઈ નહિ કાંઈ નહિ ને સો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગાં નકાર્યાં ને રહી રહીને સામે ચાલીને છેલ્લું ને પહેલું, એકનું એક માણું નાખ્યું તે આ તમારું. મારું પેલું 'ચોથું વસ્ત્ર' તમે ડગમગાવી દીધું હતું, લીલા! (હસી પડે છે.)

પણ ફરી હવે હું એવી કમતડી નહિ કરું! આટલી શિક્ષા મારે બસ છે. હું આજની એક રાતમાં ચુમાલીશની અટારીએથી સાઠ વર્ષને ભોંયતળિયે પટકાઈ પડ્યો છું.

મને હવે એ પણ સમજાય છે કે તમારે માટે તો ખૂબ ખૂબ મેં સાંભળ્યું ને પોતાનું ગણી હૃદયમાં ધાર્યું. પણ મારે માટે તમે સદંતર અંધારામાં કે ઊલટું—પૂર્વગ્રહમાં રહ્યાં કર્યાં. ઘૃણા થઈ આવે એવું એવું જ તમે સાંભળ્યા કર્યું હશે. (સામું જોઈ થોડું રહી) હું યે નવી સુધારક નિશાળનો જીવ ને જૂનો ગ્રેજ્યુએટ હોઈ શકું છું. તેને તમે કેવો પછાત સ્ત્રી-પ્રગતિદ્રોહી ને પશુ માની લીધો. એ સાચું છે કે મારે તમને જોવાં જોઈતાં હતાં. મળવું જોઈતું હતું.

લીલા : એનો અર્થ એ થયો કે તમે મને હવે તો ઊલટા સાચું 'ચાહવા' માંડ્યા. (દૃઢનિર્ણિત સંકલ્પભાવ વ્યક્ત કરતી હસે સ્મિત પાથરતી, મૃદુ મિષ્ટ મુગ્ધ દૃષ્ટિ મેળવતાં) ત્યારે તો હું તમને જ પરણીશ!

શેઠ : (હસી કાઢતાં) તો તો 'મડા' સાથે પરણતી નાત-કન્યાને બચાવવા બહાર પડવાની હું જ પહેલ કરીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલા : તમે તો ખડતલ દેખાઓ છો. હજી તો મૂછો ય કાળી છે. કેવી સરસ લાગે છે ! (આગળ-પાછળનું બધું ભૂલી જતાં) મને મુછાળા મરદો જોવા ખૂબ ગમે છે, શેઠ ! પોતે 'ચાહે છે' એટલું કબૂલતાં ય ઓલા નમૂછિયાવ ધ્રૂજી રહે છે. (વિચારભારે) ને એમનું 'ચાહવું' પાછું ! પ્રભુ જાણે તેઓ જુવાન છોકરીઓમાં શું 'ચાહતા' હોય છે તે જ મને કેઈ દિવસ નથી સમજાયું. જુવાન છોકરીઓને તેઓ શું માનતા હોય છે એ પણ એક કોયડો છે. તેમના ઉછેરમાં જાણે તેમની જનેતાનું વાત્સલ્ય નથી ડોકાતું, ભગિની-નો ભાવ નથી ભળ્યો સૂઝતો, મામી-માસીના મમત, દાદી કે ભાભીનાં લાડ દેખાતાં નથી, ભોગનું જીવતું યંત્ર તેમને જોઈ એ છે જાણે-કે કોઈ ભાવનાઘેલડાને પૂજાનું ઘેનીલું બાબલું દેખાય છે છોકરીઓમાં. (શેઠની તરફ નજર કરતાં) ને તમે તો સામે ચાલીને માણું કર્યું હતું. કોણ જાણે કેમ પણ મને એ ગમી ગયેલું પણ હું મૂંગી રહી. મારાં શરમ ને રાજીપો ઢાંકી રહી. તેનો ઘરમાં સહુ યે ઊંધો અર્થ ઘટાવ્યો. એટલે તો સહુ જાણે ગુનેગારો હોય તેમ તમારી વાત કાઢતાં. ને મારાં મિત્રો બહેનપણીઓ બધાં, ખરી સમજણ વગરની ઠઠ્ઠા ઉડાવતાં. જાણે તેઓ એક એવા માણસની વાત કરતાં લાગે જે દુનિયામાં નક્કામો હોય. ને તેમની વીરપૂજા પામવા મેં આટલું રોમાંચક સાહસ ખેડી નાખ્યું.

શેઠ : બરાબર છે. આ જમાને ને પરચક્રી શિક્ષણે વૃદ્ધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એ ભાવ જ ઊભો કરી દીધો છે. એ જરૂરનો હતો. એટલી ચેતવણી, માનભરી વૃદ્ધાવસ્થા ઘડી લેવાની ફરજ પાડશે તેમને. ને છતાં જગતને તો જુવાનોની જરૂર છે, લીલા ! જુવાનોની સામે એક સુંદર જીવનની સંભાવના ઊભી છે.

લીલા : (સ્વગત લાગે તેવું બોલતાં) ને એ ઊધરતાઓ આંખનાં નૂર ગુમાવી ગોખવાંચ કરી ' ભણુતા ' હોય તે કમાતા થાય ત્યાં સુધી રાહ જોવી રહી ને ! ને નોકરી મળે ન મળે, ખાવાપીવાના સાંસા પડે તેના કરતાં રળી કમાઈ ને સ્થિર થયેલા તમારા જેવા શું ખોટા, કે પહેરવાઓઢવાના કોડ તો પુરાય ! હું. ખરું ને ! (સામું જોઈ) માત્ર સ્ત્રેણ છોકરશાહી ' જુવાની ' સિવાય, એટિકેટ ને ફેશનનાં પૂતળાં સિવાય એવાઓમાં બીજું શું બળ્યું હોય છે ?

શેઠ : અવસ્થા અવસ્થાનું સામ્ય મોટી વાત છે, લીલા ! યૌવન તો, બાપ દીકરા પાસેથી ચાહે તેવી ચીજ છે.

લીલા : (સવિચાર) આળવીતરાઈ, કાલાઈ ને મૂર્ખાઈ, બેજવાબદાર એકલસૂડાઈ, ધૂની ગાંડપણ, મનમોજી એકલપેટાઈ એ જ ને ' જુવાની ' તો ?

શેઠ : (ચકાસતાં) પૂર તો ડોળાં ને ઉતાવળાં જ હોય. (સામી સૌમ્ય મૃદુ તેજ વરસાવતી આંખ માંડી જોઈ રહે છે.)

લીલા : (તેની તેવી દૃષ્ટિ ઝીલતી ને પાછી વાળતી) હું જે જાણવા પામી તે તો માત્ર જુવાનો જ ચાહી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું નથી પણ વૃદ્ધો (સુધારતી) આધેડા ય....

શેઠ : (વચ્ચેથી) તેનો ભોગ થઈ જાય છે, ગધેડાઓ ! એમ જ ને !

લીલા : તમે તો મારું મન જ વાંચી લો છો. એટલું તો ઠીક તે સાચવી પણ લો છો. મને તમે ગમો છો, શેઠ ! હવે મને નહિ પરણો ? હવે હું તમને નહિ ગમું ? કહો ને ?

શેઠ : એવું ન પુછાય મુછાળાને. જમાનો સંવનનનો ન હોય તો એવાઓ હરણ કરી જાય, એટલાથી તો. (ગંભીરપણે) હું એવો હંસ નથી કે વિનોદનું પાણી તારવી, સાચનું દૂધ સારવી શકું !

લીલા : (વળગી પડતી) તો સ્વનામધન્ય ! ચતુર્ભુજ થઈને પારખું કરી લ્યો !

શેઠ : ઊભાં રહો ! એટલી છૂટ લેવા પહેલાં થોડો વિધિ; (ખીસામાંથી સોનાની લગડીઓ કાઢતાં લંબાવી) આ તમારો અવેજ—સ્ત્રીધન સંભાળી લ્યો પહેલાં તો. (બારણું ખોલી ઘૂમ મારતાં) અરે જોશીજી ! અહીં આવજો જરા !

લીલા : (નજીક આવી ઊભતાં જરા લેવાતી સ્ત્રીસુલભ લજ્જા ને માન જાળવતી) તે તમે તો જાણે બધું આગળથી ગોઠવી રાખ્યું છે. તે....શું....(વિચારમાં પડી જાય છે.)

શેઠ : એવો જશ ખાટી શકું તેમ નથી. હા, ભગવાને તો જરૂર ગોઠવી માર્યું લાગે છે. એની લીલામાં તો વિશ્વાસ ખરો. એણે તો જુવોને કેવી તેની લીલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસ્તારી છે ને મૂર્તિમંત મોકલી આપી છે. (બંને હાથ લીલાના બાહુ પર વિસ્તારી, તેને પડખામાં સમાવી, તેના નીચાં ઢળ્યાં મુખને હાથવતી ઊંચું કરી, આંખ મેળવી બીજા હાથવતી ગલી તરફ પડતી બારી ચીંધી) જુઓ! આ તરફ ઉત્તર દિશા છે. પાંજરાની દિશામાં બરાબર નીચે, દેખાય છે ધ્રુવ મહારાજ? (બેઉ હાથ જોડી વંદે છે.)

લીલા : (જોવા કરતી) હા. (હાથ જોડતાં શેઠનું અનુસરણ કરે છે ને તેથી પવિત્ર પુણ્યમય સહચારભાવનું માંગલ્ય અનુભવતી, સમસમજણનું સુખ માણતી) હું સમજી.

[જોશી આવે છે.]

શેઠ : (જોશીને સંબોધતાં) મહારાજ! લગ્નનું મુહૂર્ત–ઘડિયું, જુવોને કયારે આવે છે?

જોષી : (વસ્તુસ્થિતિ પારખી લેતાં) ગાંધર્વ યોગ તો તમારા સુઘરતા ચંદ્રમાં જ મને દેખાતો હતો. હું કહેતાં અચકાયો'તો, મને પણ આવું જ કંઈ 'કળાડું' બનશે તેવું લાગતું હતું.

નાહીધોઈ વસ્ત્ર વગેરેથી તૈયાર થાવ ત્યાં બ્રાહ્મ-મુહૂર્ત થવા આવશે ને શુભ ચોઘડિયે ઉકેલી લઈએ. હું નીચે કાકીમા પાસેથી ચીજવસ્તુઓ એકઠી કરાવું છું. (જવા જાય છે.)

શેઠ : (જતા જોશીને) તો ભેગાભેગું ઑફિસરૂમમાં પોલીસ અમલદાર બેઠા છે તેમને પણ કહેતા જાવ કે ભાણજી શેઠને ત્યાં ફોનથી ખબર કરી દીએ કે લીલાવતી અહીં–તેમને સાસરે છે. ચિંતા ન કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોશી : ને તેમની પોલીસની લીલા ય સંકેલી ઘર ભેળા થાય.
(હસતાં હસતાં જાય છે.)

શેઠ : (મરનાર પત્નીની છબી પાસે લઈ જઈ, આંગળી ચીંધી બતાવતાં) કાંઈ મળતાપણું લાગે છે ? (સામેના કબાટમાંના કાચ તરફ ફેરવી લીલાને તેનું પ્રતિબિંબ બતાવે છે. ધ્યાનમગ્નપણે) એણે દેહ છોડ્યો ત્યારે એ આવી જ બાવીશ વર્ષની હતી. ને નવા દેહે આવી મળી ત્યારે પણ એવી જ બાવીશ વરસની છે. માત્ર વચગાળાનાં બાવીશ વર્ષો મારામાં સમાઈ ગયાં છે. બહુ રાહ જોવરાવી 'તમે' તો.

લીલા : એમનું નામે 'લીલા' હતું ખરું ? મારે એ ફૂરનાં ફોઈ થાય.

શેઠ : હા, કાકીમાએ મને એ વાત કરેલી, કે 'કન્યા' તો મરનારનો એક બીજો નમૂનો જોઈ લ્યો જાણે !

લીલા : અને બસ ! એટલા ઉપરથી તમે બીજું બધું જાણવું જોવું પડતું મૂકયું, સિદ્ધાંત ફગાવ્યો ? બદનામી વહોરવા બેઠા ! (હસે છે.)

શેઠ : હા. મરણકાળે મરનારને મેં કહેલું : 'હું ફરી નહિ પરણું.' પણ એણે પૂછયું : 'હું પોતે પાછી આવું તો ય નહિ ?'

લીલા : (સજિજ્ઞાસ) પછી તમે શું કીધું ?

શેઠ : 'કહી' તો ન શકેલો. પણ 'કરી' તો બતાવું છું.

[પડદો]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુવાનીનું નાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાનમ્

[પુષ્પિતાગ્રા]

મનુજજીવનની વિપત્તિ કેરું
ઉગમ સદા ' મતિભ્રંશ 'માં સમાયું:
અવિહિત ગણુના-ભ્રમે જનોમાં
મમત પ્રમાદ વિરોધ—અંતરાયું.

સકળ અસતનું અઘોર ઘેરું
તમસ ભયંકર પાશવી છવાયું;
વિશદ સુખદ થૈ રહો પ્રકાશી
શરણ સુસેવન શારદે સહાયું.

માનવજીવનનાં દુઃખસર્વસ્વનું મૂળ-ઉગમસ્થાન સદાય તર્કશુદ્ધ બુદ્ધિમત્તાના અતિરેક કે લોપને જ કારણે છે. સાચી સમજણને અભાવે લોકજીવનમાં આંધળી ગણતરી, એકલક્ષી મમત-ભ્રમ, આળસ, કુસંપ ને હિંસાવૃત્તિ ફાલ્યાં રહે છેઃ બધાં અસત્યાચરણનું એ ઘેરું ભયંકર પાશવી અંધારું જેની સેવ, શરણ ને સહાય વડે વિશદ-શુભ ને સુખદાતા બને છે એવાં સરસ્વતી અમારી બુદ્ધિને પ્રકાશી રહો.

ઇતિ નાન્દી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુવાનીનું નાણું*

[એકેક ઘાટના પાકી બાંધણીના ઊંચી પડથાળવાળા પાસાદાર છપ્પરવાળા બગીચાદાર મકાનની એ પહોળી ને લાંબી ઉતરાદી–આથમણી ઓસરી છે. સળંગ જાજમ બિછાવેલ છે. ઉપર લાંબી ભોજન–પાટ છે. ફરતી પાંચ ખુરશી ગોઠવી છે. જરા પાસે બાજુની ઘોડી પર કોડી પાયેલ ચંબુ ને હાથરૂમાલ પડ્યાં છે. મેજ પર કાચની બાલી રકાબીઓ અકેક ખુરશી દીઠ બબ્બે મૂકી પડી છે. તેવાં કાચનાં તેટલાં પ્યાલાં પણ. ઉતરાદે ભાગે પગથિયાં છે, તેવો બીજા ઓરડાઓ તરફ જવાનો રસ્તો. દૂર વાડી, ખેતરો ને સ્ટેશન દેખાય છે. ઊધડતે પડદે લાંબા પગઢંક ડગલાની પટાકસ છોડતાં, બગલમાં છાપું દાબેલાં ગૃહિણી બોલતાં પ્રવેશે છે.]

ગૃહિણી : અરે વેજા ! ચા–નાસ્તો લાવો હવે !

[અંદરથી 'જી'ની લાંબી સૂરાવટ સાથે વેજો દેખાય છે.]

---

* કહેવતનું શેષઅર્ધ : શિયાળાનું છાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહિણી : જો ગાડી ઊપડી. (દૂર જુવે છે.)

વેજો : જી ! લાવ્યો ! (ડગલો કાઢવામાં મદદ કરી તે સાથે લેતો, ઊપડતી ગાડી જોતાં જાય છે.)

[ગૃહિણી એક ખુરશી પર ઢીલા અંગે પડે છે. પોશાકની કરકસર ને બેદરકારી, ખુલ્લાં ભુજ ને કેશ તથા એક હાથ ઉપરની સૌભાગ્યચિહ્નની મદદ વગર ભુલાવો ખવરાવે તેવાં એ છે. અવાજ, ચાલ તથા માંસલ કસરતી દેહ તેમના સ્ત્રીત્વને ઝંખવે તેવાં છે. ડોક તથા આંખ તેમને કુનેહ-બાજ દેખાડે છે. એમનું રૂપ-દર્શન ગમે તેવા બહોળા અવલોકનશીલને પણ ઘડીભર રોકી રાખે તેવું કહી શકાય. જુવાની તેની સમજણ સાથે, રસ સાથે એમને 'વળગી' પડી છે.

ઉતરાદા વરંડાનાં ભાગે મોટર આવીને અટકવાનો ને તેનાં બારણાં બંધઉઘાડ થયાનો ખ્યાલ આવે છે. ગૃહિણી તે તરફ પગથિયાં સુધી ધીરે ધીરે જઈ ઊભે છે. વેજો અંદરથી નાસ્તાનું ઠામ તથા ચાનો સરંજામ લાવી ટેબલ પર ગોઠવતો રહે છે. તેવું આ તરફ એક નોકર મહેમાનોનો સામાન અંદર લઈ જતો હોય છે. બે ગૃહસ્થો પાછળ શોફર ને ત્રીજો નોકર પ્રવેશે છે.]

ગૃહિણી : પધારો ! (બંને હાથ જોડે છે) આનંદમાં છો ને ?

પરિચિત મહેમાન : (હાથ જોડતાં) આપ સહુ મઝામાં ને ? સાહેબ જાગ્યા નથી ?

પ્રથમાગંતુક મહેમાન : (ગૃહિણીને) આપ બિરાજો ને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહિણી : (સાભારપણે) કોઈ હરકત નહિ. (શોફરને) અરે ભીમભાઈ ! સાહેબને કહો કે મહેમાન આવી ગયા છે.

[ભીમજી જાય છે. દરમિયાન પ્રથમાગંતુક મહેમાને ચંબુથી વરંડાની નીચેનાં ફૂળીમાં પડે તેમ પાણી છાંટી મોં ધોવું શરૂ કર્યું છે. પરિચિત મહેમાન નજીક ઊભા છે. ગૃહિણી મેજને સામે છેડે જઈ બેઠાં છે.]

પ્રથમાગંતુક : (ગૃહિણી ન સાંભળે તેવા ધીરા અવાજે) મને તો ઓળખ્યો છે ને ?

પરિચિત મહેમાન : હા. હા !

પ્રથમાગંતુક મહેમાન : ત્યારે માત્ર મને જ અંધારામાં રાખવો છે એમ ને !

પરિચિત મહેમાન : હું. પહેલપહેલાં હું અહીં આવ્યો ત્યારે મારી એ જ વલે હતી.

પ્રથમાગંતુક મહેમાન : હશે. ત્યારે તો એ પ્રણાલિકા થઈ. થોડો કે આગવો પરિચય હોય તો આપણને છાજતા શિષ્ટાચાર કે વિનયમાં ભૂમિકારૂપ થઈ પડે.

પરિચિત મહેમાન : એ એક ભ્રમ છે. ઊલટું પૂર્વગ્રહ બંધાઈ જાય છે. ને મિલનનો કાવ્યભાવ ભૂંસી મારે છે. ને પરિચયના અનુભવ સહુના થોડા સરખા હોય છે ? (સામું જોઈ રહે છે.)

પ્રથમાગંતુક મહેમાન : વાહ ! ત્યારે તો મોટી મહેરબાની કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સાહેબ આવે છે. ચશ્માં ને સ્મિત મોઢા ઉપર; લાંબી ફલાંગો ને ઊંચું કાઠું દેહની દૂબળાઈ કળાવા દેતાં નથી. પોશાકે તો પતિપત્નીનું ઐકય દેખાઈ આવે છે. એમની પાછળ રહ્યાં એક યુવતી આવે છે. ગાલના વધુ પડતા લોહીથી બેઠેલી આંખો જો ચશ્માંથી ઢંકાઈ ન હોય તો એમનાંમાંનું જોવા જેવું માર્યું જાય તેવી પ્રાથમિક અસર એ ઉપજાવે-ફેલાવે છે.]

ગૃહપતિ : (બંને મહેમાનોથી હાથ મેળવતાં જઈ પ્રાસંગિક વિનય કરતાં) આનંદ થયો. (પ્ર. આગંતુક મહેમાનને સાથેનાં યુવતીનો પરિચય આપતાં) આપને તો ઓળખાવી રાખ્યા છે. મારાં સ્ત્રી-મિત્ર છે. છાનાં કલાકાર છે. આજકાલ મને ' મૉડેલ ' તરીકે મદદ કરે છે. અમારા કામમાં મૉડેલ થઈ પડવાનું હજુ આપણે ત્યાં જવલ્લે જ છે.

પ્રથમાગંતુક મહેમાન : (ધૃષ્ટતા કે વિનય ન નક્કી થઈ શકે તેમ) મારી પિછાન તો ઠીક. પણ ખુદ આપને માટે જ મને કશું જાણપિછાણ નથી મળ્યું. નાહક મારી વિવેકબુદ્ધિ પર મૂઠી દેવાયું છે.

ગૃહપતિ : ઘણું સારું. હું મારો પરિચય પોતે જ આપું. એવું કેટલુંક તો આપણે સહેજે અનુમાની શકીએ તેવું બાદ રાખીને ટૂંકમાં લોકોએ મને જે રીતે ઓળખી રાખ્યો છે-ને એ આપણો સામાન્યપણે સરખો અનુભવ હોય છે કે આપણે આપણને પોતાને જેવા માનતા હોઈએ છીએ: જનતા પણ આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા જ સ્વીકારે, એ માટે આપણે સહેજે પ્રયત્નશીલ હોઈએ છીએ. છતાં લોકોની તો પોતાની અલાયદી રીત હોય છે. એટલે લોકોએ મને જેમ યાદ રાખ્યો છે: તે એક મારા વિશેષ જીવનકાર્યથી. (પત્નીને ચીંધી) અમારા વિશિષ્ટ લગ્નયોગને કારણે. હું મોટી ઉંમર સુધી 'વિરક્ત અપરિણિત' હતો ને એ 'અપરિણિતા ત્યક્તા' હતાં.

પ્રથમાગંતુક મહેમાનઃ (મીઠું હસતાં) હં શું ?

ગૃહિણી : (જે નજદીક આવી ઊભતાં વાતમાં ભળ્યાં છે, વાતનો વિનોદ ખુલ્લો કરતાં) પરણ્યા પહેલાં ત્યજી દેવાયેલી. પરણ્યા વગર જ પ્રેમ કરી લેવા જેવી ગણેલી. પરણ્યા પહેલાં પતાવી દેવાયેલી. સમજ્યા !

પ્રથમાગંતુક મહેમાનઃ સ્નેહીએ કે સગપણ થયેલાએ ? (તરત જવાબ ન મળતાં) નાત ?

ગૃહિણી : (નિઃસંકોચપણે વિનોદભાવે) લગ્નજનાર, દલાલો, માલધણી ને ખરીદનાર વચ્ચેનો ઘરમેળ. સહુની કસીને લેવાદેવાની વૃત્તિ. (ગંભીર લાગતાં) હજી પણ નાતજાત જેવા પછાત પ્રશ્નો ઊભા છે, ખરું ? આપણી સામાજિક માન્યતા ને રાષ્ટ્રીય સ્વાંગ વચ્ચેની સ્થિતિ તથા અંતર ખુલ્લું પાડવા પૂરતાં છે, ખરું ને !

પરિચિત મહેમાનઃ (એને ગાડે બેસતાં) સાચું છે. આપણે ત્યાં હવે કયાં વર્ણાશ્રમ ટકયું છે કે એના એઠવાડ જેવી નાતજાતે ઓળખાવું ! આર્થિક, ઔદ્યોગિક ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકીય ભેદોએ હવે તો આપણામાં નવી જ સામાજિકતા આવી ચૂકી છે.

પ્રથમાગંતુક મહેમાન : આપણા સમાજ માટેની નિર્ભેદ અને અખંડ સામાજિકતાની ખેવનાની મને કદર છે. પણ હડહડતી વાસ્તવિકતા ભૂલીને-ભલે વાતો કરતાં હોઈએ ત્યારે પણ, આપણે ભાવનાની અવ્યવહારુ મનોદશા તો જરૂર છાંડીએ. રાષ્ટ્રીય સ્વાંગ ને પછાત ગણાતી નાતજાતમાં માનવા પાછળ શરમાવા જેવું હોય તો આવી મનોદશા માટે પણ ઓછું શરમાવા જેવું નથી! આપણે જોઈએ છીએ કે વરવા–પરણવામાં એ ચોકઠું હજુ લગભગ બધાંને વળોટવું પડે છે. કોઈ અપવાદ જેવા કિસ્સાઓ એ જન સર્વસ્વનું ધોરણ ન ઠરી શકે. જે ભેદો સ્વભાવજન્ય થઈ પડ્યા હોય છે તે માટેની કેવળ વાંઝણી સૂગ, હું નથી સમજી શકતો, લોકો શા માટે નભાવ્યે જાય છે!?

ગૃહિણી : મતાંધતા, ધર્માંધતા કે સ્વ–માન્યતાંધતાને લીધે હશે?

ગૃહપતિ : હા. એક રીતે તો એ સાંસ્કૃતિક ગૌરવનો અવશિષ્ટભાવ છે.

પ્રથમાગંતુક મહેમાન : સાધારણ રીતે પાણી પીનારો પીતાં પહેલાં કે પછી સહેજે કહેશે, 'અહો! તમે તો કૂવાનું પીઓ છો ને શું!' નળ, કૂવા કે મીઠાં ભાભળાં જેવા ભેદો પાણી જેવા પાણીમાં યે ઊભા છે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાજિક રિવાજોમાં જૂના કે નવા ભેદો હોય તેમાં નવાઈ શું છે ?

ગૃહપતિ : (બધાંને મેજ તરફ દોરવા અગ્રેસર થઈ) હા. પછી પાનારે ભલે વીચી વેાટર કે ગંગાજળ પાયું હોય !

પરિચિત મહેમાન : (જતાં જતાં બાજુ પર રહ્યાં આવતાં ગૃહિણીને લક્ષી) ગાડી થેાડી મિનિટેા મેાડી તેા હતી !

ગૃહિણી : બાસ કંઈ નહિ. (પ્રથમાગંતુક મહેમાનને અનુલક્ષી) ને મેાડા કે વહેલા, અતિથિ તે અતિથિ, થેાડું બારણું ચીંધાય કે ખુરશી ઉપડાવી લેવાય !

યુવતી : કેટલું મૌલિક. ભવ્ય, કાવ્યમય.

ગૃહિણી : (મુગ્ધ-વિવેચનાની પલ્લવિત સુરભિત લાગણીવાળી યુવતીની સમીક્ષાને ડામતાં) હું એમ ?!

[બધાં મેજ ઉપર ગેાઠવાય જાય છે. દક્ષિણુદ્દે મેજ ભાગે ગૃહિણી એકલાં. ઉગમણાં યુવતી તથા પરિચિત મહેમાન, આથમણા ગૃહપતિ ને પ્રથમાગંતુક મહેમાન. નેાકરેા ઉતરાદા વરંડાભાગે બેઠા છે. ગૃહિણીને–થેાડી વારે ચા નાસ્તેા લેતાં–ઇશારે વેન્ને ઊઠીને તેમની પાસે જઈ પાછેા આવી બીજા બંડેા તરફ જવા કરે છે પ્ર. આગંતુક મહેમાનનું એ તરફ લક્ષ છે.]

ભાણુજી : શું હતું ?

વેન્ને : બાઈ સાહેબના પેલા ફેાટાઓની ચેાપડી લાવવાની છે.

ભાણુજી : (જાણે અદેખાઈભર્યું લાગે તેમ) પેાતે માગી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેજો : હા.

ભાણુજી : (મૂછો કરડતાં) હં. લઈ આવ્ય !

[ભાણુજી અન્યમનસ્કપણે ચા-નાસ્તો લેનારાંઓ તરફ ખોડાયેલી આંખે જોઈ રહે છે. વેજો પાછો આવે છે આલ્બમ સાથે. તેની પાસેથી લઈ પાનાં ઉથામવાનું કરતાં અંદરના ખીસ્સામાંથી ન દેખાય તેમ ઝડપથી કંઈક કાગળો જેવું કાઢી તેમાં મૂકી પાછું સોંપે છે.]

ભાણુજી : બાઈ સાહેબને જ આપજે. જોજે પાછી એટિકેટમાં આભડછેટ ન આવે !

વેજો : હા. પાશેરામાં પેલી પૂણી છે હજી તો. ને મે'માન તો આખો દી ગાળવા ગુડાણા છે. (સામે જાય છે.)

[વેજો ગૃહિણી પાસે પહોંચતાં પ્રથમાગંતુક મહેમાન કનેથી વટે છે, જેણે ચા-નાસ્તો પતાવી લીધાં છે.]

પ્રથમાગંતુક મહેમાન : (ગૃહપતિનો મનોભાવ ને ગૃહિણીનો અનુભાવ અવલોકતાં નિર્દોષ જણાય તેવા ભાવે વેજાને હાથથી રોકી) વાંધો ન હોય તો....હું જોઉં ?

ગૃહપતિ : (અચણુચ) જુવો ને ! કશો જ વાંધો નથી. (પરિચિત મહેમાનને બતાવી) આમણે તો એ પાડચા છે. એટલે પછી આપ સિવાય બધાંએ જોયું જ છે. થોડા ઉતાવળા થયા; બાકી આપને માટે જ મંગાવાયું હશે કદાચ ! (ગૃહિણી પ્રત્યે હસી જોઈ રહે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમાગંતુક મહેમાન : (આશ્ચર્ય દાખવતાં) અચ્છા ! (એ સંમૂઢ નોકર પાસેથી આલ્બમ લઈ લે છે.)

[વેન્જે બીજા નોકરો બેઠા છે ત્યાં પાછો જઈ બેસે છે.]

ગૃહિણી : (મૂંઝાતાં છતાં રસ્તો કાઢતાં) એમાં મારા કોઈ કાગળો–બીલો જેવું હોય તો હું જોઈ લઉં ?

પ્રથમાગંતુક મહેમાન : (ગૃહિણીની ચાતુરી તથા નિશ્ચિંતતા જોઈ આશ્ચર્ય અનુભવતાં, સમ–સમજણને ભાવે, આંખ માંડી, જલદી જલદી આલ્બમમાંથી તેવી વસ્તુ જોવાનું કરતાં પેલું શોફરે સરકાવેલું તે – એક કેબિનેટ ફોટો કાપી ને ચિઠ્ઠી બરાબર જોઈ લેવાતાં ગૃહિણીને લંબાવવા આપતાં) અંબાવજો જરા, કૃપયા !

ગૃહપતિ : (ઉતાવળે સ્વાભાવિકપણે આંખ ફરતાં જન્મેલ અચકાટ તરત શમાવી લેતાં, પત્નીને લંબાવે છે) નવું ને છેલ્લામાં છેલ્લું પોઝ હશે ? અરે વેલા ! મહેમાનોને માટે નાવાનું પાણી મૂકયું છે ને ?

વેલોઃ (ઊઠી નજીક આવી ઊભતાં) હાજી સાહેબ !

ગૃહપતિ : એમના ઓરડાઓ એમને બતાવ્ય, જા. ને તેઓ સાહેબો જે ચીંધે તે કરજે. જાવ ! (ઊઠે છે.) ગાડી તો અહીં જ છે ને ! ભાણુજી ? ચાલો ! બંધૂકો મૂકી દો ! વેન્જ ! મારાં હેટકોટ કારમાં મૂકી આવ્ય !

[ભાણુજી અને વેન્જે જાય છે. બધાં ઊભાં થાય છે. વેલો મહેમાનોને દોરવા સહુ આગળ ઊભે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહપતિ : (વેલાને અનુસરતા મહેનાનોને) હાજી ! આપ સ્વસ્થ થાવ. ત્યાં હું જો કાંઈ હાથ આવે તો જોઉં. હમણાં જ આવ્યો પાછો. ને બાઈ અહીં જ છે. (જવા તત્પર યુવતીને) આપણને તો કદાચ બપોરે અવકાશ મળે તો મળે. ચાલો! આવો છો ને સાથે ? તૈયાર થઈ ને આવો બારોબાર ! (આગળ પાછળ જનારા દેખાતા બંધ થાય છે, તેવી મૂંગી સંમતી સાથે યુવતી ઉતાવળે જાય છે કે તરત હસવાના ઢંગ સાથે) જોઉં ! પેલાં ફોટો ને ચિઠ્ઠી ?

ગૃહિણી : (કશા જ આગ્રહ કે ભીતિ વગર તરત સોંપતાં) લ્યો! તમે નથી જોયો, ખરું ? (આંખ માંડી માપતાં, અને થતી અસર ઉકેલતાં) એ તો મેં ને ભાણુજીએ સાથે પડાવ્યો છે.

[વેજો ટેબલ સાફ કરી અંદર ચાલ્યો જાય છે.]

ગૃહપતિ : (ફોટો જોતાં જોતાં ઊંચું જોયા વગર) પણ કપડાં વગર ? તમારો આ બર્ચાળ છંદ–આઈ મીન હોબી–ને દિગંબરી વાદ–ન્યુડિઝમનો આઇડિયલ, નથી લાગતું ? કે હજી આપણને ખોટાં ચકચાર કરવા પૂરતાં છે. જમાનો તમે ધારો છો તેવો ને તેટલો હજી આગળ પડતો નથી. (એ આ બધું દાઢમાંથી બોલે છે જાણે.)

ગૃહિણી : પેલાં તમારાં નગ્ન પૂતળાં તો તમારે મન કાંઈ નહિ. ને કલાકો સુધી પેલી તમારી 'મૉડેલ' વગર કપડે ઊભી રહે એ તો શોભા. માત્ર મારું બધું હંબગ ને ઘેલછા કે બરચાળ, બરું !! શું છે એની ચિઠ્ઠીમાં ? મેં ય નથી વાંચી હજી ! (ગૃહપતિ સામે મૂંગાં નીરખી રહે છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહપતિ : મૂરખ છે. એને એવો વહેમ કોણે ભરાવી દીધો ? કહે છે કે એણે પોતાનું લોહી તપાસાવ્યું ને ડૉકટરનું કહેવું છે કે લોહીનું ઝેર થઈ જાય છે. તે જિંદગાની-નો ભરોસો નથી. ને જીવવામાં સાર જેતો નથી. છતાં ટ્રીટમેંટ–સારવાર કરાવવા માટે થોડા પૈસા માગ્યા છે. ગાંડિયાને શું ભાન કે મેં એને માટે જ આ ડૉકટરને તેડાવી મંગાવ્યા છે. (ચિઠ્ઠી સાંચવીને ગજ વાળી પોતાના ગજવામાં સંભાળથી મૂકે છે ને ગૃહિણીને માપી–નોંધી ચાલ્યો જાય છે.)

[ગૃહિણી ઊંડા ચિંતા–ભારમાં અંદર જાય છે. થોડી ક્ષણો બાદ નાહવા જતા, દુવાલો બભે ને લેંઘા બમીસભર મહેમાનો નીકળે છે.]

વેલોઃ હાજી સાહેબ ! બધી વાતનું સુખ. બાકી નોકરી ઈ નો કરી ! જુવાનીથી નોકરી છે.

પ્રથમાગંતુક મહેમાન : (સસ્મિત) એમ ! ? હા આ ....

વેલો : મને તો રહ્યે હજી અઠવાડિયું થ્યું સાહેબ. પણ સાંભળ્યું છે, બાપુ ! કે શેઠાણીનો નોકર જાડો થાતો જાય. ને શેઠનો ગળતો જાય.

પરિચિત મહેમાન : તું કોનો નોકર ?

વેલો : હું સાહેબનો. પણ કીયે છે કે સાહેબનો નોકર ટકે નહિ ને બાઈ સાહેબના નોકરને પરાણે જાવું પડે. કાં માંદો થાય કે અકાળે ગુજરી જાય કે આપઘાત કરે!

પ્રથમાગંતુક મહેમાન : (સભય સખેદ) એવું કેમ કરતાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેટો : ઈ તો પ્રભુ જાણે સાહેબ ! બાકી જુવાનીથી નોકરી છે.

[પોર્ચના ભાગે મોટર છે ત્યાં બંધૂકનો અવાજ ને મૃત્યુભીતિચીસ સંભળાય છે. મહેમાનોને નોકર બાઘા બની જડની જેમ ચૂપ થઈ જઈ અવમના બની જાય છે. અંદરથી ગૃહિણી ઊંચે જીવે દોડતે પગલે આવે છે.]

ગૃહિણી : (વેલાને) એલા ! જો તો શું થયું ? અવાજ તો નજીકમાં જ થયો લાગ્યો. ને મોટર હજી ઊપડી ય સાંભળી નથી. આંહીં આટલામાં તે કયાંથી શિકાર.... કે કાંઈ અવળું....આપઘાત તો કર્યો નથી ને કોઈએ, જા જા....દોડય ! જો તો જલદી !

પ્રથમાગંતુક મહેમાન : (સ્વસ્થ થતાં) ખૂન કે આપઘાત એ તો કાબેલ પોલીસને માટે પણ મૂંઝવે તેવો કોયડો થઈ પડશે. માત્ર ડોકટરની પસંદગીમાં મને નોતરવામાં ભૂલ થઈ છે.

[પડદો]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢાંકપિછોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાનમ્

[પુષ્પિતાગ્રા]

અધીન, જગતનાં અનંત કર્મે
મનુજ બધાં મથતાં રહે ગૂંથાઈ
કુશળ સજગ થૈ, ચહે સદા સૌ
સુખ–અરથી વ્યવહારમાં વીંટાઈ

રટણ અટન ચાતરે વિમાર્ગે
પરમ પદાત્વ તણી ભૂલી સગાઈ
વિદિત, મુદિત એ બનો, ગિરાને
પુનિત સમાન કૃપાપ્રસાદ ગાઈ

જગત તો વ્યષ્ટિ ને સમષ્ટિના સંમિશ્ર કર્માકર્મનું જાણે જાળું છે. એમાં ગૂંથાયેલાં સંધજીવી માનવપ્રાણી તેને આધીન થઈ જીવે છે. સજાગ રહી કુશળપણે વ્યવહાર–વીંટળાયેલાં સહુ સુખ ચાહતાં મથ્યાં રહે છે. એ વિચાર–આચારમાં પરમાત્મ–તત્ત્વનાં સાંનિધ્ય ને સાક્ષાત્કારની શાશ્વત સગાઈ લોપી એકપક્ષી બની ખોટે રસ્તે પણ ફંટાય છે. તે સમભાવી બુદ્ધિદાતા શારદાના ગુણદર્શી ગાને, જ્ઞાનઊજળું આનંદ સોહામણું ને પુણ્યપ્રદ બની રહો.

ઇતિ નાન્દી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी

ઢાંકપિછોડી

[એકાંકી નાટક]

[પરાના વસાહતી રસ્તે શિયાળુ ઊજળી રાત્રિ. ચહેરો ન ઓળખાય પણ રસ્તો સૂઝે તેવું આછું અજવાળું પાથરતી થોડેક દૂર સુધરાઈની બત્તી છે. વળાંક લેતા ગઢની રાંગે, ઉપર–ડાબા હાથ પર ડોકાતું–શરૂ થતી શેરીને નાકે બે માળવાળું મકાન અંદરના શોરબકોર તથા ગાયન–વાદનની ધમાલથી જાગતું અને ઝળહળતું છે. જમણા હાથ પર સ્ટેશન હોવાનો ખ્યાલ આપતો બત્તીવાળો સિગ્નલ માત્ર હાથા પૂરતો–નીચેનાં ઘટાદાર ઝાડથી ઢંકાયેલો દેખાય છે. ઉપર થોડું તારા ઝબૂકતું આકાશ દેખાય છે. ફાનસવાળા વર્તુળાકાર ઓટલા પર, ડોકાં ખાતા પોલીસની હાજરી છે.

જમણી દિશા તરફ કંઈક સંચાર થતો સાંભળી પોલીસ એ તરફ કાન અને આંખ માંડી રહે છે. ત્રણ પુરુષો પ્રવેશે છે. એમાંનો એક બીજા સાધુ દેખાતા માણસને નામરજી છતાં દોરી લાવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો નફિકરાઈથી એમની સાથે રહ્યો આવે છે. બંનેના પહેરવેશ સરખા જ છે. લાંબા પગ–ઢંક ડગલાથી શરીરઢાંકયા બેઉ જોધપુરી–સુરવાલ અને સાયંટોપીમાં છે.]

પહેલો પુરુષ : ....અરે....કોણ છે, ત્યાં....? અહીં આવો !

ચોલીસ : (જે કંઈ નવું બની રહ્યાની આગાહીમાં ટપારવાનું ભૂલી જવા પામે છે.) કેમ ભાઈ, શું છે ?

પહેલો પુરુષ : (સાધુને બતાવી) આનો કબજો લ્યો ! ને એને જામામાં રાખજો. એની પાસે મતા છે, ચોરી કે ઠગી કરી લાગે છે.

ચોલીસ : (પાસે આવતો) પણ....તમે....!

પહેલો પુરુષ : (વચ્ચેથી) હું....બરાબર. ફોજદારને કહેજો કે આ કેસના પરિણામની હજૂરશ્રીને પણ જાણ કરે, સમજ્યા ?

ચોલીસ : (સમજી જતાં અદબથી સલામ કરી) ભલે સાહેબ ! (સાધુને બાવડેથી પકડી એને ધક્કેલતો લઈ જાય છે.)

પહેલો પુરુષ : (છુટકારાનો દમ ખેંચતાં) ચાલો પત્યું. (સાથીની નજરનું અનુસરણ કરી) હું....હવે શું વિચાર છે ?

[સામેની મેડીમાંથી સારંગીના સ્વરો, તબલાના તાલ સાથે સંભળાવા શરૂ થાય છે.]

પહેલો પુરુષ : હું, લ્યો એવું જ સામે ' સંયમીઓનું જાગરણ ' છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો પુરુષ : આટલી રખડપટ્ટી પછી ચાલ, જે થોડો સહારો મળ્યો તે.

પહેલો પુરુષ : (ચોકી ઊઠતાં) ધબ્બાગરો બંધાવવો છે ?

બીજો પુરુષ : (સાહજિકતાથી) ના રે, ના. નીચે ઊભા સાંભળશું. દાદરાને ઓથાણે—ગઢની પછીતે ટેકાવીને, ચાલ !

પહેલો પુરુષ : જવાદો ને ! આરડે છે બેઠી. ઠેકાણા વગરનું માલ વગરનું ઠાલું !

બીજો પુરુષ : (કાંઈ સાહી લઈ જવા કરતાં) ચાલ ચાલ, મઝા પડશે.

પહેલો પુરુષ : સાથે નહિ, આપ પધારો. થોડું રહી હું ય આવું છું.

બીજો પુરુષ : (હસતાં) ઓલાનો પહેરો સાચવજે. (જાય છે.)

[એ થોડું ટહેલતો પછી જાય છે. હવે મેડી પરનું સંગીત આસ્તે આસ્તે જામતું જતું સંભળાય છે પણ ઝાંખું. દરમિયાન ચડ્ડી, કોટ અને હૅટમાં એક યુવાન જમણી તરફથી ટહેલતો પ્રવેશે છે. એનું ધ્યાન મેડી પરના સંગીત પર છે પાતળું કાંતિમાન શરીર અને તનમનાટ-ભર્યું એનું હલનચલન છે. ગવાતું અટકે છે.]

યુવક : (આસપાસમાં ઝડપ ફેરવી લઈ) અહીં તો બીક અને કંટાળો બંને લાગે છે. (કાંડે નજર કરી લઈ) ઓહ ! હવે તો વખત થવા આવ્યો, ને ભાઈસાબનો હજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્તો નથી—કેટલું મોડું ! (જવા કરે છે. ત્યાં કોઈ આવતું લાગે છે. સામેથી વીજળિક બત્તીનો પ્રકાશ—ઝબકારો થાય છે. પોતાના ચહેરા પર ઝબૂકતી રોશનીથી અંજાઈ—અકળાઈ ચિડાતાં) મનોજ ને ! ?

[જવાબ મળતો નથી. પગલાં નજીક સંભળાતાં છેવટ લીલા રંગનો ગરમ ઓવરકોટ, હાથમાં લાંબી ટૉર્ચ સાથે કાન ઢંકાયેલે સાફે, સુરવાલ પહેરેલો આગલો પોલીસ પાછો આવે છે.]

પોલીસ : કોણ છો ?

યુવક : (નિર્ભયતા જાળવતાં) કેમ ?

પોલીસ : (થોડું અંજાતાં) અહીં શું કામ ઊભા છો ? શું છે ? કોનું કામ છે ?

યુવક : બહારગામ જવું છે. ગાડીને થોડી વાર છે. એટલે અહીં ગાયન સાંભળું છું.

પોલીસ : જાવ મિસ્ટર ! કામ કરો. ચાલબાજી અને તેય પોલીસની સામે ! રાતવરત આવે ઠેકાણે ઊભા રહેવામાં તમારા જેવા સારા લાગતા માણસે શરમાવું જોઈએ !

યુવક : સારા કે માઠા. કયાં શરમાવું પડે એ સહુ કોઈ જાણતું હોય છે. બાકી વર્તવું તો સહુએ સારી રીતે જોઈએ.

[પોલીસ જવાબ દે તે પહેલાં બનેનું ધ્યાન કોઈ આવનાર તરફ ખેંચાય છે. કોટ, હૅટ, પાટલૂન, ટાઈમાં સજ્જ એ એક સુંદર યુવાન છે. હાથમાં ચામડાની હાથપેટી છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવક : મનોજ ?

આગંતુક : હા ચારુ ! કેમ આ ઠેકાણે અહીં ?

ચારુ : (થાક અને કંટાળો વ્યક્ત કરતાં) બહુ મોડું !

મનોજ : બિલકુલ નહિ ! પા કલાક વહેલો.

ચારુ : ડ્રાઈવર થોડો વહેલો ઉતારી ગયો. એ ઊંઘણશીની ઘડિયાળમાં કંઈ ઠેકાણું નહિ હોય, મેં ય કાંઈ જોયું નહિ. સામે કાંઈ જલસા જેવું લાગે છે, તે સાંભળી વખત વિતાવ્યો.

મનોજ : હું હું....પણ આ ભાઈ (પોલીસ, જે ખંધાઈથી આ બધું સાંભળી રહ્યો છે તેને ચીંધી) કોણ છે ?

ચારુ : વર્તે છે તો પોલીસના માણસ માફક. પછી તો એ ભાઈ જાણે.

મનોજ : હું. હશે. ચાલો. ગાડીનો વખત થવા આવ્યો છે.

પોલીસ : મિસ્ટર ! ક્યાં જવા ધાર્યું છે.?

મનોજ : (સલૂકાઈથી) આબુનું તો નક્કી છે. પછી કંઈ કહેવાય નહિ.

પોલીસ : (દાઢમાં) આમ અસૂરે કેમ ? રાત લઈને ! હ્યો ચાલો, આબુ તો નિરાંતે જવાશે. પહેલાં જરા પોલીસ-ચોકી સુધી પધારો ! (આગળ ચાલવાનું કરી રસ્તો ચીંધે છે.)

ચારુ-મનોજ : (લગભગ સાથે) કેમ શું કામ ? કેમ ભઈ ?

પોલીસ : આમ ! (ચારુની હૅટ તેને ખ્યાલ આવે તે પહેલાં ત્વરાથી ઉતારી લે છે. નીચેથી ચોટલાની ગૂંથેલી સેરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથરાય છે.) કાવતરાંખોરોને હવે થોડું અભિમાન આવ્યું છે. પોલીસની છૂપી તપાસણીમાંથી છટકવું સહેલ નથી, બાબા ! બોલો, બીજા સાથીદારો કયાં છે. સરંજામ કયાં છે. બૉમબૉમ તો બીસામાં નથી ને ?

ચારુ : (ખડખડ હસી પડતાં). ભાંગબાંગ પીધી નથી ને ! (પાછી પેટ પકડી હસી પડતાં, પછી સ્વસ્થ થઈને) કોઈ દી બાપગોતર એનાર્કિસ્ટ જોયા છે ?

મનોજ : ને આમ ઓળખી કાઢયા પછી તમારી તો લાશ હેઠી પડી હોય, સમજ્યા ! ?

પોલીસ : (જરા લેવાતો છતાં ગતમાં રમતાં) એમ ! હવે આમ કયાં સુધી હાંકવું છે ? આ ' ભાઈ ' બાઈ માણસ છે અને તમે એને નસાડવાની કોશિશ કરો છો, એટલી તો અક્કલ છે પોલીસમાં.

ચારુ : (વળી પાછી અટ્ટહાસ્યમાં ઘેરાઈ જઈ) લ્યો દ્યો જવાબ ! ચાલો બીજો શિરપાવ મળ્યો. (પોલીસને) હવે ત્રીજું કાંઈ સૂઝે છે ? (ગંભીરપણે) ભાઈ ! કોણ કોને નસાડે છે, એની તમને શી ખબર !

પોલીસ : ડાહ્યાં ન થાવ ! સીધાં સીધાં ચાલો (દમ ભીડતો, જોરથી) ચાલો ! નહિ તો મારે ઠાલો પરચો બતાવવો પડશે !

મનોજ : (પોલીસના આવા વર્તાવથી જેની મૂંઝવણ વધી પડી છે) ભલામાણસ ! જરા અક્કલથી ખુદાને તો પિછાણ કે પછી માણસને કનડતા જ ફરવું છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : (પર્સમાંથી પૈસા કાઢી, હથેળીમાં રાખી હાથ લંબાવતી પોલીસને, આંખો છલકતાં હાસ્યે) આમાંથી જોઈએ તેટલું લ્યો. પણ હવે ખમૈયા કરો માબાપ ! કયાંક ગાડી ચુકાવશો ? આજ જવું ન હોત તો આવી ગમત જતી ન કરત !

પોલીસ : ચાલાકી ન કરો ! બધાને જ શું લાંચિયા ધારો છો ?

મનોજ : ત્યારે તો પ્રમોશન મેળવવા પરાક્રમે ચડ્યા લાગે છે.

ચારુ : (પૈસા પર્સમાં પાછા મૂકતી, કંઈક ગંભીર થવા કરતી છતાં મરક મરક થતે જતી) જુવો ભાઈ ! અમે અમારાં બંનેનાં માવીતરની રજાથી થોડા દિવસ બહારગામ મુસાફરીમાં જવા નીકળ્યાં છીએ, સમજ્યા ! સગાં છીએ. તેમ આમનો મારા ઉપર ડોળો છે, તે જો પાટે ચડે તો....આ કપડાં ને ? હવે તો ઘણું પહેરે છે. પણ મને આજ ભારે પડ્યાં, ખરું ?

પોલીસ : (ઝંખમાં) તે બધું ઉપર કહેજો !

ચારુ : (હસતી) ઉપર કોને, ઈશ્વરને ?

મનોજ : (ઘડિયાળ જોતો) લપ છોડ ને ચારુ ! વખત થવા આવ્યો છે. (પોલીસને પોતાનું કાર્ડ લંબાવતાં) આ સરનામું. તમારા ઉપરવાળાને વંચાવજો. (ચારુને) લે, ચાલ હવે !

[મનોજ ચારુનું કાંડું સાહી ખેંચવા કરે છે. પોલીસ કાર્ડને ડઘાતાં-ભાવશૂન્યતાથી જોઈ રહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : (મઝાક કરતી) પણ આમને હજી કયાં પતીજ પડી છે ?!

[દરમિયાન સ્ટેશનમાંથી પાંચ મિનિટના ડંકા સંભળાય છે.]

મનોજ : (ખીજ, બીક તથા સૂક્ષ્મ ઈર્ષ્યામાં) તો પાડજે બેઠી, હું ટિકિટ લેતો પરવારું. (કહેતો દોડતે પગલે જાય છે.)

પહેલો પુરુષ : (આસ્તે કદમ આવે છે. પોલીસની સલામ ઝીલતો મનોજ ગયો તે દિશા તરફ જોઈ રહ્યાં) બાયલો ! (પોતાને પડતી મૂકી ચાલતા થવાની મનોજની વલણથી સમસમી રહેલી ચારુ સામું જોઈ રહેતાં) આ જ તમારી પસંદગીનો મૂરતિયો કે ? એનામાં એવું શું જોયું કે આટલી હિંમત ઉઠાવવી પડી, બાઈ !

[ચારુ, અચંબો પામતી, સમજવા કરતી કંઈક ડઘાતી સાંભળી રહે છે.]

પહેલો પુરુષ : હેં....પ્રેમ. સારું થાવ ઈશ્વરનું કે એણે રાત સાથે ઊંઘ સર્જી છે. નહિતર જાગતાં માબાપો ને રસમરૂઢિઓમાંથી શે છટકાત. ને પ્રેમીઓને બિચ્ચારાં-ઓને દોહ્યલા દહાડા વિતાવવા પડત. એટલે તો કોઈ નિર્વિઘ્ન સ્થળે જઈ રહ્યાં હશો, ખરું ? પણ પરમેશ્વરની જેમ આ પોલીસે જાગતી રહે છે ને સાળું !

[ચારુ વમળાતી આ આકસ્મિક ગેરસમજમાંથી નીકળવા માર્ગ શોધતી મૂંઝાતી ઊભી છે.]

પોલીસ : (કાર્ડ સોંપતો) લ્યો સાહેબ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો પુરુષ : (વાંચીને) તારા પિતાનું લાગે છે. તો પછી હું તને ઘેર સુધી મૂકવા આવું કે પાછું પિંજરમાં નથી જવું ?

ચારુ : (ઊંધું ખતવાતું જોઈ બીજામાં) અંહ....

પહેલો પુરુષ : (મૂછમાં મરકતાં) પુરુષ તરીકે 'જાતિગૌરવ' છેવટ આડું આવે, હો ! ઓલાની નાસીપાસનું નીચા-જોણું ટાળવા હું તો તારી સાથે એને બદલે નાસી જવાને ય તૈયાર થાઉં પણ તું એટલે સુધી તૈયાર નહિ હોય !

ચારુ : (વિનયપૂર્વક અગમતું વિરોધવા કરતી) આપ....

પહેલો પુરુષ : (વચ્ચેથી) હા. (મનગમતો અર્થ કરી) નાસી જનારને બહુ બહુ તો સાથ જોઈ એ, ને એમાં એક પુરુષ નકામો નીકળ્યા પછી આટલી મોડી રાતે બીજો કયાંથી જડે !

ચારુ : (હિંમત કરીને) અમે નાસી જનાર ન હતાં. કેવળ સાથે પ્રવાસે નીકળ્યાં છીએ: તે પણ માવીતરની સંમતિ તથા ભાવિ સંબંધના અધિકારે....હું જવા માગું છું....(જવા કરે છે.)

પહેલો પુરુષ : (પોલીસને) જાવ તો જરા, જુવો કે પેલા ભાઈ સ્ટેશનમાં છે ? તો તેડી લાવો ! (પોલીસ ગયા પછી) એમ ડર નહિ, ભાઈ ! તને એના જેમ નાંસતાં યે નહિ ફાવે. હિચકારાઓમાં એટલી તો કળ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું બધું તો ઠીક....પણ મને સમજ ન પડી તે તો તારી પસંદગીમાં....

ચારુ : (જે ગળે આવી રહી છે) પણ....મારે આ બધું નથી સાંભળવું....

પહેલો પુરુષ : (ચારુને અવગણતો)....અને એ તને ગમતો કેમ કરતાં થઈ શક્યો, તારા હૃદયમાં કેવી રીતે સ્થાન પામ્યો; અને તું લોભાણી, મોહાણી તે કયા પાણીમાં....

ચારુ : એની સાથે આપને શું પંચાત છે ?

પહેલો પુરુષ : નથી પૂરો રૂપાળો. છે પણ તારી સુંદરતાને યોગ્ય તો નથી જ. હું....કદાચ 'શ્રીમંત' હશે !

[ચારુને હવે નિરાધાર મૌન સેવવા સિવાય છૂટકો નથી.]

પહેલો પુરુષ : તેમ તું યે કાંઈ ગરીબ હો તેમ લાગતું નથી. તો પછી સ્ત્રીઓ પુરુષોમાં કઈ પાત્રતા માગતી હશે ! હું. જોયું, હું ભૂલી જઉં છું. તમારા વચ્ચે ભાવિ સંબંધ છે. સારું થાવ બાકીતરનું અગર આ સગપણ હું.... બાળલગ્નથી સ્ત્રીપુરુષનો સંબંધ જોડી દઈ, બેઉને એકમેક માટે મનોમન તૈયાર કરી અપાતાં ન હોત, જિંદગીભર અરસપરસના થઈ રહેવાના-સંસ્કારો રેડી દેવાની પેરવી ન હોત, સ્ત્રીની સ્વયંભૂ સ્વાતંત્ર્ય-વૃત્તિને ગળાટૂંપો ન દેવાતો હોત, એના વિચારોને નાનેથી ચીની સ્ત્રીના પગ જેમ જકડી બાંધ્યા ન હોત, ગભરુ ગૃહિણી અને ગરજુ માતા બનાવી મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોત, તો....તો શું, પોતાપણાના સાચા ભાનવાળી, સાચા સ્ત્રીત્વભરી—સ્ત્રીના અંતરમાં સ્થાન પામવા પુરુષોને અવતારો બદલવા પડ્યા હોત, પકવ અવસ્થા અને સારાસારના વિવેકવાળી સ્ત્રીનો ખોળો ખૂંદવાનું પામવા માનતાઓ કરવી પડત.

ના ના, આમાં તો પ્રેમ હશે, પ્રથમ દૃષ્ટિનો પ્રેમ હશે કે તું અને પૂર્વભવના યોગ કે ઋણાનુબંધના સંબંધે કે કોઈ અકથ્ય આકર્ષણે તણાતી ચાહતી હોઈશ. (ચારુનું સ્વેચ્છિત મોન નોંધી તેની અસર અનુભવતાં આસપાસમાં જોતાં) ગભરાઈશ નહિ! એમ તો મને ય એક દિવસ ઘેલું થઈ આવેલું, કે હું જો 'છોકરી' હોઉં તો કેવો પ્રિયતમ પસંદ કરું....'એવું' સમજી! (ચારુને રમૂજ પડે છે.)

સાચું કહું! મેં થોડા કલાકોનો એ ફોગટ પ્રયત્ન તરત પડતો મૂકી દીધો હતો. ભાઈ! સારું થયું કે આપણે સ્ત્રી ન થયા, નહિતર કુંવારા જિંદગી વિતાવવી પડત, કારણ કે હું જેને પુરુષ માનું તેવું એક પણ પ્રાણી એ શોધખોળને પરિણામે હાથ ન ચડેલું.

જો, સાંભળ! મેં કેવા પુરુષો જોયા, તે કહું. (આંગળાંના વેઢા બદલ્યે જતાં) બોચિયાંઓ, બોતડાંઓ, બોઘાઓ, ખુડથલો બડેજાવ મહેરબાંઓ, જડસુ—આળસુ અકરમીઓ મેલાઘેલા ગંદાગોબરા કઢંગાઓ, મૂજી કંજૂસો, તોરી તિસ્મારખાંઓ, દોઢડાહ્યા વાયડા ગાંડાઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભકતા રાંકલિખારીઓ, દંભી ઘમંડી બડેખાંઓ, હવસખોર ઇશ્કી ખચરાંઓ, નાલાયક છાકટા નશાબાજો, ચાવળા ચિબાવલા માવડિયાઓ, જુગટિયા છટકેલ છિનાળવા છેલછબીલાઓ, ચાગલા ચુગલીખોરો, વટલેલ–વરણાગી વંઠેલાઓ, એકલસુડા ઘરકૂકડીઓ (હસતાં) કેટલીક જાત ગણાવું, શી શી ઉપમા આપું! એમાં આપણો તો રસ ન પોસાય ભાઈ! એથી તો આપણે એ પ્રયત્ન છોડી દીધો. (ગંભીરપણે) એમ અબૂધ રહીશ તો આવી કોડીલી જિંદગી વણસાડી બેસીશ.

બોલ! મૂંગી કાં થઈ બેઠી? કંઈક તો બોલ (નાટકીય ઢબે) મૂંઝા મા થોડુંક તો હૃદય બોલ! (ચારુ વિરોધ નોંધાવતું મૌન સેવી રહે છે) જો, એમાં શરમાવાની જરૂર નથી!

ચારુ : તો પછી મને શું કામે રોકી રાખી છે?

પહેલો પુરુષ : મારા વિનોદ અંગે ન શરમાવાની વાત છે, અત્યારનાં તારાં પગલાં માટે નહિ.

ચારુ : આપ મૂળ હકીકત સમજ્યા નથી અને પછી જેમ આવે તેમ અનુમાન્યે જાવ છો. એમાં શરમાવા જેવું શું બન્યું છે! હું એક કુલીન અને સંસ્કારી પિતાની પુત્રી છું, મને મારી ફરજ તેમજ યોગ્યતાનું પૂરું ભાન છે.

પહેલો પુરુષ : તું જેની પુત્રી હોય તેની. એમાં ઓળખાણની જરૂર નથી. એટલું તો દીવા જેવું છે કે તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ છે. એ સમાજમાં રહી સુખી થવા ઇચ્છનારે થોડું ઘડાવાની જરૂર છે અને એમાં લગ્ન માટે ઉતાવળાં ન થઈ જવું એ પ્રથમ પગથિયું છે.

ચારુ : (ટોણામાં) અને છૂપાં કે જાહેર અનીતિમાન થવું એ બીજું તથા દોરડું લટકાવવું કે એ હિન્દુ–સમાજ છોડી દેવો એ ત્રીજું કે છેલ્લું....પણ આવું આવું સંભળાવવા મને રોકી રાખી હોય તો મને સરનામું આપો. હું આપની આ વિદ્વત્તાનો વળી નિરાંતે લાભ લઈશ કે પછી આપ કાયદેસર કરતા પરવારો–મને પોલીસ ચોકી ભેગી કરો પણ....

પહેલો પુરુષ : (વચ્ચેથી) પોલીસ ચોકીમાં ? અંહ ! મારું ચાલે તો હું તમો પ્રેમીઓને કોઈ એવી દિવ્યભૂમિમાં લઈ જવા માગું કે જ્યાં પોલીસે તેમની જ નાતના હોય. (મેડી તરફ જોઈ) ઘણી ખુશીથી જઈ શકે છે તેમ હું કોઈ પોલીસનો માણસ પણ નથી. લે આ આવ્યો તારો સાથી.

[પોલીસ તથા મનોજ આવે છે.]

પહેલો પુરુષ: અરે નાયક ! આમને જવા દો !

પોલીસ : અચ્છા સાબ !

મનોજ : (પહેલા પુરુષને) આભાર થયો ! (ચારુને) લે, ચાલ હવે ચાંપલાઇ કરતી. (ખેંચે છે.)

ચારુ : (આંખમાં હસતી) આપનો આભાર માનું છું, સાહેબ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સ્ટેશનમાંથી ગાડી ઉપડવાની સિસોટી સંભળાય છે. બંને ઉતાવળે દોડતાં દેખાતાં બંધ થાય છે ત્યાં સુધી પહેલો પુરુષ તેમને નીરખી રહે છે.]

બીજો પુરુષ : (બાજુમાંથી લપાયેલો નીકળીને, એના હાથમાંનું કાર્ડ લઈ વાંચતો અને પછી એને ખેંચતો) મળીને માથાની સતુ ! લે ચાલ હવે !

સતુ : ગાડી ચૂકી ગયાં એ તો જાણે ચોક્કસ. (હસી પડે છે.)

[બંને જાય છે.]

[પડદો]

[વ્રજમોહન શેઠનો મુલાકાત–ખંડ. સવાર. સામ-સામા સોફાઘાટ કાચ ઢાળેલા છે. દીવાલને અઢેલીને એક મેજ અને મેજની બાંયમાં ખુરશી પડી છે. મેજ પર એક બાજુ લેખનસામગ્રી, વચમાં આયનો અને બંને ભાગે ફૂલદાનીઓ છે. તેની ઉપરના ભાગે મોટું ઘડિયાળ ટાંગ્યું છે. સાડા આઠનો સમય દેખાડતું એ અવાજ કરતું રહે છે. દીવાલ પર ચિત્રો છે. સામે કાચની સળિયેાવાળું તોરણ ઝૂલે છે. એમાંથી બીજા ખંડમાં જવા દાદરનો કઠેાડો ને પડસાળ દેખાય છે. ખૂણામાં પૂરા થતા કાચ પછી ચકચકતી લાકડાની લાંબી ઊંચી ઘોડીઓ પર બુદ્ધ, શિવાજી, પ્રતાપ અને ગાંધીજીના આરસના અર્ધ બાવલાં ગોઠવેલાં છે. ઓરડાની બરાબર વચ્ચે એક નાજુક, ઘાટીલું ગોળ મેજ છે જેને ફરતી ચાર ગાદીવાળી ખુરશીઓ છે. ઉપર રેશમી રંગરંગિત ઝૂલ પાથરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તે પર એક સુંદર કલાત્મક ધૂપદાનીમાંથી ધૂમ્રગુચ્છો ઓરડામાં ફેલાતાં રહે છે. ઊધડતે પડદે મુલાકાતીઓ કોઈ, મોઢું છાપામાં નાખી કે કોણીએ ટેકવી તો કોઈ ધીરી વાતે વળગેલ છે. કોઈ અવલોકનસંમૂઢ બની જે તે નીરખતા હોય છે. એક ગૃહસ્થ સાથે વાતો કરતા શેઠના મંત્રી પ્રવેશે છે.]

ગૃહસ્થ : એ જ ઠીક છે.

મંત્રી : જી, ભલે.

[એ ઉત્સાહી જુવાન, વર્તમાન યુગની છાયા પાથરતો રહે છે પોશાક, ભાષાદિ–રહેણીમાં મૂર્તિમાન રાષ્ટ્રીયતાના પ્રતિનિધિત્વ સમો એ લાગે છે. મોટા માણસોમાં 'મોટાઈ' પૂરનારા, તેમના હાથ-પગ સમા, પડદા પાછળ રહી તેમની મોટાઈમાં લાકડાં ઉમેરનારા કે લડાવનારા, મૂંગા–અનામી, સ્નેહ કે પેટવડિયાઈએ ખરીદાઈ ગયેલા–સબળ આત્માઓ માંહેનાઓનો એ એક નમૂનો છે.]

ગૃહસ્થ : હું જુઓ રાહ ન જોવરાવશો સમજ્યા !

મંત્રી : આપ એ માટે બેફિકર રહેશો. હું નોંધ કરી લઉં છું.

ગૃહસ્થ : હું. બરાબર (જાય છે.)

નોકર : (પ્રવેશતો, મંત્રીને) કોઈ બાઈ આવ્યાં છે.

મંત્રી : (તેની સાથે જતો) હું. ચાલ.

[મુલાકાતીઓ–આ સાંભળતા જોતા–પાછા જેમના તેમ થઈ રહે છે. એમાં એક કોરથી વળી ગયેલા જરા તોતડાતા કાન-ભૂંગળી વેંઢારતા વૃદ્ધ, પણ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધ : (પડોસી જુવાનને) ખબર લઈ નાખે તેવું છે ને! બચાડા જીવને આમાં ખાવાની કુરસદે, ને રહેતી હોય તો!

જુવાન : જશ મેળવવો કાંઈ છોકરાના ખેલ છે!

વિધવા આશ્રમ વ્યવસ્થાપક : જેનાં કામ જે કરે. હું–તમથી મોઢા પરની માંખે ઊડવાની નથી!

વૃત્તપ્રતિનિધિ : ભોઈની પટલાઈ છે!

હરિજન કાર્યકર : આજના'ને હરવાતમાં બસ એવું જ દેખાય છે. એમાં ખોટું શું છે! જશની ભાવના સદ્‌ગુણ નથી?

જુવાન : અને સદ્‌ગુણ એ ફરજ નથી? એમાં કઈ વડાઈ?

[મંત્રી આવે છે.]

મંત્રી : (મુલાકાતીઓ ઉપર એક ઊડતી નજર નાખી વૃત્તપ્રતિનિધિને એકબાજુ ખેંચતાં) આપ શું ઇચ્છો છો?

વૃત્તપ્રતિનિધિ : હું તે તમને કહી શકતો નથી. (પાછો પોતાની બેઠક તરફ ફરવા માંડે છે)

મંત્રી : (તેને રોકતાં) શેઠ સાહેબને ખુદને કહેવા જેવી વાત માટે પણ તમે મને વિશ્વાસમાં લઈ શકશો. તેથી તમને નુકસાન નહિ જ થાય. કદાચ હું માર્ગદર્શક થઈ પડીશ. પછી તમારી મરજી.

વૃત્તપ્રતિનિધિ : (અસંમતપણે) આભાર. (પોતાની જગ્યાએ ગોઠવાય છે.)

[શ્રીમાન ઓરડાના કમાડ વચ્ચે લટકતા તોરણને સૂરાવટ આપતા પ્રવેશે છે. આપકર્મે આગળ વધેલા એ એને પાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ રહેવાનું કરતા, લક્ષ્મી ઉપરાંત મળવા માંડેલાં માન તથા યશને બંધબેસતા થવાનું શીખી ગયા છે. બધા ઊભા થઈ નમન કરે છે. બંને હાથ જોડી નમન ઝીલી મેજ પરથી ચાંદીની ખોળીવાળી સોટી ઊંચકી પછી થોડા આગળ આવે છે.]

શેઠ : (ઊભેલા હરિજન કાર્યકરની ઉધરાણી જેવાં નમન વાળા) આવો. આપણે જઈએ. દરમિયાન આ ભાઈઓને.... થોડો વખત છે હજુ.

હરિજનકાર્યકર : જી, હા.

[શેઠ જો એન્જિન હોય તો એ ગૃહસ્થ ડબ્બા માફક નજીક આવી, ચાલવા રાહ જોતા ગોઠવાય જાય છે. વિધવા આશ્રમ વ્યવસ્થાપક નજીક આવી, નમન કરી અટકીને કંઈ બોલવા ચાહતા પણ અચકાતા ઊભા રહે છે.]

શેઠ : કેમ, શું ચાહો છો ?

વિ. આ. વ્યવસ્થાપક : (બેઉ હાથ જોડી સક્ષોભ) આપની કૃપા. (પાછા અટકી જાય છે.)

શેઠ : (વિનોદભર્યા) કંઈ ફ્રોડ પાડશો કે બસ કૃપા જ !

વિ. આ. વ્યવસ્થાપક : હું વિધવા આશ્રમનો સેવક છું.... (નમનની મુદ્રા જેવા બેઉ હાથ પાછા ભેગા થઈ જાય છે.)

શેઠ : કયું વિધવા આશ્રમ ? કયા ગામનું, શું નામ ? કોણે કયારે સ્થાપેલું, આજ દી સુધીનો વહીવટ કેવો છે ? કેટલી સંખ્યા ? કોણ કાર્યકરો ? કંઈક ખ્યાલ તો આપો, આમ અચકાયે કેમ કામ ચાલશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ. આ. વ્યવસ્થાપક : હા જી. કૃપા થઈ. આ છેલ્લો અહેવાલ (ઝોળીમાંથી ચોપડી કાઢી લંબાવે છે.)

શેઠ : (અહેવાલની ચોપડી લેવા મંત્રીને ચીંધી, વ્યવસ્થાપકને) સારું. અમે યથાશક્તિ મદદ કરવાનું નહિ ભૂલીએ.

વિ. આ. વ્યવસ્થાપક : (વચ્ચેથી ખસી વેગળે ઊભતાં હાથ જોડતાં) કૃપા થઈ સાહેબ!

વૃત્તપ્રતિનિધિ : (એની જગ્યા લેતાં) અત્યારના આપના ભાષણની નકલ માટે આવ્યો છું અને સારો ઉઠે તેવો છેલ્લો ફોટો પણ જોઈએ છે. મને મોકલ્યો છે.

શેઠ : હું. બરાબર. પણ આગવાં છપાતાં ભાષણો બધાં જ કાંઈ અપાતાં નથી. તંત્રીજીને કહેજો કે આપણા જાહેર કાર્યક્રમો હજી વિલાયત કે વિધાતા જેવા ચોક્કસ નથી હોતા. (મંત્રીને) આમને તો તમે ઉકેલી શકયા હોત!

મંત્રી : (વૃતપ્રતિનિધિને) આપ હમણાં બેસો.

વૃતપ્રતિનિધિ : (તાજે થતો નિર્દિષ્ટ જગ્યા પર બેસતાં) જી.

શેઠ : (ભૂંગળીવાળા ગૃહસ્થને આઘાપાછા હટતા–વધતા જોઈને ધરિા કાઢીને) કાં તમે છુપાતા ફરો છો, શેઠ, બોલો!

વૃદ્ધ : આપને ફુરસદ હોય તો, કપૂરના વરઘોડામાં પધારવાની અરજ છે!

શેઠ : (ધરિા કાઢી) ફુરસદ તો નહિ મળે. બોટી 'હા' પાડ્યે શું લાભ. (મંત્રીને વૃદ્ધ સાંભળે તેમ) તમને બસો રૂપિયાનો ચાંદલો કરવાનું કહ્યું હતું તે યાદ છે ને! કંકોત્રી આવ્યાને દિવસે. એ આ મારા જૂના મહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રી : હા જી. મેં ચેક કાઢી રાખ્યો છે. (ખિસ્સામાંથી ચેક બુક કાઢી શેઠને પેન ધરે છે.)

શેઠ : (ચેકમાં સહી કરી પેન મંત્રીને તથા ચેક વૃદ્ધને આપી ધરીને કાઢી) આટલું સ્વીકારો! ફૂલ નહિ ને ફૂલની પાંખડી.

વૃદ્ધ : (સંતોષાતાં) ના, પણ આપ સમાની હાજરી અમ ગરીબનો પ્રસંગ દીપાવે, એવાં અમારાં ભાગ્ય કયાંથી! અને અવસરની વાતું છે. (બીજાઓ તરફ જોઈ, સહુને જોતાં જોતાં ડોકું હલાવીને સંડોવી તેઓને પણ ડોકાં હલાવવાની ફરજ પાડી) નકર કાંઈ થોડી તકલીફ દેવાય?

શેઠ : (ઘાંટો કાઢી) હું દિલગીર છું કે નથી આવી શકતો. એય ને રંગેચંગે લગ્ન ઉકેલો. (સ્વસ્થ થઈને) હા. હં. ચાલો પત્યું. (બેસ સરખો ગોઠવી ઘડિયાળ તરફ ટીકી લઈ, હરિજન કાર્યકરને) ચાલો ભાઈ. વખત થવા આવશે. (પોતે જવા કરે તે પહેલાં પેલો જુવાન ચાલ્યો જવા આગળ નીકળી જાય છે તેને લક્ષી) કેમ આપ ભાઈને બોટું લાગ્યું!

જુવાન : (અટકી સામે જોઈ) એથી બોટું લાગતું જણાય તો આપ આગળ પધારો! (બાજુ પર થઈ જાય છે.)

મંત્રી : (જુવાનને) આપ શું કામે પધાર્યા છો તે જણાવો! 'એમ,' સમજ્યા!

જુવાન : હું દિલગીર છું અહીં આવવા માટે. મેં વિચાર ફેરવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : (સજિજ્ઞાસ) તોપણ !

જુવાન : આપને મોડું થશે.

શેઠ : છતાં તમને સાંભળી લેવાત. તમે નિરાશ થઈ ને જાવ તે તો ઠીક નહિ.

જુવાન : નિરાશ 'થઈ ને' નહિ 'કરીને' જઉં છું.

શેઠ : ઈ શું વળી, ભાઈ!

જુવાન : આપની શિષ્યવૃત્તિના બદલામાં–એ માટે આવ્યો હતો–જે વિદ્યા પામું અને આપનાં જશ, મરતબો ને ઘમંડની આ બધા જેમ (આસપાસનાને ચીંધી) ઓરાકી થઈ પડું એ કરતાં તો અવિદ્યામાં સબડું એ વધુ માનભર્યું છે.

શેઠ : (ધવાતાં) હું દિલગીર છું કે સ્કૉલરશીપ મેળવવા માટે તમને હું સૂઝયો અને તમારે અહીં આવવું પડયું. આવ્યા તો સ્કૉલરશીપ લેવા પણ તમે તો મારી પરીક્ષા કરવા માંડી કે આવા- માણસથી તે લેવી કે નહિ. ખેર, હું પૈસાવાળો એટલે મને માન–અપમાને શું હોય! ખરું ? શ્રીમંતો બિચારાઓ જાણે રેઢા ને ઉઘાડા ગોળનાં માટલાં જેવાં, ખરું ? કીડી મકોડા ચોંટયાં વળગ્યાં રહે. સાચું ને !

જુવાન : વારસામાં કે અકસ્માત મળેલો, કે કાવાદાવાથી કૂટી કાઢેલો પૈસો અને અત્યારનાં ધર્મ, રાજ કે સમાજ-તંત્રના દિવસ ન હોય તો આપ એક તદ્દન અસાધારણ માણસ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[બંને પેલા વૃત્તપ્રતિનિધિ–છાપાના ખબર-પત્રીના ખોરાક થઈ પડે છે. શેઠ સભાન છે.]

શેઠ : બરાબર. સાચું છે. હું સામાન્ય જ છું અને રહીશ. તેમ મેં તો મને પૈસાનો વહીવટદાર માન્યો છે. અને ઊગે એવે ઠેકાણે એ વાપરવાની ફરજ સમજી વાપરું છું, તેમ એટલું તો તમે ય કબૂલશો કે હું 'નીવડેલ' માણસ છું. ફતંદેવાળિયા મવાલી કે ભૂખડીબારસોના હાથમાં સમાજનું નાણું આવે છે ત્યારે તમે જાણો છો કે નાચ, ગાન અને જુગાર દારૂ સિવાય એમને બીજું સૂઝતું નથી. હવે મોડું થશે. ટૂંકામાં તમને દાન લેખે નહિ તો વ્યાજ સહિત પાછાં ચુકાવી આપવાની તમારી વટદાર શરતે પણ જોઈતી હશે તો તમને સારા જમીન લઈ સ્કૉલરશીપ આપીશું. વિચાર થાય તો શંકરને (મંત્રીને ચીંધી) કહેજો, ગોઠવણ થઈ રહેશે. (જાય છે.)

[પાછળ સહુ એક પછી એક છેવટ પેલો— વિચારભારમાં ઊતરી ગયેલો જુવાન પણ જાય છે.]

મંત્રી : આપ મારી સાથે ઑફિસમાં પધારો ! (કહી વૃત્ત-પતિનિધિને દોરતો મંત્રી અંદરના દાદરથી અદૃશ્ય થાય છે.)

[થોડી ક્ષણો શાંતિ પથરાય છે. ત્યારે પડખેના ખંડમાં ચૂડી–વાજું વાગતું સંભળાય છે. નીચે મોટરનું પપૂડું સંભળાય છે. બારીમાંથી નીચે આવનારને જોવા કરતી ખાલી ઓરડામાં ચારુકલા હાથમાં વાજાંની ચૂડી સહિત પ્રવેશે છે. દરમિયાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય પ્રવેશદ્વારથી સતુ પ્રવેશે છે એ જોધપુરી સુરવાલ અને બંધ ગળાના અલવરી ડગલા ઉપર હેટ જે હાથમાં છે પહેરેલો છે.]

ચારુ : પધારો (ખુરશી ચીંધી) બિરાજો. પિતાજી તો બહાર ગયા છે.

સતુ : (ઊભાં ઊભાં) એક રીતે એ સારું થયું છે. મારે તેમનું કામ નથી અને પરિચયે પણ. આ એમની બેઠક છે, ત્યારે ? હું.

ચારુ : (ઓળખી જતાં-) ઓહ ! આપ જ કે ? આભાર થયો. (બેસે છે. સતુ પણ બેસે છે.) હમણાં આવી (કરતી દોડતી અંદર જઈ અટકી ઊભેલું ચૂડી–વાજું ચાલુ કરી પાછી આવી) તપાસ કરવી પડી કે તરત મળી આવ્યું ?

સતુ : તમને દરવાજા પરની અગાસીમાં ઊભેલાં ઓળખી ગયો અને આવ્યો. છે ને કુરસદ....(કહી એ રાતની યાદી કરતો–કરાવતો થઈ રહે છે.)

ચારુ : આપનું મકાન કયાં આવ્યું ?

સતુ : અહીં ખાતે તો મારે મકાન નથી.

ચારુ : તો કયાં રહો છો ?

સતુ : રાજમહેલમાં.

ચારુ : (થોડી ઝંખવાતાં) ત્યાં શું ?

સતુ : હજૂરશ્રીની સેવામાં.

ચારુ : આપ એમના સંબંધી હશો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : નહિ

ચારુ : તો ?

સતુ : (નછૂટકે બોલતો લાગતો) તેઓશ્રી વિલાયત પધાર્યા ત્યારે તેમની 'પ્રજા' તરીકે ત્યાં ખાતે મળ્યો હતો. બસ. સાથે ઊંચકી લીધો. ત્યારથી તેમની સાથે પડ્યો 'જીવું' છું.

ચારુ : બા—બાપુજી છે ને ? ઘેર જતા—આવતા રહેતા હશો !

સતુ : (થોડું ખમી ખાઈ ચારુને નોંધી, કશુંક નક્કી કરી લીધા કરે) હોય તો પ્રભુ જાણે મને તો ખબર નથી.

ચારુ : (ચોંકતાં) એટલે ! એમ કેમ બોલો છો ?

સતુ : મેં જોયાં નથી. હાં. યાદદાસ્ત શરૂ થઈ ત્યારે તો હું મુંબઈ હતો. મકાન, નોકર—ચાકરો, વૃદ્ધ આયા અને એક મહેતો એ મારી તહેનાતમાં રહેતાં હતાં. થોડો મોટો થયો તો જગમોહન બોર્ડીંગ હાઉસમાં મુકાયો.

ચારુ : (વચ્ચેથી) એ તો પિતાજીના નામનું છે તો શું તમે....

સતુ : (સમજી લેતાં, હસીને) તમારી નાતનો છું, એ જ ને! નાત જમાડો ત્યારે ભૂલશો મા, હવે. કે નાત બહાર મૂકવો હોય તો છોડશો મા, વિલાયત જઈ આવેલાને!

ચારુ : તમે નાતમાં પંકાઓ છો. હવે મને યાદ આવે છે. બાપુજી તમને ઓળખતા લાગે છે—વખાણ કરતાં થાકતા જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : મૂરતિયા તરીકે હશે, કદાચ !

ચારુ : (સલજ્જપણે) કોણ જાણે, એવું કંઈ યાદ નથી, મને. હું. પણ પછી....

સતુ : મહેતાને બાપ તથા પેલી વૃદ્ધ આયાને માતા માની રહેલી મારી બાલ–સમજણ તો એ બંનેના વર્તાવ પરથી મોટો થતો ગયો તેમ ખોટી ઠરી. નાના શેઠને એટલું જ કહેવામાં આવ્યું'તું કે બા–બાપુ બંને નાનપણમાં મૃત્યુ પામ્યાં છે પણ મિલકત અને થોડી સૂચનાઓ મૂકતાં ગયાં છે. બસ ! માધ્યમિક શિક્ષણ પૂરું કરી વિલાયત 'ભાગ્યો.' સમજ્યાં 'ભાગ્યો !' તે અહીં તમારી પાસે છું ત્યાં સુધી અંધારામાં છું કે કોણ એ ખર્ચ પૂરતું હતું. કોણ સંભાળ લેતું હતું. વિશ્વાસ ન બેસે તેવી વાત છે, નહિ? પણ મારે તો એ એક હકીકત છે.

ચારુ : (વમળાતાં) પિતાજીનું નામ તો લખાતું હશે ને?

સતુ : એમ તો પેઢીનામું, આંબો અને બ્રહ્માજી સુધીનો મેળ હોય, પણ એની સચ્ચાઈની મને ખાતરી નથી. (નખાર્થ જતાં) તમને શું કહી બોલાવું ?

ચારુ : ચારુ. અને આપને ?

સતુ : 'સત્યવાન.' પણ બોલાવવું યોગ્ય માનો ને ગમે તો 'સતુ.' આવી ચોખવટ પછી પણ જો તમારી સહાનુભૂતિ જળવાઈ રહી હોય તો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : એક વખત આપનાં 'સાવિત્રી' સાથે બાપુજીને ન મળો, 'સત્યવાન'! કહો ને 'આવશો'!

સતુ : વિલાયત હોત તો તો 'ભાડે' પણ મેળવી લેત કે મુદતિયા ગોઠવી દેત. અહીં તો એવી જોગવાઈ શક્ય નથી. હું તો 'સાવિત્રી–સૂનો' છું, ચારુકલા!

ચારુ : હવે મેળ મળ્યો. 'ત્યારે' તે રાતે બધો ઊભરો ઠાલવતા હતા.

સતુ : યાદદાસ્ત ખૂબ તેજ લાગે છે. કેટલુંક એવું ભૂલતાં શીખો, સુખી થવું હોય તો.

ચારુ : અને સુખી કરવા માટે? યાદ રાખતાં, ખરું ને. (ગંભીર બની જતાં) તમે કરી તેવી ભંભેરણી ને ઉશ્કેરણી, માનો છો માણસ એવી 'જીવનદૃષ્ટિ' ભૂલી શકે?

સતુ : તે રાતનો તમારો સાથી કેમ છે?

ચારુ : ચુકાઈ ગયેલી ગાડી ને ખોરવાઈ બેઠેલા સહ–પ્રવાસ સાથોસાથ 'અસાથી'માં પલટાતો જાય છે.

સતુ : કારણ કોણે આપ્યું, એણે? (થોડુંક રહી) તમે?

ચારુ : તમે.

સતુ : ખોટું! આવી ભયંકર મઝાક તમે દેશવાળાઓ કરી શકો છો?

ચારુ : અમે 'દેશીઓ' જ્યારે 'પરદેશી'ઓથી ગુરુમંત્ર પામીએ છીએ ત્યારે તેમને પણ વટી જઈ શકીએ છીએ. એમને–'મનોજ'ને તો શ્રીમંતના ઘરની છોકરી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની જ ગરજ છે. તમે ચેલા તમારા 'કન્યા'–ભાવને નાપસંદ આવેલા મૂરતિયાઓની હારમાળામાં એક નામનો ઉમેરો કરી લેજો.

સતુ : કે ?

ચારુ : ઘોરખોદુ–ઘરજમાઈ ઓ.

સતુ : કોણ જાણે કેમ 'તમને' જોઉં છું ત્યારે હું જ્યોતિષ-માં–જ્યોતિષમાં શું....ભાગ્યમાં ઋણાનુબંધ–યોગમાં માનવા લાગી જાઉં છું. ઘરજમાઈ થઈને ય 'તમે' સાંપડતાં હો જો !

ચારુ : કેમ ત્યાં–વિલાયતમાં કારી ન ફાવી ? ટિક્કી ન લાગી ?

સતુ : ત્યાં આગળ રહીને જ હું આપણું કુલશુદ્ધિનું મહાત્મ્ય સમજતાં શીખ્યો. દામ્પત્ય પ્રેમનું, એક–પત્ની, પતિવ્રતનું અને પાવિત્ર્યનું, નીતિનું રહસ્ય, મહત્ત્વ, આપણા ભારતીઓ માટે ત્યાં ભારે 'સ્પષ્ટ' થતું રહે છે, ચારુકલા ! હું હવે જઉં ત્યારે. હાં, આવી વાતો ચેપી હોય છે. ને ગુપ્ત વાત ન જીરવી શકાવાનો સ્ત્રીઓ પરનો આરોપ તમારે માટે અપવાદ લેખી મેં કહી છે.

ચારુ : જી મને માફ કરજો. આપને દુઃખ થયું તેવી અગમતી વાત પૂછી બેઠી. પણ અંદર પધારો ને ! કશુંક લેશો ? વળી પધારશો ને ?

સતુ : જીવનનું આવડું મોટું ગોપ્ય મેં કેવળ આજે જ અને તે ય એકમાત્ર તમારી પાસે જ ખુલ્લું કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને જાણે એક મોટો ભાર મારી છાતી પરથી ખસી ગયા જેટલું આશ્વાસન પામ્યો છું. છતાં કુલહીન પ્રત્યેની આપણા લોકોની સર્વસામાન્ય સૂગ વગર તમે જે રીતે મારી સાથે વર્તી રહ્યાં છો તે જોઈ મને તમારા માટે આત્મીયતા જાગે છે. કદાચ એ જ લાલચે ફરી આવીશ.

ચારુ : હૈયે ગુપ્ત વાત ન છળવાના આરોપમાં તો સ્ત્રીઓનો ગુણસ્વીકાર કર્યા બરાબર છે. સ્ત્રીઓ સત્યપ્રેમી છે, વાસ્તવદર્શી છે. ને આપ એમ એવું ઓછું શું કામ લગાડી બેઠા છો ? તમારા જેવાં સંતાન કોઈ અનાચારી દંપતીને કદી પણ સાંપડતાં નથી. ઊલટું બીજી કશી ખામી વગરના તમે એ એક ખામી ગોતી કાઢી સંધરી રહ્યા છો, જોજો ! એ વાતે હવે દુભાતા રહેતા.

સતુ : ગળેપડુ ન ગણશો પણ આવી સહાનુભૂતિનો 'મમત' થવો મારે માટે ખૂબ સ્વાભાવિક છે.

ચારુ : એટલે જ એ 'મમત'નાં માર્યાં મને શોધી કાઢી હશે !

સતુ : શું થાય ! સીતા-શોધનું હનુમાનજીનું જે કામ મારે માથે આવ્યું ત્યાં.

ચારુ : તો તો મુદ્રા આપવી ભૂલી જતા લાગો છો ?

સતુ : 'વા'નરબુદ્ધિમાં એ ન વસ્યું (હાથ લંબાવી ઊંધાચત્તા કરે છે.)

ચારુ : (સતુની સોનાસાંકળી ચીંધતાં) પણ આ ગળામાં તો છે ને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : (ઉતારી લંબાવતાં) એ તો માદળિયું છે.

ચારુ : (સાંકળ બારીકાઈથી જોતી) વાહ આમાં તો સુંદર મીનાકારીનું કામ છે. હં....આ ફોટો છે.....! 'બા'-નો છે! (સતુ સામું નીરખતી રહી) નીચે કેવી સરસ 'વીણા' બનાવી છે! એ એમનું નામ હશે ખરું?

સતુ : (નવો પ્રકાશ પામતાં) મને એ વિચાર પણ નહોતો આવ્યો. એમ તો પાછળ હંસનું ચિત્ર છે.

ચારુ : (માદળિયું પાછળ ફેરવી જોતાં, સતુને વિચારમગ્નપણે) હંસરાજ, ડૉ. હંસરાજ આપણી નાતના હતા. પણ એમણે તો વિધવાલગ્ન....તેઓ તો મોટા ક્રાંતિકારી હતા. પણ એમનો તો વર્ષોથી પત્તો નથી.

સતુ: (લાગણીભર્યું સજિજ્ઞાસ) શું? એ તો હું ય જાણું છું.

ચારુ : મેં કાંઈક એવું ભળતું સળતું સાંભળ્યું છે. પણ અસ્પષ્ટ. આજે તો યાદ નથી રહ્યું. હું વાત કાઢી એ બાપુજીને બનશે તો પૂછી લઈશ. ચતુરકાકાએ એક દી એ વાત કાઢેલી ને બાપુજી દુઃખી થતા ઊઠી ગયેલા. વર્ષો પહેલાંની એ વાત છે. (વાત ઉડાડતી) આ હું રાખું? (સામું જોઈ) 'હવે' રક્ષાની જરૂર મને છે. (પોતાની આંગળીએથી વીંટી કાઢી સતુને લંબાવતાં) ને સોનાની બદલીમાં સોનું આપું?

સતુ : મનોજનાં સુખસૌભાગ્ય આડે આવવા જેવો મારો 'સ્વાર્થ' છીછરો નથી. (આંખ ભીડી લે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : કે એને ડૂબી મરવા કે ડુબાડી મારવા જેટલો ઊંડો ! (હસી પડે છે. હાથની અદબ છતાં વીંટી પહેરાવીને) હવે તમે જાણો ને તમારો 'મમત'! મારી મર્યાદા આવી રહી. એ 'મમત' સદા માટે અપનાવી લેવાનું હવે તમે તમારા ઉપર.

સતુ : (આંખ માંડી ચારુના મનોભાવની જાંચ કરતાં) હું એમાં નિષ્ફળ જાઉં તો ? અસહાય નીવડું, એકલો પડી જાઉં અયોગ્ય લેખાઉં તો ? પ્રતિસ્પર્ધીથી પાછો પડું તો ?

ચારુ : તો ભાગ્ય મારાં ! તમારા અફળ પુરુષાર્થ જેવાં !

સતુ : ને ત્યારે તમે અકળ દેવ જેવાં કે ભારેલાં ભાગ્ય જેમ મારી અવદશા–અવગતિ જોયા કરવાનાં ?

ચારુ : તો શું તમે એમ ઇચ્છો છો કે હું અમેરિકન છોકરીઓ જેમ તમારું હરણ કરી જાઉં ? ગભરુ દીકરી પરવશ ગાયની માફક દોરાઈ જવાની, બીજું શું ! બાકી દોરડું–ખીલા વગરની, ખડપાણી ને ખાણ વગરની અજાણી ગમાણે સામે ચાલીને જઈ ઊભવાની મારામાં હામ નથી. એના કરતાં તો કતલખાનાનો વાડો કંઈ જ ખોટો નહિ. (હસી પડે છે.)

સતુ : (હાથ-ઘડિયાળ જોઈ, ટોપી ઊંચકતાં ચારુને) એનો અર્થ તો એ થયો કે મારે 'તમારું' હરણ કરી જવું. પણ સુભદ્રા તો હરણ કરી જતા લડતા અર્જુનનો રથ ચલાવતાં હતાં ને સંયુક્તા કંઈ પોટલાની જેમ પૃથ્વીરાજના ઘોડા પર નહોતાં પડ્યાં આવતાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : તે ખરું. હું બૂમાબૂમ નહિ કરી મૂકું કે તમારા ઉપર ભગાડી જવાના આરોપમાં સંમતિ નહિ આપું. બાકી તે કાળે હરણ કરી જવાનો રિવાજ પ્રચલિત હતો. માન્ય રહેતો. આઠ પ્રકારનાં હિન્દુલગ્નોમાં એ પણ એક છે. જ્યારે અત્યારે એવા કોઈ પ્રકારોની હસ્તી જ નથી. ને વૉરંટ તો છોકરાં થઈ જાય ત્યાર પછી પણ બજી શકે છે (હસી પડે છે.)

સતુ : (હસવામાં ભળતાં) હવે વિદાય લઉં. (બીસામાંથી પિછાનિયું કાઢી લંબાવતાં) રહેઠાણનો પત્તો. ફોન કે કાગળથી પણ મળી શકીશું. પિતાજી પાસે હું વહેલી અનુકૂળતાએ આવી જઈશ. (સભાવ નીરખી વિદાયસૂચક હાથ જોડે છે.)

ચારુ : (સાથે ચાલતી) સાંજે બોલપટમાં રાહ જોઉં ?

સતુ : આવીશ. જગ્યા રાખજો.

ચારુ : (મર્માંતિકપણે) જોજો મોડા પડતા. ને જગ્યા બાલીની બાલી રાખી રહેતા. (વિદાયસૂચક બેઉ હાથ જોડે છે.)

સતુ : પરીક્ષા બહુ વહેલી શરૂ કરી દીધી તમે તો, નમસ્તે. (જાય છે.)

[ચારુ પાછી આવીને બુરશીમાં પેલું કાર્ડ જોતી બેસે છે. મનોજ આવે છે એ તરફ એનું લક્ષ નથી.]

મનોજ : ચારુ! (અજાણ્યાને જોતી ઢબે ચારુને પોતાના તરફ ડોકું લંબાવતાં જોઈ થોડું વિસ્મયભર્યું) કોણ હતા એ ગૃહસ્થ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : (વિચારમાં જ) હં....હા.

મનોજ : (ઊભો થઈ પડખે જઈ કાર્ડ તરફ હાથ લંબાવી) જોઉં !

ચારુ : માફ કરજો મનોજ ! નથી આપી શકતી. (કાર્ડ ખીસામાં મૂકે છે)

મનોજ : (ભોંઠામણ અનુભવતાં) ઓહો ! માફ કરજો, દિલગીર છું, ચારુ !

ચારુ : હં.

[ઊંડા વિચારભારમાં ચારુ પોતાના ખંડમાં ચાલી જાય છે. એના જવામાં પોતાની હાજરીનું તેને સ્મરણ ન હોય તેવું અનુભવતો મનોજ એના વલણથી અકળાઈને આશ્ચર્યમૂઢ બની ખુરશી પર પડે છે. દરમિયાન નોકર આવે છે. ટેબલ પર કાગળોનો થોકડો મૂકી ચાલ્યો જાય છે. મુખ્ય દ્વારેથી તરત પાછળ મનોજ પણ ચાલ્યો જાય છે. બહાર નીચે મોટરનું પપૂડું સંભળાય છે.]

ચારુ : (પ્રવેશતાં) બાપુજી આવ્યા કે શું ? (બારીમાંથી નીચે નજર લંબાવતી આવે છે.)

[થોડા વ્યગ્ર દેખાતા શેઠ પ્રવેશે છે.]

ચારુ : (શેઠની નજીક જતાં) કેમ બાપુજી ! શું થયું ?

શેઠ : કંઈ નહિ, બેટા ! એ તો સનાતનીઓએ સભામાં ધાંધલ કરી મૂકયું. પથરાઓ ઊડ્યા. એટલે ભાગવું પડયું. (હસવા કરતાં) આવાં પ્રમુખસ્થાન શોભાવવાં મોંઘાં પડે.

ચારુ : બાપુજી ! તમને કશું વાગ્યું–કારવ્યું તો નથી ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : મને તો ઠીક, પણ ભાઈજી જેવા વૃદ્ધ પણ નહિ બચ્યા હોય. બાકી તો પાછા પડવાનો 'માર' ગણીએ તો તે તો ખરો, બહેન!

ચારુ : વિરોધીઓનાં અંતર પ્રેમથી જીતવાં રહ્યાં, બીજું શું?

શેઠ : એ પ્રેમ તો મેં શરૂમાં દાખવવા યે માંડેલો. પણ જેને આપણા પ્રેમ ને સેવા ડખલ લાગે છે ત્યાં એ નકામાં.

ચારુ : રાજકારણ તો આવાં જ રહેવાનાં!

શેઠ : તું શંકરને મોકલ તો બેટા!

[આજ્ઞાંકિતા શી ચારુ જાય છે.]

શેઠ : (ઘૂંટણનો ટેકો લઈ કપાળે બેઉ હાથ મૂકી બેઠા છે તે મંત્રીના પગરવે ટટ્ટાર થઈ બેસતાં) બહેને વાત કરી ને શંકર?

મંત્રી : હા જી. પણ એ લોકોએ આપણને ભારે અંધારામાં રાખ્યા! ખરું કહીએ તો તો ભોળવ્યા.

શેઠ : હશે. એ તો ચાલ્યા કરે. આવા બનાવો આપણ હિન્દીઓને હજુ હાઉહાઉ લાગે છે. કેમકે આપણે માટે એ વિદેશી તત્ત્વ છે.

મંત્રી : જેની સાથે આપણે રાજકારણમાં પગ મેળવવા કરીએ છીએ ને તેમની પદ્ધતિ આપણે ત્યાં અજમાયશ કરી રહ્યા છીએ ત્યાં યુરોપ–અમેરિકામાં આવાં ઘર્ષણોમાં આજકાલ દિલેરી કે તંદુરસ્તી હોય છે એવું કશું નથી. આપણે જેમ ત્યાં યે પેટમેલાઈ ને દગાખોરી હોય છે. એમાં ય આજે ત્યાંના રાજકારણમાં નાઝી યુક્તિઓનું અનુકરણ એક 'ચીલો' થઈ પડ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : પશ્ચિમ શું, શું પૂર્વ, ધાર્મિક પ્રશ્ન આવે ત્યાં સહુ 'જાત ઉપર' જાય છે. ધર્મની વાતે એ લોકો સહેલાઈથી ઉશ્કેરાટ ઊભો કરી શકે છે. હં. ચાલો, આપણે શું કાર્યક્રમ છે હવે. આજે અપશુકનથી (હસી નાખતાં) શરૂઆત થઈ છે.

મંત્રી : હું માનું છું કે એ સ્કોલરશીપ માટે ફરી આવશે જ.

શેઠ : હા. પણ, આવવું ત્યારે છાશ લેવા ને દોણી સંતાડવી એનો શું મતલબ! તો પછી રાતે આવીને ગણેશિયો જ ભરાવવો હતો! આ તમારા સમાજ-વાદ ને સામ્યવાદે તો મગજ ગંધવી મૂક્યાં આપણા જુવાનિયાઓનાં!

મંત્રી : એમની પાસે બીજું જે અને જેમ મુકાવું જોઈએ તે પરતંત્ર રાષ્ટ્રને શકય જોતું. બસ પછી આ પાક ને આ લણણી.

શેઠ : એ લોકો મારે મન સુધરેલા–નવો સ્વાંગ ધારેલા–ચોરો ને ડાકુઓની આવૃત્તિ છે.

મંત્રી : હા, બુદ્ધિપૂર્વક. સંગઠિતપણે.

શેઠ : પોતાની ઘેલછામાં ઘેઘૂર. માત્ર સરકારી કચેરીઓ એમને માટે બજેટમાં થોડાક કાગળ બગાડાનો–સમાસ રાખી રહે. બસ પતી ગયું જાણે.

મંત્રી : માહેતીની ગણતરીએ. જ્યારે ખરી માહેતી તો પેલા-ઓને સાંપડતી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : એ ઘરઘાતીઓની સામે હિન્દી રાષ્ટ્રીયતાની ઈમારતનું ચણતરકામ ભારે મુશ્કેલ બની બેઠેલું. નેતાઓની કુનેહે એ ખીલાળેલું વાછરડાઓ થોડા નથાણા છે. એટલો પ્રભુનો પાડ. નહિ તો એ પલીતોને તો 'પલટા'ની લે લાગી છે. પણ પછી શું ને તે પછી શું એ હિસાબ એમને કયાં કરવા બેસવું છે. તેથી કયું દળદર ફીટી જવાનું, કયા ઉદ્યોગો કેમ કરતાં સદ્ધર બની બેસવાના. ખેતી સ્વાવલંબી કેમ કરતાં થઈ જવાની ?

મંત્રી : રાષ્ટ્રીયકરણ....

શેઠ : (વચ્ચેથી) ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ–શું છેતરામણો શબ્દ વહેતો થયો છે. જ્યારે એવા આખા ને આખા રાષ્ટ્રીયકરણવાળા દેશો પણ એકાદ પરચક્રના યુદ્ધમાં તારાજી નોતરી એ બેદાનબેદાન ને વેરણવિખેરણ થતું રોકી શકતા નથી ત્યાં થોડા એવા ડાહ્યાઓએ ઊભી કરેલી એવી નીતિ કે વ્યવસ્થા કેવી રીતે 'જીવનમય' કરી શકાશે. જવા દે ને નાહક તપી જવાય છે. હું વાંચ. (શાંત થઈ જાય છે.)

મંત્રી : એનું યે 'કારણ' છે. કમાણીના પ્રમાણિક કહેવાતા બધા રસ્તાઓ જ્યારે રોકાઈ ગયા હોય અને દેશસમાજમાં સંખ્યાબંધ લોકો કામધંધા વગરના રહી જતા હોય, સુખચેનથી જીવવાની સમજણ કે આવડત છતે, જીવવાની જરૂરતો પામવાથી જેઓ વંચિત રહી જતા હોય, દેશના અર્થતંત્રમાં એમનું સ્થાન કે અવાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय गुरुकुल काँगड़ी.

જ ન હોય ત્યારે જ્યાં જ્યાં પૈસો એકઠો થયેલો ભાળે ત્યાં તેમનું લક્ષ ખેંચાવું ખૂબ સ્વાભાવિક છે. ત્રણ તાંસે ખાનાર જ્યારે પોતાની નજરની સામે અન્ન વગર ટળવળતાંઓને જોતો છતાં ખાતો રહે ત્યારે ત્યાં પ્રાથમિક માનવતાની પણ આશા કેવી!

શેઠ : એ મને કબૂલ છે. કે કામની, ઉત્પન્નની, વળતરની ઓટી વહેંચણી ને ફાળવણીનો ભોગ બની બેઠેલાઓની આ બધા પેદાશ છે. એનું ઉગમસ્થાન આર્થિક અવ્યવસ્થાને લીધે હોય છે. પૈસો પોતાની પાસે નથી અને બીજાઓની પાસે કેમ કરતાં છે, તેનાં તેવાઓ કારણો વિચારતા થઈ ગયેલા હોય છે. તેમાંના ઘણા તો દેશની અસમાન અર્થનીતિના અભ્યાસીઓ પણ હોય છે. પણ તેથી તેમને માર્ગે તેવાઓ માગે છે તે બધું થઈ શકશે ખરું ?

મંત્રી : જે જન સર્વસ્વની પ્રકૃતિમાં નથી કે કોઈ રાષ્ટ્રની કે વિશ્વની માનવતાના મૂળભૂત સંસ્કાર સાથે મેળ ન ખાય તેવી નવી વ્યવસ્થાઓની આવરદા ટૂંકી હોય છે એટલે એવા પ્રવાહો તો ગમે ત્યારે પલટો ખાઈ જાય છે. એનો કંઈ નેઠો નહિ. એવું એક યા બીજા રૂપે જન્મ્યા કર્યું છે એ આપત્તિથી ડરી જવું કે અવગણવું બેઉ ખોટાં છે.

અપરિગ્રહ, દાન કે અસ્તેયાદિ આર્યભાવનાઓ આર્થિક અસમાનતાનાં રાષ્ટ્રીય ઢાંકણ હતાં. સાંધણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. આજના અર્થતંત્રમાં તો એવાં ઐચ્છિક તત્ત્વોનું યે હજી સુધી ઠેકાણું નથી. એટલે રાજની રખેવાળી કરતા એના અર્થવાહકો ને વીફરે તો એણે નોતરેલી સત્યાનાશીથી લક્ષ્મીનાથોને ધર્મ કે સમાજતંત્રની પોકળ પ્રતિષ્ઠા સમા કાયદાઓ કે રિવાજો લાંબું ન નભાવી શકે. એને માટે ચોકી–પહેરાથી માંડી ફૌજી રક્ષણ જરૂરનાં. ને ફૌજી તાકાત માટે ખર્ચાળ લડાયક હથિયારો ને સાધનો જરૂરનાં. એવી ખર્ચાળ રીત ને નીતિ દ્રાવિડી પ્રાણાયમ થઈ પડશે.

રૂપિયો બચાવવા માટે દોઢરૂપિયાનો ખર્ચ રાખવો નહિ પાલવતો એવાઓ જોશે ત્યારે એમનું અર્થ-તંત્ર ભાંગી પડશે ત્યારે: 'જે જેટલી ઉપજાવે, રળે કે સાચવે તે તેની" એ જૂની અર્થનીતિ પાછી સજીવન થઈ જશે. બાકી જો લક્ષ્મી દાનપુણ્યના રૂપે લેખે થતી નથી તો પછી એને ચોરલૂંટારા, બહાર-વટિયા કે પરચક્રના પંજામાં પડવું કે ભૂમિમાં દટાયું રહેવું રહ્યું. એ તો આપણી પણ જૂની માન્યતા છે.

શેઠ: ગાંધીવાદી સરણી પણ આવી છે. બાકી હિન્દમાં વિદેશી ધાડાં હિન્દીઓને જ પૈસે કે દેવદ્રવ્યથી પોષાણાં છે. એ જોતાં આર્થિક નીતિ માટે આપણે ભવિષ્યમાં એ સ્થિતિ જન્મતી અટકે એવી વ્યવસ્થા ગોજવી રહેશે. કંઈક જર્મની ને મોટે ભાગે રશિયાએ, પાછળ-થી ઇંગ્લેંડે પણ એ જ રસ્તા અપનાવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ચાની સામગ્રી સાથે નોકર અને પાછળ ચારુ પ્રવેશે છે. નોકર જાય છે.]

ચારુ : (ખુરશી લેતી વચ્ચે ગોઠવાતી) સભાનો બાકીનો સમય તમે ગપ્પાંમાં પૂરો કરી શકો ને બાપુ ?

મંત્રી : તેમ જ કરીએ છીએ, બહેન !

શેઠ : (આગલી અસરમાં) રાજસત્તા શું, શું પૈસોઃ એક-હથ્થુ સારાં નહિ શંકર ! છતાં પેલી મમતા માણસને અસામાજિક કરી મૂકે છે એ મમતા તો ધર્મભાવ જ સરખી રાખી રહે.

ચારુ : ને ધર્મ અંધશ્રદ્ધા ને જડતામાં રાષ્ટ્રને નિર્જીવ કરી બેસે !

મંત્રી : એથી જે કૃત્રિમતા છાઈ જાય તેથી કાઈ જઈને લોકો પાછા સાચા માનવધર્મની સ્થાપના ઝંખે ને કોઈ એવી ઈશ્વરી વિભૂતિ તેમને સાચે માર્ગે લઈ મૂકે. એમ એ ક્રમ ચાલ્યા જ કરે છે, સંસારનો. એવી મમતાનાં પડળ, તો ઊતરી જાય જો એને સાચા જ્ઞાનની દૃષ્ટિ લાધે કે ઠોકર ખાઈ અક્કલ ઠેકાણે આવે. તેવા અંજામનો કડવો અનુભવ થાય છે. બાકી જીવનનિષ્ઠા ઘડાયા વગર તેમ બનતું નથી.

કરોડો કે અબજોની પૂંજી ધરાવતો શ્રીમંત જ્યારે એટલું સમજી લે છે કે એની પૂંજી કયાં કયાંથી એકઠી થઈ શકી છે તે પોતાની પાછળ પડી રહેશે એ દોલત એના દેવાળિયા અબૂઝ વારસદારોથી કેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે ફેંદાશે. કે ભોગવાશે. કે બહુ બહુ તો ચારઆઠ ગણ્યાંગાઠ્યાં સભ્યોના એક કુટુંબની સગવડો સાચવશે અને એમ અફાટ જળ એક પાતાળકૂઈમાં ભંડારાઈ રહેશે. ત્યારે બીજે હાથે હજારો ગરીબો જેઓ પોતાનાં બચ્ચાંઓને કાંઈકિ આપતાં–મૂકતાં જવું તો બળ્યું પણ તેમનાં સહિત પોતાનું ભરણપોષણ કરવાની જ ચિંતામાં અટવાયાં હોય છે અને જોવા બેસીએ તો લાખોકરોડો રૂપિયાની હરફર રોકડી, રસોળીનાં દૂષિત લોહી જેમ એક શ્રીમંતને ત્યાં બડકાઈ રહેલો પૈસો સરખી ફાળવણી પામે તો એમાંહેનાઓનો થોડો જીવનભાર જરૂર ઓછો થઈ શકે એ જોઈ શકે છે, ત્યારે એ મામલો થાળે પડશે.

ચારુ : પણ બધા સરખા ધનવાન તો ન થઈ શકે, બાપુ! (પ્યાલું લંબાવે છે.)

મંત્રી : હા, પણ ગરીબ તો ન રહે. ગરીબ નહિ તો પેલું અન્નવસ્ત્ર ને આશરૂ સહિત તો રહે ને! (લંબાવાયેલું પ્યાલું સ્વીકારે છે.)

શેઠ : હા, તેમ જરૂર થઈ શકે. રશિયાએ એ કરી બતાવ્યું. બાકી સહુ કોઈ આવડતમાં સરખાં નથી ને દારિદ્ર યે એક સ્વભાવ છે–લક્ષણ છે.

[નીચેથી ચતુરદાસ આવે છે. આધેડ અવસ્થાના એ ચોકખા વહેવારિયા માણસ છે. બથડું શરીર, લાંબી આઠી મૂછો, આંટિયાળી પાઘડી, ખેસ ને લાકડી, એમનાં વ્યાપારી કુનેહ તથા ગૃહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાઈને ઝેબ આપે છે. વિશ્વાસુ, ધંધાદારી ને પ્રમાણિક સંબંધીની છાપ તે પાડી રહે છે.]

શેઠ : આવો ચતુરદાસ.

ચતુરદાસ : જે જે સાહેબ. (બાજુમાંથી ખુરશી નજીક ગોઠવી બેસતાં) ચા મળશે ને બહેન !

ચારુ : (સામું જોયા સિવાય જે ચા બનાવવા માંડી છે) ખાંડ વગરની હશે, ચતુરકાકા ! (પ્યાલું લંબાવે છે.)

શેઠ : (ખાલી પ્યાલું પાછું આપતાં, મંત્રીને) અત્યારે તો હવે કોઈ રોકાણ નથી ને ?

મંત્રી : (ડાયરી તથા ઘડિયાળ જોતાં) પાંચ વાગ્યા સુધી તો નથી. માનપત્રનો આપનો જવાબ ટેબલ પર છે. આપના 'મૂળ'માં આંકડા કે એવો ન જેવો ફેરફાર કર્યો છે.

ચારુ : (મંત્રીને) શહેર સુધરાઈના નિવૃત્ત થતા પ્રમુખ તરીકેનું ? ચતુરકાકા ને હું ત્યાં ન આવી શકીએ બાપુ!

મંત્રી : (બાપ તરફ જોઈ રહેલીને ખાલી પ્યાલું લંબાવી પટાવતાં) આપની ફિલ્મ બરાબર એ જ વખતે શરૂ થવાની. ને ચતુરભાઈને ત્યાં લઈ જવાનાં છો તે ભૂલી ગયાં ? ત્યાંથી છૂટશો ત્યાં અહીં આપણે ત્યાં પેલા મદ્રાસી સંગીતકારનો કાર્યક્રમ છે જ.

ચતુરદાસ : સાહેબ સાથે બહેનનું ય તમારે તો સંભાળવું પડતું લાગે છે સેક્રેટરી સાહેબ ! (કહી, ચારુ સામું જોઈ) લ્યો બહેન ! (પ્યાલું લંબાવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રી : (કંઈક બાપના મૌનથી ચતુરદાસની હાજરીને અંગે ઓછું લાગતું હોય તેવી દેખાતી જોઈ ચારુને, ડાયરી જોતો અને થોડું હસવા-હસાવવા કરતો) ચતુરભાઈ સાથે આપને આવતી કાલે સવારે દવાખાનાની ઉદ્‌ઘાટનક્રિયા વેળા હાજર રહેવાનું છે.

ચતુરદાસ : કાલ તો મને હવે જવા દો. મારે ત્યાં રેઢું છે બધું. મહેતાઓ હથ્થુ રાખવા જેવું મારે હજુ ત્યાં થાળે પડ્યું નથી ને બહેનને સત્કાર સૂઝે છે!

શેઠ : (ચતુરદાસને) ત્યાં સુધીમાં તારી મોટરે આવી જશે તે લઈને જ જજે. બે દિવસ રોકાણે ત્યાં કયાં ઊંધું બેસવાનું છે. ચારુને ગોઠશે.

ચારુ : હા. હા....ચતુરકાકા.

ચતુરદાસ : માંડ છોડાવ્યો છે બાપુએ તમારામાંથી તો બહેન! નહિતર તમારો ઘોડો થઈ થઈ મને તો હજુ બે પગે ચાલવું યે ફાવતું નથી. (ચારુ તથા મંત્રી ખડખડાટ હસી પડે છે.) ચોપડા લખતાં કયારેક તો મને હવે મોટું બાળલું સામે બેસાડવાનું ગાંડપણ સૂઝે છે, બહેન! (જરા ગંભીર બનતાં) તમારે આમ ને આમ હસતાં હસતાં પારકે ઘેર શોભી ઊઠવા ચાલ્યું જવું છે ને અહીં ચતુરકાકાઓના જીવને બાંધતા જવા છે. શંકરલાલભાઈ, શું કહું? શેઠાણી દેવ થઈ ગયાં ને સાહેબ કહે 'હું બીજી ન કરું' બસ, ગાડીમાં જ્યાં પોતે પધારે ત્યાં બહેન હઠ કરે તો સાથે, નહિ તો મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપડા માથે....આમ મોટાં થયેલાં છોરુ સાસરે શે સમાશે ? (હસી પડે છે.)

શેઠ : ચારુ ! તું પેલી નવી ચૂડી મૂક તો ! અમે થોડું ઉકેલી લઈએ. (ભીની થયેલી આંખ ફેરવી જઈ બારી તરફ જોઈ રહે છે.)

મંત્રી : (શેઠની લાગણીવશતા માપતો તેમને એકાંત કે પછી ચારુ–ચતુર વચ્ચેના સુખ માટે છૂટા કરવાનું કરતો) ખરું પૂછો તો આજે બીજાં રોકાણો નથી; થોડા કાગળો છે. એ હું કાલ ઉપર મુલતવી રાખું છું એટલા માટે કે મારે ત્યાં એક પરોણો છે. જે થોડો વહેલો છૂટયો તે.

ચારુ : ત્યારે તમે ય ચાલો બાપુજી ! (ખેંચતી લઈ જાય છે.)

[ચતુરદાસ પાછળ એમ અંદરના દાદર તરફ અને એ તરફ થોડી નજર નાખતો મંત્રી આ તરફને બારણેથી જાય છે.]

[પડદો]

[સતુનું નિવાસસ્થાન–થતી સાંજ. એક નીચી પહોળી ઢંતાન ચામડે મઢી ખુરશીમાં સુરવાલ ખમીસ અને ચંપલમાં સતુ બેઠો છે. એના હાથમાં ચોપડી છે. ચારુ એનો સ્કેચ–રેખા-લેખન કરતી સામે સોફા પર બેઠી છે. એ વરંડા છે. કૂંડાંઓ ગોઠવ્યાં છે. ઉપર અને છેવાડે વેલી–છાયેલ ઊંચો ને લાંબો મંડપ વિભાગ લાગે છે. નીચે ગાલીચો પાથર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમણી તરફ કાચની કેબિન છે. તેની બારીમાંથી આથમતા સૂર્યનાં કિરણો એ બંનેના ચહેરા પર રોશની ફેંકે છે. વરંડામાં પડતું કેબિનનું પ્રવેશ-દ્વાર ખુલ્લું છે એથી કાચની બારીમાંથી ટેબલ પર ગોઠવેલો ટેલિફોન દેખાય છે તેમ વરંડામાં પડતાં બે બારણાંઓ વચ્ચેની બે દીવાલો ઉપર ટાંગેલાં વાઘ તથા સિંહનાં ચામડાંનો શણગાર પણ. સતુ ધીરે ધીરે કશુંક ગણગણતો ગાય છે.]

ચારુ : (સાભિનય) ડોક ઢીલી કરવી હોય તો કરજો હવે.

[ઘડીક આમનું આમ રહે છે. સતુએ ચોપડી રમાડતાં હવે આછું સમજાય તેમ ગાવા માંડ્યું છે. ચારુ એ સાંભળતી જડવત બેઠી રહે છે.]

સતુ : (ગાતાં) 'સંતન સંગ બૈઠ બૈઠ લોકલાજ ખોઈ
અબ તો બાત ફૈલ ગઈ જાને સબ કોઈ
મેરે ગિરિધર ગોપાલ
દૂસરા ન કોઈ' (મીરાં)

(ચારુ સામે જોઈ–તેને ચીતરતાં અટકી ગયેલી જોઈ, તેની પાસે આવી રેખાકાર તરફ નજર નાખી તે પાછું આપતાં) બિચારી મીરાં.

ચારુ : (ઊભી થઈ નજીક જઈ) બિચ્ચારી જ તો. કેમ એની દયા આવે છે?

સતુ : દયા? ના, માન થાય છે. માબાપ, ભાઈબાંધુ, કુટુંબ-કબીલા, પતિ, રાજપાટ–બધાંથી કંટાળી હશે ને! ચારે કોર જોઈ તપાસી વળી હશે, ઝંખી ઝૂરીને રંસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ હશે પણ કોઈ માણસનું જણ્યું નજરમાં નહિ એવું હોય ને! (સનિશ્વાસ) સમાજવ્યવસ્થાનાં ચોકઠાં ભાંગીતૂટી ભુક્કો થઈ ગયાં હોય એની વચ્ચે ચગદાઈને જીવતાં મરેલાં માણસોનાં ખવાઈ ગયેલાં કાળજાં જોઈ અધમૂઈ થઈ ગઈ હશે. (વાતાવરણમાંની આગલી વાગીશ્વરીની હલક ઝીલી લેતાં.)

'ભગત દેખ રાજી હૂઈ
જગત દેખ રોઈ
મેરે ગિરિધર ગોપાલ
દૂસરા ન કોઈ'

પછી રહ્યાં ત્યાગીઓ, સાધુ–સંન્યાસીઓ, જગતનાં બંધનો છોડી ભટકતાં વેરાગીઓ. એવાંઓની વચ્ચે રહી જીવન પૂરું કરતી ગઈ.

ચારુ : હાસ્તો. બીજું થઈયે શું શકે 'બિચ્ચારી'થી.

સતુ : હા. અચતુર રૂપતરસ્યો રાણો. પ્રજાને અવગણતી એની રાજરૂઢિ, માનવ માનવને ભરખતું સમાજતંત્ર અને એનાં ભીરુ, મલિન તથા પામર લોકોની વચ્ચે તે શે રહી શકે?

ચારુ : (વિનોદ–ગંભીર) જીવવું હોય તો જખ મારીને વળી!

સતુ : ત્યારે જ એના જેવી પ્રેમભૂખીને પછી પત્થરના ઢગલા જેવાં દેવાલયો અને અગરચંદન પુષ્પધૂપના ઉકરડામાં અર્ધદટાયેલી પાષાણપ્રતિમાઓ પાછળ ઘેલાં કાઢવાં પડ્યાં હશે. સજીવ માનવના હૃદયદેવતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન વિના એ બિચારીને કોઈ અદૃષ્ટ સત્તાના આધાર જેવા ઈશ્વરના ભૂતને 'પોતાના' માનવા મથવું પડ્યું હશે.

ચારુ : બિચ્ચારી! સારું ને એથી યે એને સંતોષ થયો હોય!

સતુ : (ચારુને ટીકતો)

'નથી નથી મુજ તત્ત્વો વિશ્વથી મેળ લેતાં
શરીર મુજ ઘડાયું અન્ય કો વિશ્વ માટે' (કલાપી)

એણે ય ભેંકડો મૂકી રોઈ લીધું. પ્રથમ તો કલાની કૃત્રિમતામાં અંજાઈ બેઠા, ને જીવન ધન્ય લાધ્યું, માન્યું. અરે સુખ! ડુંગળીનાં ફોતરાં જેવું. એક પછી એક ઉતારો, ફોતરાં બસ ફોતરાં! આશાનો તોરી આનંદ માણો, અંદર કંઈ હશે એ લાલચે ઉતારો ત્યાં સુધી. ઉતારતાં ઉતારતાં મરી પરવારો તો જીવનની ધન્યતાનાં ગાણાં ગાતા ફરો, નહિ તોઃ

'જુદાઈ જિંદગીભરની કરી રો રો બધી કાઢી
રહી ગઈ વસ્લની આશા, અગર ગરદન કપાઈ છે'

(મણિલાલ)

એના એ ઘાણી-ફેરા! (સનિશ્વાસ ચારુને નીરખી રહે છે.)

ચારુ : તો પછી એટલું તો કહો કે તમે શેમાં માનો છો?

સતુ : હું તો કશામાં ય નથી માનતો. હા, જીવવામાં જરૂર માનું છું અને તે ય બને તો....

ચારુ : (અર્ધેથી) વિરક્તો વચ્ચે ખરું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : ના. એકલાં રહીને. એવી એકલતા કે ઉઘાડી આંખમાં માનવનો પડછાયો ય ન સમાય. ખુલ્લા કાનમાં માનવી-હાસ્યરુદનના પડઘા ન પડે. અરે જ્યાં માનવનાં પગલાં પડ્યાં ન હોય કે જેનાથી રસ્તા કેડી ન બની ગયા હોય, રીતરસમ ન ચાલ્યાં હોય. માનવના શ્વાસોશ્વાસથી વાતાવરણ કલુષિત ન થયું હોય, જ્યાં માનવોએ ટોળે મળી અપાર્થિવ કુદરતની શાંતિ ડોળી ન હોય.—કુદરત નીરવ નિસર્ગને અપમાની જ્યાં માનવોએ એની પામર બુદ્ધિથી ઘર અને ઘાટો, ગઢ અને મઢ, ગામ અને નગરો ઊભાં કર્યાં ન હોય, અરે ઈશ્વરે ય જ્યાં માનવોના વાઘા સજી બંદી ન થઈ પડ્યો હોય: એવે ઠેકાણે સમજ્યાં !?

ચારુ : (સવિનોદ) ને એવા કાળા માથાના માનવને સમજાવવું ન પડે ત્યાં, ખરું ?

સતુ : (ગાતાં)

ઊડો ! નાદાન મન બુલબુલ, રહો ગુલઝારમાં ના ના !
વફાઈ એક પણ ગુલની દીઠી ભરપ્યારમાં ના ના !

(ક્લાન્ત)

ચારુ : (મુક્ત હાસ્યભરી) ઊડો મારા વહાલા, ઊડો ! ગુલઝારમાં નહિ તો ગમાણ ઉપર, પાંખ છે ત્યાંસુધી ઊડો ! શું લવારા કર્યા છે નવરાઓએ ! એમ જ નિસાસા નાખતા ને શાપ ભાંડતા મરી પરવાર્યા. એવા ઘાનનાં ધનેડાંઓને પ્યારમાં વફાઈ ન સાંપડી, બસ સંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખારો ધૂધવા થઈ ગયો. બેઠા ભાંડાઈ કરવા, પેલો પ્યાર ઝાકળની જેમ ઊડી ગયો. સંજવારીમાં ય ન નીકળ્યો. સાળું ભંગારમાંથી યે ગયો. કપડાં ને અનાજ વગર એકાદ દી ગાળવો પડ્યો હોત તો એ એકલપેટાઓ શું કહેત સંસાર માટે ?

[સતુ એને સંમૂઢપણે ટીકી રહે છે. મરક મરક થતી એ ગંભીર બનતી સામું જોઈ રહે છે. ટેલિફોનની ઘંટડી વાગે છે.]

સતુ: (ચારુને) હમણાં આવ્યો. (કેબિનમાંનો ટેલિફોન લે છે. ફોનમાં વાત કરતો) જી. ચારુ છે. પધારો ! (ભૂંગળી ઘોડી પર ગોઠવી, પાછો આવે છે.)

ચારુ : કોઈ માનવ હતું ?

સતુ : રાજવી–માનવ.

ચારુ : (અસ્વસ્થપણે) પોતે પધારે છે અહીં ?

સતુ : હા કેમ ?

ચારુ : હું જાઉં છું.

સતુ : તે તારે કયાં લાજ કાઢવી છે તે ગભરાય છે. બેસને ! ચા આવે છે. પીને જજે. કશી અડચણ નથી.

ચારુ : (ઝંખમાં) નહિ. (ઊભી થવા જાય દરમિયાન જસુ ચાની તાસક સાથે પ્રવેશે છે, એટલે બેસી જાય છે.)

જસુ : (પ્યાલો લંબાવી ચારુને) લ્યો બા.

[સતુ બીજમાં એને જોઈ રહે છે. બીજો પ્યાલો સતુને આપી એ ચાલ્યો જાય છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : (દેખાતા બંધ થયેલા જસુ તરફ નજર સાથે) 'હ્યેા બા ! ' (ચાળા પાડે છે.) નાલાયક ! (હસી પડે છે.)

ચારુ : (સમજવા કરતી) કેમ ?

સતુ : ન સમજ્યું ? હું કુંવારેા છું એમાં તેા એ બધા શરમાઈ મરે છે. એમને એક 'બા' જોઈએ છે. ને તારામાં એમને એમની એ કામનાની પૂર્તિ દેખાતી લાગે છે, સમજી !

ચારુ : (મઝાકમાં) બિચ્ચારાઓ. (શરમાતાં) પ્રભુ એમની કામના પૂરી કરે !

સતુ : ને મનેાજ આપઘાત કરે !

ચારુ : આપઘાત ! આપઘાત તેા કેાણ જાણે, બાકી કવિતા તેા જરૂર કરે કે છેવટ બીજી બાયડી તેા કરી લે જ.

સતુ : (હસી પડે છે) ચારુ ! 'ચાહવું' એના જેવેા સફળ દંભ જગતમાં આજ દી સુધી બીજો એકે ય ટકયો નથી !

ચારુ : એમ તેા કેાણ જાણે ! બાકી ચાહવા વગર માણસથી ચાલ્યું તેા નથી. પુરુષ શું, શું સ્ત્રી. ચાહના એ બેમાં જ્યાં પ્રથમ પ્રગટે એ ઈશ્વરની વધુ નિકટ છે. પહેલું પેાતામાં પિછાને કે સામામાંથી પામે એ કેાઈ મહત્ત્વની વાત નથી.

સતુ : ત્યારે તેા એ થઈ હાજત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : જેમ ઘટાવો તેમ. માણસમાંથી એ બાદ કરો તો શેષમાં કશું રહેતું નથી તેટલું હું તો જાણું.

સતુ : પ્રેમથી પર બની માણસ કાં દેવ કાં અસુર બની જાય છે, ચારુ !

ચારુ : એ અદમ્ય સ્વભાવને વશ થવું પુણ્ય છે. એને સુંદર કરી લેવું, સહ્ય બનાવી શકવું, આહ્લાદક અને આનંદ-પ્રદ કરી લેવું અને એમાંનું સુખ જતું ન કરવું એટલું તો સામાન્ય માણસ પણ સમજી જાય તેવી વાત છે. એની સામે ચાલનારો હાથે કરીને પ્રભુતાને ઠુકરાવે છે !

સતુ : હં. પણ એ પવિત્રતાને રોળનારા ય પશુ ઓછાં નથી હોતાં ને ?

ચારુ : એ સંસ્કાર માગી લે છે. બાકી હિન્દુ સંસ્કૃતિએ તો એનું ગૌરવ સદાય ગાયું છે.

સતુ : સંસ્કાર ! ગૌરવ ! શું શબ્દચ્છળ છે. મારે ભાગે તો જીવનમાં એમાંનું કંઈ જ ન આવ્યું. માવીતરે જન્મ દઈ ફગાવી દીધો. નધણિયાતો અનાથ–નામનિશાન વગરનો જગતમાં જન્મ પામ્યો.

રે વાત્સલ્ય ! પુસ્તકોમાં, પ્રવચનોમાં.

માતાનો અનિચ્છા અને પિતાની અજ્ઞાનતા વચ્ચે અમારી ઉત્પત્તિ થઈ. ગર્ભાધાન સંસ્કાર, વધી ગયેલા પેટની વેતરણ. કયો દાક્તરવૈદ સાધવો, કયા તીર્થક્ષેત્રે પરવરવું–એની કાળજીના જ સંસ્કાર. 'જન્મના જાયતે શૂદ્ર' નહિ પણ 'અનાથ' તથા 'સંસ્કારાત ક્રિશ્ચીયન ઉચ્યતે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજોત્પત્તિનો ઉચ્ચ ભાવનાના પવિત્ર આર્યલગ્નની શ્રેષ્ઠતાનો વારસો તો છેવટ જીવતો રહેવા દીધો તેટલો મળ્યો. એટલી માતા ભલી કે જન્મ દઈને જીવતો મૂકયો. પ્રપંચી પિતાએ પડદા પાછળ રહી પાળ્યો-પોષ્યો.

ચારુ : (વિચારવશપણે) એ પણ બિચારાં શું કરે ! એમના ય શું વાંક કાઢશું ! સમાજ–રહેણીની ઘાણીના ચકરાવામાં પોકળ પ્રતિષ્ઠાની અંધારી ચઢાવી જીવનારાં નિર્બળોનું શું ગજું ? વ્યક્તિની ભૂલ તે સમાજની મનોદશાનો પડઘો જ છે તો !

સતુ : (ભગ્ન, હતાશ શો) અવિદ્યા, સ્વાર્થ,....

[પ્રસન્નચિત્તે સાંજના પોશાકમાં રાજવી આવે છે. એને જનોઇખભે કેમેરા છે. એને જોઈ બંને નમસ્તે કરે છે. રાજાનું નમૂનેદાર રાજકારોબારના વહીવટી તરીકેનું પાસું આ તબક્કે રજૂ થઈ શકતું ન હોવા છતાં રાજ્યાધિકાર અને રાજકર્તા તરીકેનાં સુખોના એક અચ્છા ભોકતાની છાપ તો એઓ અવશ્ય ઊભી કરી શકશે જે હરકોઈ સામાન્ય ગૃહસ્થમાં પણ જોવા મળી શકે છે.]

રાજવી : (વત્સલતાભર્યું) કેમ છો, ચારુ બહેન !

ચારુ : આનંદમાં છું, બાપુ.

રાજવી : એવો તે શું પ્રશ્ન હતો, સતુ ! વાતોમાં એવાં તો ગૂંથાઈ ગયાં હતાં કે પહેલાં તો મને તમારા બંનેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નેપ લેવાની ચોરી કરવાનો વિચાર થઈ ગયો હતો.
(ચારુ તથા સતુ બન્ને મૌન જ રહે છે.)

રાજવી : (બન્નેને ક્ષોભ મુકત કરવા વાત ઉડાડતાં) કેમ ફરવા તો આવવું છે ને ?

સતુ : કયાંનું નક્કી છે આજ ?

રાજવી : આશ્રમે જ જઈએ આજે, તું આવે તો.

સતુ : ભલે, જેવી આપની ઇચ્છા.

ચારુ : હું રજા લઉં. (હાથ જોડી જવા કરે છે.)

રાજવી : હું જોઉં ? (ચારુના હાથમાંની રેખાપોથી માગી જોતાં) વાહ, બહુ અચ્છો હાથ કેળવ્યો છે. આ તો સતુનો સ્કેચ દોર્યો છે ને શું ! આમાં તો સતુ ! તું કોઈ ઓલિયા જેવો લાગે છે. અભિનંદન ચારુ ! આવું આવું તમારું કામ થોડું જોવા તો મોકલજો !

સતુ : કે સાથે લેતાં આવજો. યા અહીં રહીને તૈયાર કરતાં થજો, ઇત્યાદિ ઇત્યાદિ ! (હસી પડે છે.)

[ચારુ શરમિંદી બનીને નમસ્તે કરતી નાસી જાય છે. રાજવી આનંદમૂઢ સતુને નીરખી રહે છે. પ્રશ્નાર્થ જેવા એમના મુખને મીઠું હસ્યે જતાં નીરખતો સતુ કાંઈ સાહી અંદર દોરતો જાય છે.]

રાજવી : (જતાં જતાં) 'અમારી' આરદ્દા સાંભળીને શું પ્રભુએ ત્યારે.

[પડદો]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[આશ્રમમાં થતી સાંજ. તંબૂની ઓસરીની દીવાલને અઢેલીને એક ઉઘાડબીડિયું મેજ ગોઠવ્યું છે. તે પર છાપાં, પુસ્તકો વગેરે રાખ્યાં છે. રેતી પાથરેલા ફળીમાં તંબૂને તંગ રાખતા ખૂંટાઓ નજીક અકેક એમ ચાર ફૂલકૂંડાંઓ મૂકયાં છે. વચમાં એક હીંચકાખુરશી પડી છે. તેની પાસે ત્રિપાઈ છે. પગ લંબાવવા લગોલગ એક ખુરશી રાખી છે. બીજી ત્રણ ખુરશીઓ સામે છે.

જમણા હાથ તરફ અંદરના ખંડમાં છત્રીપલંગ દેખાય છે, સ્વચ્છ ધવલ આચ્છાદનો એ ઉપર છે, ત્રણેક ચામડાની પેટીઓ ડોકાય છે.

ડાબા હાથ તરફ તંબૂ તરફ આવવાનો માર્ગ છે. જામફળી, દાડમડી, સીતાફળી, કેળ અને લીંબુડીના ઝાડો છૂટાછવાયા દેખાય છે. તેનાથી દૂર નાળિયેરી એ ઉપર ક્ષિતિજમાં ઝાંખો ભૂરો પર્વત અને એ પર શુભ નિરભ્ર આકાશ દેખાય છે.

ભાઈજી સુખાસન પર શરીર લંબાવી છાપું વાંચતા પડયા છે. એઓ ગૌરવર્ણ, કદાવર, થોડા પુષ્ટદેહધારી છે. એમની ચિત્તવૃતિ સ્વસ્થ છે. મન શાંત છે. તે ધૈર્યભર્યા અને પ્રભાવશાળી છે. હાથમાં હુક્કા સહિત નોકર આવે છે. ત્રિપાઈ પર ગોઠવી નળી ભાઈજીના હાથમાં ભેરવી એ ચાલ્યો જાય છે.]

ભાઈજી : (હુક્કો ચાખી જોઈ) અરે, જસુ! (જેઓ હરશબ્દનો પહોળો ઉચ્ચાર કરે છે.)

જસુ : (નજીક આવીને) જી, બાપુ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈજી : તમે થોડું રડીકને ત્યાં જાવ ને, કહેજો હું યાદ કરું છું. એને સાથે સિતાર લાવવાનું ભોલજો.

જસુ : (સાશ્ચર્ય) જી હો બાપુ ! (જાય છે.)

ભાઈજી : (બાપું ત્રિપાઈ પર ઘડી વાળી સંભાળથી મૂકી ઊભાં થઈ આળસ મરડી) પ્રભુ પ્રભુ ! (બેઉ હાથ આંખે દાબી ઘડીક ઊભા રહે છે. પછી હળવેથી અંદર જાય છે. બેગમાંથી એક કાગળ કાઢી ત્યાં બેઠા વાંચતા દેખાય છે.)

[એક સ્ત્રી પ્રવેશે છે. જે આધેડ કહેવાય છતાં શરીરસ્વાસ્થ્ય અને સૌંદર્ય જળવાયાં છે. જેનું કૃશ શરીર અને કાંતિ તેના ધોળાં વસ્ત્રોને ઝેબ દે છે.]

સ્ત્રી : (ક્ષોભવિહ્વળપણે) કોઈ છે ?

ભાઈજી : (અંદરથી બહાર જોવા કરતાં) કોણ ? બેસો. હું આવું છું.

[બેગ બંધ કરી ભાઈજી બહાર આવે છે. પહેલાં ઓળખવા પછી ઓળખી જવાના મુખભાવે તેઓ આગંતુક સ્ત્રીને અનિમિષ નીરખી રહે છે. ક્ષણેક દૃશ્ય આમનું આમ રહે છે.]

ભાઈજી : બેસો.

[હાથ ખુરશી તરફ લંબાવી પોતે પૂર્વવત શરીર લંબાવે છે. એમના કંઠમાં આછેરો કંપ અને મીઠાશ બંને ભળ્યાં લાગે છે. એમના એક હાથમાં હુક્કાની નળી અને બીજામાં પેલો કાગળ છે. આંખ મીંચી ગયા એ ઊંડા વિચારઘેનમાં લાગે છે. સ્ત્રી ખુરશી પાછળ ઊભી રહી ખુરશી પકડી સ્વસ્થતા સાચવી રહી દેખાય છે: પણ મૌન જ રહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી : આપને કેવુંક વાગ્યું છે !

ભાઈજી : (સામું જોતાં) ત્યારે તમે જ હતાં. (ધોતી ખસેડી ગોઠણ પરનો પાટો ચીંધી) આવું સરખું. પણ હવે સહન થતું નથી. (વાંસે હાથ ફેરવી ત્યાં વાગ્યાનું ચીંધે છે.) મને બચાવવા તમે જ ત્યારે વચ્ચે પડેલાં. મેં અત્યાર સુધી દૃષ્ટિભ્રમ માન્યો હતો. (એ આ આત્મગત બોલતા લાગે છે.) પાછળથી મેં તમારી તપાસ પણ કરી હતી, પણ તમે ક્યાંઈ ન દેખાયાં. એકાએક કેમ ચાલ્યાં ગયાં ?

સ્ત્રી : હું મારી જાતને સાચવી ન શકું તેટલી લાગણીવશ થઈ બેઠી હતી. આપને, ભાષણ માટે ઊભા થયા, તેવા જ મેં ઓળખી લીધા હતા. આપને માર પડે એ મારાથી ન ખમાયું, એટલે વચ્ચે આવી પણ આપે મને ઓળખી લીધી ત્યારે મને ખૂબ જ સંકોચ થયો. (આત્મગત જેવું) આમ તો ઘણું મન ઝૂરતું હતું. વલખાં મારતું હતું પણ તે વખતે હિંમત ન ચાલી.

ભાઈજી : તે તમે અહીં ક્યારથી છો ?

સ્ત્રી : હજુ કાલે જ આવી. આજ દી સુધી મન મારી બેઠી રહી. પણ છેવટ હૈયું હાથ ન રહ્યું. તે આપને જ શોધતી આવી. આપનાં લખાણો વાંચતી રહેતી આપના વિચારો તો હું જાણતી જ હતી. આપ અહીં આશ્રમવાસી ક્યારથી છો ?

ભાઈજી : આપણે છૂટાં પડ્યાં પછી લગભગ બે વરસે.

સ્ત્રી : અને ત્યારથી અહીં જ છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈજી : ના, જાઉં છું એમ તો પ્રચાર પૂરતો. બાકી મને તો એના વગર ન ચાલ્યું. એ યાદ આવ્યા કરે, ચિંતા થયા કરે, એટલે વચ્ચે એની પાસે પહોંચી જાઉં, એની જરૂરતો જાણું, પૂરું. થોડી બીજી સંભાળ લઈ પાછો પ્રવૃત્તિમાં બૂડી જાઉં. હવે તો અહીં જ પડ્યો-પાથર્યો રહું છું.

સ્ત્રી : ત્યારે એ પણ અહીં જ છે.

ભાઈજી : હા. (થોડું અટકી) વચમાં થોડાં વરસ મુંબઈ, બોર્ડિંગમાં અને એ પછી વિલાયત મોકલ્યો હતો. સિવાય તો અહીં જ.

સ્ત્રી : એની એને ખબર છે ?

ભાઈજી : કોની ?

સ્ત્રી : તમે એના....(આગળ કેવી રીતે બોલવું તે વિચારે અટકી ઊભે છે.)

ભાઈજી : (અર્થ થી સમજી લેતાં) ના. હજુ સુધી તો નહિ. એ ચતુર છે. ને કદાચ વહેમાયો હોય તેવું લાગે છે. હું. એ સમજી છે. શાણો છે, તંદુરસ્ત ને સુંદર છે. પૈસેટકે સુખી છે. બધું છે છતાં એ ભારે દુઃખી છે. સંતાપમાં અહોનિશ એકલવાયો થઈ જીવે છે. એનામાંથી આશા, રસ, ઉત્સાહ અત્યારમાંથી કુંઠિત થઈ ગયાં છે. એનું મન જાણે મરી ગયું લાગે. જાણો છો શા કારણે ?

સ્ત્રી : હું. કહો ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈજી : કારણકે એ કુળવાન નથી, વીણા! આપણું એ અઘોર અક્ષમ્ય પાપ છે, હોં?! મેં તો એ નિર્બળતા કચારની ફેંકી દીધી હોત. પણ તારી....તમારી....

વીણા : (અર્ધેથી) ના ના, મને એમ જ બોલાવો!

ભાઈજી : પણ તારી નિર્બળતા (કે નિષ્ઠુરતા) મને ભાંગી નાખતી રહી. એને માતાની મમતા હું કેમ આપી શકું? એકલા પિતાનું ગૌરવ તો એનો સંશય ઊલટાનો વધારી મૂકે; એટલે પિતા તરીકે જાહેર થઈ હું એનું દુઃખ વધારી મૂકવા તૈયાર ન હતો. તારી ભીરુતા....

વીણા : (વચ્ચેથી) મારી કઈ ભીરુતા?

ભાઈજી : કેમ, એના ઉછેર માટે આટલે દૂરને ગામ ને મુંબઈ વ્યવસ્થા કરવી મને પસંદ ન હતી. એ તને ગમતું કરવા મારે કરવું પડ્યું. તને માતા તરીકે જાહેર થવું ગમતું ન હતું!

વીણા : એ કચાં ગમા–અણગમાની વાત હતી! મને બીક લાગતી હતી. વગોણાનો ડર રહેતો હતો.

ભાઈજી : (ત્વરાથી) અને હવે?

વીણા : હવે તો તમારી સાથે આશ્રમવાસી થવા સુધી તૈયાર થઈને આવી છું. તે વખતે ય હું એટલી બધી ડરપોક તો નો'તી. તમે....(અટકી પડે છે.)

ભાઈજી : કહેને, જે કંઈ કહેવું હોય તે.

વીણા : એ વખતે મને એના તરફ ઉભળકો જ આવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતો. એ પેટમાં હતો ત્યારથી તમે એના થઈ ગયા હતા. મારાથી એ સહન થતું ન હતું. હું તો તમારામાં ઘેલી હતી. ને તમારું વલણ મારા તરફ ઓછું થતું જતું હતું. મને તો એ બાળક સ્વાભાવિક અકારું લાગતું હતું. એમાં મને બેઆબરૂ કરનારી શરમ થતી હતી. એને માટે મારામાં માતાનું વાત્સલ્ય તો બહુ મોડું જાગ્યું. ને એ તમારા સ્નેહનો પ્રસાદ હતો, તે તો હું હજુ હમણાં અનુભવતી થઈ. પણ તે વખતે તો મને એના માટે અદેખાઈ અને ઘૃણા જ વરસતાં.

ભાઈજી : અરે ગાંડી ! ઊલટો હું તારામાં એટલો પાગલ હતો કે તારા અમર સંભારણા જેવા એ ફૂલ તરફની મારી જવાબદારીનું મને બેવડું ભાન થયેલું. તારી અને મારી આત્મ–એકતા જેવા એને હું કેમ ન ચાહું ! સંસારમાં આપણને અવિભક્ત કરનાર, ચિરકાળ સુધી આપણા સ્નેહને વહેતો રાખનારની સંભાળ ન રાખું તો પછી કોની રાખું ? અને તેમાં ય આપણો સંબંધ જગતમાન્ય ન હોય, પાપ ગણાય તેવો હોય તેમાં એ બાળકનો–બિચારાનો શું વાંક, કહે ?

વીણા : (જે ભાઈજીને સાંભળતાં ગળગળી બનતી જતી છેવટે ધીમું મૂંગું રડવા લાગી છે) ઓ પ્રભુ ! (બેઉ હાથમાં મોઢું ઢાંકી લે છે)

ભાઈજી : (આશ્વાસતાં) હં. શાંત થા.

વીણા : (રડતાં જતાં) હું ઓછી પાપી છું ! દીકરો અનાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશામાં ઊછરે. પેટની અદેખી. અને મારે પાપે દુઃખી થતો જીવે. તમને ય જીવનભર દુઃખી કર્યા.

ભાઈજી : મારો તો તું ધોખો જ ન કરીશ. ઊલટું મારી રૂપલાલસા–કામેચ્છાનો તું શિકાર બની (હાથમાંનો પેલો કાગળ બતાવતાં) તારા સહૃદય સ્વભાવનો લાભ લઈ મેં તને....

વીણા : એવું બધું હું બીજબીજમાં લખી બેઠી હોઉં તે ભલા થઈને અત્યારે યાદ ન કરશો.

ભાઈજી : ના, પણ એ હું સાચું જ કહું છું. મને કંઈ જ હક્ક ન હતો. તું મને ચાહે એ તારો સદ્‌ગુણ, વીણા!

વીણા : (આંસુ લૂછતી) તમે તો ઉદાર છો. એટલે મને માફ કરો છો. પણ....

ભાઈજી : ને તારા દીકરામાં મારો એટલો સ્વભાવ નહિ ઊતર્યો હોય!

વીણા : (ઊર્મિલ બની જતી હીબકું દબાવી) નહિ, મને મારું અંતર ડંખે છે. મારું દિલ સળગ્યા કરે છે. (આંખે છેડો દાબતાં) આટલાં વર્ષો સુધી હું એ હાથવગું સુખ મારું ન કરી શકી, ન મરી ય શકી!

ભાઈજી : એ તો તારું તપ કહેવાય વીણા!

વીણા : નહિ, તપની ભાવના જુદી હોય છે. હું તો ક્ષુદ્ર જીવ છું, તુચ્છ છું. હું તો વેરીણી થઈ જખ મારતી જીવી છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈજી : એ શું ?

વીણા : કાં તમે એને અહીં મૂકવા આવ્યા એ પછી પાછા ન જ આવ્યા !

ભાઈજી : હા. મને ખૂબ જ ઓછું આવેલું, તારાથી. તે મને એ વખતે ભારે દુભાવેલો. વિરક્ત દશા જેવું તે કાળે હું અનુભવતો રહ્યો. મને બધું મિથ્યા ભાસવા માંડેલું. બધી વાતો પ્રત્યે હું કંટાળો, થાક ને કડવાશ અનુભવતો રહ્યો. મેં તને જ્ઞાનીઓએ વર્ણવેલી 'માયા' ગણી લીધી. હું દુનિયાદારીથી પર રહેવા માટે ત્યાંથી સીધો હિમાલય ચાલ્યો ગયો.

વીણા : અને મને વહેમી, અજ્ઞાન ને ગાંગલાં માવીતર, તમાશખોર કુટુંબીઓ તથા દાવીલાં સગાંસાઈ અને રેઢિયાળ સુધારકોને હવાલે કરતા ગયા. હા, હતાં, થોડાં તમારાં સ્નેહનાં સુખસ્મરણો, એના ઉપર મારે ગુજારો કરવાનો હતો. જિંદગી જીવી લેવાની હતી. હું એટલી બધી સહિષ્ણુ કે ક્ષમાશીલ ન હતી કે મને તમારા ઉપર ખીજ ન ચડે. ન એટલી નીડર હતી કે ખુલ્લંખુલ્લાં તમારી પાસે આવી રહું. હું તો ઊલટી તમારા બળ ઉપર ઝૂઝતી હતી. તમારા ટેકા ને હૂંફ વગરની થઈ પડીને મારી અવદશા, મિથ્યા-ભિમાનમાં રાચતી....

ભાઈજી : અરે....અરે....(નિસાસો ખાઈ) મેં પણ ખૂબ અવળાઈ કીધી હતી ત્યારે....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીણા : પછી એ લોકોએ મને પરણાવવા ધમપછાડા કર્યા. માથાં ઝીંક્યાં. મેં ઘસીને ના પાડી દીધી. એક તો હું મોટી થઈ ગઈ હતી. કોઈ એકાદ વૃદ્ધ કે ગરીબ બચરવાળ બીજવર સિવાય સુધરેલી નાતવાળાઓમાંથી મને–બાળવિધવાને કોઈ સ્વીકારવા તૈયાર ન હતું. તેમાં એટલી મારી ટેક ભળી અને હું તમારા બેઉની રહી ગઈ.

ભાઈજી : (મીંચી આંખે સંતોષભર્યું) અને વીણા! અનેક પ્રલોભનો વચ્ચે મેં ય જિંદગીમાં બીજી સ્ત્રીનો પ્રવેશ થવા નથી દીધો. મારું જો એ તપ ગણું તો એનું ફળ તારી એકનિષ્ઠામાં મને સાંપડ્યું.

વીણા : મારે ય ભગવાં સિવાય બધું એ જ હતું. માવીતરને ત્યાગ્યાં. શિક્ષિકા થઈ પેટ ભર્યું.

ભાઈજી : એમ! નોકરી કરી?

વીણા : એટલે તો મનને એમાં પરોવી શકી. નહિતર મારું શું ગજું! અમે સ્ત્રીઓ રક્ષણ ને સ્નેહ વગર ક્યાં જઈએ! કદાચ જીવનનિર્વાહ પૂરતી સ્વતંત્રતા ધરાવીએ, તો ય સ્નેહના જીવન–પડછાયાથી કેટલાંક દૂર ભાગીએ! (થોડું રહીને) એમાં જગતની વાસ્તવિકતાનાં દર્શન થતાં ગયાં. અનુભવ ઉમેરાતો ગયો. વહાલા.... એવું એવું કહું–હવે ન શોભે ખરું! પણ અંતર તો હજુ લગી એટલી જ ઉષ્મા અનુભવે છે હોં!

ભાઈજી : હા, એ ખરું છે. મેં એ માટે માનતાઓ માની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કહે ! અંતર આડો પડદો ન જોઈએ. આત્માના અવાજને ન રૂંધાય.

વીણા : મને પુરુષો મળતા ગયા, એમ એમ તમે વધુ ને વધુ યાદ આવતા ગયા. હું તમારી ઝંખના કરતી રહી. મેં એવા સહુને તમારી સાથે સરખાવી જોયા કર્યા અને દુભાતી રહી. મેં તમારા જેવું કોઈ ન જોયું.

ભાઈજી : સ્નેહનો એવો જ પક્ષપાતી સ્વભાવ છે.

વીણા : ના, હું સાચું કહું છું. મેં તમારું ચારિત્ર્ય ક્યાંય ન ભાળ્યું.

ભાઈજી : હશે, તું ભલી છે.

વીણા : મેં આજનો આવો દિવસ ઊગશે એવું યે નહોતું ધાર્યું. અંતરવસ્ત્યું જિંદગીમાં ફરી પામીશ એની મને આશા નહોતી કે આવાં સુખની ભાગીદાર થઈ શકીશ. હાશ ! (આંખ મીંચી લે છે. ઉઘાડે છે ત્યારે આંસુ ભર્યાં હોય છે.)

ભાઈજી : જો પાછી ઘેલી થવા માંડી કે !

વીણા : હું રડતી નથી. પણ મારું હૃદય સુખે જીરવી નહિ શકે. હું તો જન્મની અભાગણી છું. અપાત્ર છું. મને વધારે પડતું મળી જાય છે, ઓ પ્રભુ ! હવે આ ન આંચકી લઈશ. હવે તો છેલ્લી ઘડી સુધી જાળવજે, નાથ ! (ખુરશી આગળ આવી બેસી પડે છે. ડસડસું થતી આંખે છેડો દાબી માથું ખુરશી પર ઢાળી દે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈજી : (હુક્કાની નળી પડતી મૂકી ચિંતામિશ્ર સ્નેહછલકતી ઊઠી, વીણાની સમીપ જઈ એની પીઠે હાથ પસારતાં) તારી ને મારી પ્રાર્થનાથી તો કદાચ ભગવાન હજુ ન રીઝે, પણ ઓલ્યાનો અવાજ જરૂર સાંભળ્યો છે, સમજી !

વીણા : (ભાઈજીનો હાથ પકડી લઈ, આંખ–છાતીએ મૂકી રાખી ચૂમવા માંડતાં સામું પ્રેમસભર નીરખી રહ્યાં) મારો સંતાપ હરો વહાલા ! મને ક્ષમા આપો ! (ભાઈજી એને વહાલથી મમત્વભર્યું પંપાળી રહે છે.) કે હું માતા....એક વૃદ્ધ માતા બની શકું !

[હીબકાં ખાતી વીણાની કાયા અને ક્લેશવ્યાકુળ એના મનપ્રાણને સાન્ત્વના શું ભાઈજીનું એ લાલન એક પળ સ્થિર દૃશ્ય બની રહે છે. દરમિયાન ડાબા હાથ પર મનોજ અને ચારુ દેખાય છે.]

ચારુ : કેમ, ભાઈજી પાસે આવવું નથી ?

મનોજ : આજે તો નહિ, મારા વતી ખબર પૂછજો. હું તો કલણમાં જ ઠરીશ. પાછો વળતાં લેતો જાઉં તમને ?

ચારુ : ના, આભાર ! બાપુજી યે હમણાં આવી લાગશે. તેમની સાથે જ જઈશ. તસ્દી માફ.

મનોજ : (ખોટું લગાડતાં) મિત્ર કે ભાઈમાંથી યે કાઢી મૂકેલો છે, ચારુ ! (સ્વસ્થ થઈ) તમારી ઇચ્છા ને તમારાં સુખમાં હું સાચા દિલથી રાજી છું. મારો સુખસ્વાર્થ એટલો બધો છીછરો કેમ માની બેઠાં છો ! ઝાઝું નહિ તો ' પોતાના 'માંનો એક તો ગણો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : તો પછી આ રોતલવેડા છોડી દો !

મનોજ : ને તમે આ કઠોરતા. (જાય છે.)

ચારુ : (તંબૂ તરફ ફરી ધાંટો પાડી) ભાઈજી....બાપુ !

[પેલું દૃશ્ય નિહાળવાનું બને તેમ ચારુ પ્રવેશી છે. કષાય સંકોચક્ષોભ વગર ભાઈજી વીણાને શાંતિથી પંપાળતા રહે છે. ચારુ તો ડધાઈ જતી, પાછી ચાલી જવા અને પછી ન ભાળ્યું હોય તેવી જણાવાનો મુખભાવ ધારે છે...જ્યારે વીણા ચેતનહીન વિસ્મૃત થઈ પડી લાગે છે. ભાઈજી થોડા વિક્ષુણ્ણ શા એને નીરખી રહ્યા પછી ઊભા થઈ વીણાને આરામખુરશી પર સુવરાવે છે.]

ભાઈજી : (વીણાની નાડી તપાસી) આવ ને બેટા ! અચકાઈશ નહિ, ક્યારે આવી ?

ચારુ : હમણાં જ બાપુજી ! મારા પિતાજી કહેતા હતા કે સભાના તોફાનમાં આપને કાંઈક ઈજા થયાનું સાંભળ્યું છે. તે પોતે પણ આવે છે. હું મનોજભાઈની સાથે આવી. પણ આ બહેનને શું થયું છે ?

ભાઈજી : મૂર્ચ્છા કહેવાય.

ચારુ : હું ડૉકટરને તેડી લાવું ?

ભાઈજી : હું યે ડૉકટર હતો ચારુ ! આપણે અહીં પણ એક નાનકડું દવાખાનું છે. (વીણાને નાકે હાથ રાખી જુએ છે.)

ચારુ : કેમ કરતાં થયું, બાપુજી !

ભાઈજી : લાંબા વિરહ દુ:ખના–મનોસંતાપના કારણે. એટલે લગભગ પચીસ વર્ષ પછી એના ધણીને મળતાં જે આત્મતૃપ્તિ થઈ–સંતોષ થયો તેને લીધે....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુ : (સમજવા પ્રયત્ન કરતી) હું. બાઈ બહારગામનાં લાગે છે અને એમના ધણી....

ભાઈજી : (પોતાને ચીંધતાં) હું.

ચારુ : (છળ્યા જેવી) બાપુજી આપ....?! (વિચારતી હોય તેમ) તો પછી આપ જ ડૉકટર હંસરાજ ?

હંસરાજ : હા. બહેન (નજીક આવી માથે હાથ ફેરવતાં) આજનો જમાનો પણ ગાંધર્વ વિધિનાં અમારાં એ લગ્નની પવિત્રતા સ્વીકારશે.

[દરમિયાન રફીક એના સિતાર સાથે પ્રવેશે છે. એની પાછળ જસુ આવે છે. રફીક બેઉ હાથ નીચા કરી સલામ કરે છે અને આગળપાછળ જોયા સિવાય નીચે ભોંય પર બેસી જાય છે. એ બેઠકમાં પણ એનું પહોળું પાટલૂન અને ચપોચપ બુતાન બીડેલો ડગલો માથે કાળી ટોપી સાથે શોભી રહે છે.]

હંસરાજ : આવો રફીક ! ઘણે દિવસે મળ્યા. હાં. આપ ત્યાં નહિ, ઉપર બેસો !

રફીક : ભલે સાહેબ. મારાં અહોભાગ્ય. આપે ઘણે વરસે યાદ કર્યો. (સામેની ત્રણમાંની એક ખુરશીમાં બેસે છે અને ખોળમાંથી સિતાર કાઢવામાં પરોવાય છે.)

[દરમિયાન વીણા આંખ ખોલે છે. ચારુ હર્ષઘેલી થતી નજીક જાય છે.]

ચારુ : બાપુ ! જાગ્યાં !

હંસરાજ : એમ કે ! જસુ, થોડું પાણી લાવ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[વીણા સુખાસન પરથી ઊઠીને એની સામે ગોઠવેલી ખુરશી પર બેસે છે. એ સ્વસ્થ લાગે છે. ચારુ રસીક પછીની મૂકી છેવાડેની ખુરશી પર ગોઠવાઈ જાય છે.]

હંસરાજ : (પોતાને આસને બેસી હુક્કો લેતાં) કેમ છે, તને હવે?

વીણા : (સ્વસ્થ થતી સલજ્જતા છુપાવતી) ઠીક જ છે.

[જસુ પાણી આપે છે. તે પી વીણા પ્યાલું પાછું આપે છે. તે અંદર મૂકી આવી પછી આજ્ઞાધીન થઈ જસુ એક બાજુ ઊભો રહે છે.]

હંસરાજ : (ચારુને ચીંધતાં વીણાને) આને તો તું ક્યાંથી ઓળખે! પણ જગમોહનને તો ઓળખે. (બંને એકબીજાને જુએ છે. ભાઈજીના કહેવામાંની સાનથી જિજ્ઞાસુ બની ચારુ વીણાને નીરખી રહે છે એની જિજ્ઞાસા ખૂઝવવા) એ તો તારા પિતાને અંગે મારે કસોટીમાંથી પસાર થવું પડ્યું હતું. (વીણાને) એની આ દીકરી.

વીણા : ચારુબહેન, ખરું! મને એવો અણસાર તો લાગતો હતો.

ચારુ : મને આપ ક્યાંથી ઓળખો?

વીણા : આમ અંગત તો ન ઓળખું. તમારી જાહેર પ્રવૃત્તિઓ ને છાપાં–માસિકોમાંથી તમારા લેખો તથા ચિત્રોથી.

હંસરાજ : એ ગમે છે તને?

[થોડું વીણા અને ચારુ બંને શરમમાં ઘેરાઈ જાય છે. રસીકે સિતારની સુપૃશા કરવા માંડી છે એ પોતાનામાં મશગૂલ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંસરાજ : હં. ઉસ્તાદ! તમે ય તમારો મેળ સાંધો! (વીણાને) જગમોહન તને સગામાં થાય ખરું?

વીણા : હા. પણ છેટાના.

હંસરાજ : તારા દીકરાને ઈ ઠેકાણે લાવી શકી છે. આવી ચુલછડી આપણી કુળવધૂ થાય એ તને ગમે કે નહિ? (કહી ચારુ સામે જોઈ ખડખડાટ હસી પડે છે.)

[જસુ પણ મરક મરક થાય છે એ જોઈ, સાંભળી ચારુ ચમકે છે. વીણા સભાવ ચારુને નીરખી રહે છે.]

હંસરાજ : (ઊભા થઈ વીણાનો હાથ સાહી) લે ચાલ!

[વીણા ઊઠે તો છે પણ સમજવા કરતી જોઈ રહે છે.]

હંસરાજ : રફીક! મને તો મારું સંગીત મળી ગયું છે. ચારુ બેઠી છે. એ એની રસિયણ છે. તમે કશુંક શરૂ કરો, ત્યાં હમણાં અમે આવી પહોંચશું! ચારુ! હવે હમણાં કદાચ હજૂર આવવા જોઈએ. રોકાય તેમ વીનવજે પણ સતુને તો રોકાવા કહેજે! (વીણાને) લે, ચાલ! (જસુ તરફ ફરી) ચાલ જસુ, ગાડી કાઢ (વીણાને) કે ચાલી શકીશ?

વીણા : મને શું થયું છે તે નહિ વળી!

હંસરાજ : ત્યારે શું! રહેવા દે જસુ! (પાસે ખેંચી ચારુને હળવેથી) સતુને કંઈજ ન કહીશ. હમણાં ઉતાવળી ન થતી હોં; હું સમજીને જ કહું છું.

ચારુ : જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંસરાજ : (વીણાને) લે ચાલ ત્યારે. ઉતારીએ આ મહોરાં. હૃદયને જાળવી રાખવા ઓઢેલા આ અંચળા. એમાં હજી જીવન-ભાવ જળવાઈ રહ્યો છે. ભાર્યો પડ્યો છે. ચાલ પાછાં સંસારમાં.

[બેઉ જાય છે. ચારુ તથા રફીક એમને જતાં જોઈ રહે છે. જસુ અંદર જાય છે.]

ચારુ : (યંત્રવત્) રફીકભાઈ, આજે શું સંભળાવશો ?

રફીક : તમે કહો તે બહેન !

ચારુ : (વિચારઘેનમાં કહેવા ખાતર કહી નાખતાં) ખંભાવતી કરો ત્યારે.

રફીક : ભલે.

[રફીક સિતાર બજાવવા માંડે છે. રાજા તથા શેઠ ડાબા હાથ તરફના ભાગે અટકતા-વાતો કરતા અને સંગીત તરફ કાન માંડતા આવે છે. ચારુનું પહેલાં અને પછી રફીકનું ધ્યાન જાય છે. એટલે બજાવવું બંધ કરી એ તેમના આવવાની રાહ જોતો ઊભો રહે છે.]

રાજવી : ઠીક ઠીક. એમ જ કરશું. પણ મારું માન્યું હોત તો મને વધુ ગમત. એ માટે ભાઈજી મારા કરતાં વધુ લાયક પુરુષ છે. હું રાજા થયો એટલે એવા સમારંભો માટે મને પસંદગી આપી પ્રજામાં મને આંખે કરવાનું અને તેવાં કામો પ્રજાકીયને બદલે રાજાને માન આપવા જેવાં લેખાવવાનું ને તેમાં તમારી જાતને સંડોવવાનું તમને શે ગમે છે !? પણ એને તો હજી વાર છે ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ : ના જી. કાલે પ્રાતઃકાળનું મુહૂર્ત લીધું છે.

રાજવી : હં. ઠીક થયું. તમે આજે જ મળી ગયા. (બંને ચાલે છે. ચારુ તથા રફીકને જુએ તેટલા નજીક આવે છે.) અને તે ય અહીં ભાઈજીના આશ્રમમાં....

શેઠ : ના, હજૂર. એમની પાસે આવવામાં હું મને ધન્ય માનું છું. પણ કામ આડે....હા, ઘણે વર્ષે આવ્યો. એમાં ય એમને માર પડે ને....

રાજવી : (વચ્ચેથી) કોને ? ભાઈજીને ! કયાં આગળ ? કોણે માર્યા ?

શેઠ : સવારે સભામાં તોફાન થયું હતું. ત્યાં એઓ પણ પધાર્યા હતા.

રાજવી : હા, તે તો મને ખબર છે, પણ તેમને કોણે માર્યા ?

શેઠ : (કૃત્રિમ ગંભીર બની) એ જ દુઃખ છે ને કે મારી નામરજી છતાં વ્યવસ્થાપકોએ મને મોટરમાં ધક્કેલી દીધો. ને મારો નિમકહલાલ ડ્રાઇવર ડહાપણ કરીને ત્યાંથી નાસી છૂટ્યો. (હસી પડે છે.)

રાજવી : (હસવું ખાળતાં, હાથમાંની ફેલ્ટ રમાડતાં) તમે તો પ્રમુખ હતા ખરું ?

શેઠ : હા જી. એટલે તો મારી બેવડી ફરજ.

[દરમિયાન જસુ બે ફાનસ સહિત પાછલે બારણે પ્રવેશી એક મુખ્ય ખંડમાં મૂકી અંદરથી નીકળે છે.]

રાજવી : અરે જસુ ! કલ્યાણમાંથી સતુભાઈને અહીં બોલાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવ. કહેજે ભાઈજીને વાગ્યું છે. કહેજે કે રફીક આવ્યો છે.

જસુ : જી હો. (કહેતો બીજું ફ્રાનસ ત્રિપાઈ પર મૂકી જાય છે.)

રાજવી : આવો રફીક. તમે આજ અહીં કયાંથી ! અપાશરે ઢોકળાં જેવા. કેમ ચારુ બહેન ! ભાઈજી કયાં છે ?

ચારુ : હમણાં પધારે છે. આપ રોકાવ તેમ કહેતા ગયા છે.

રફીક : ભાઈજી સાહેબે જ યાદ કર્યો આજે. ઘણે વર્ષે. પહેલાં તો અવારનવાર બોલાવતા અને કહેતા કે ' દિલના ઘા માટે તો સંગીત પાટાપિંડી છે. '

રાજવી : આજે કદાચ ઘા પાછો ઊવળ્યો લાગે છે, એમને ? હં....તે પણ અહીં આગળ શીદ પધારો કર્યો છે. બુલ્લામાં ન જામે. અંદર ચાલો. ચાલો જગમોહન !

[શેઠ લાકડી ત્રિપાર્શ્વ પર મૂકી અંદર જવા આગળ ચાલે છે. રાજવી શેઠને બાવડેથી માનપૂર્વક ખેંચતાં અંદર લઈ જાય છે. ઉસ્તાદે એનો સિતાર ઉઠાવી અંદર જમાવી દીધું છે. બધાં અંદરનાં ખંડમાં બેઠાં છે. ઉસ્તાદના સિતારવાદન સિવાય અંદરનું કશું બહાર દેખાતું–સંભળાતું નથી થોડુંક રહીને શેઠ બેસ સરબો કરતા બારણામાં ડોકાય છે.]

શેઠ : (અંદર રાજવીને સંબોધતા લાગતા) આપનો ઉપકાર માનું છું. હા જી. હું જંજાળી જીવ રહ્યો.

[શેઠ બહાર આવી મેજ પરથી લાકડી લેતાં ફરી નમન કરી ચાલવા માંડે ત્યાં સતુ તથા મનોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. પરસ્પરને નમન કરે છે. અંદરથી આછો આછો સિતાર સંભળાય છે.]

સતુ : (શેઠને) ભાઈજીને કેવુંક વાગ્યું છે?

શેઠ : તેઓશ્રી કયાંઈ બહાર ગયા છે. હમણાં આવશે. મને જરા ઉતાવળ છે એટલે જાઉં છું. વળી ફરી આવી જઈશ. હજૂરશ્રી અંદર છે. ચાલો મનોજ! આવવું છે?

મનોજ : (સતુને) તો પછી હું યે નિરાંતે આવીશ. (ચાલતા થયેલા શેઠને) જી હા આ આવ્યો. (શેઠ દેખાતા બંધ થયા પછી) મારી લાગણી ટૂંકામાં કહી લઉં તો ચારુને માટે.... (જરા અટકીને) હું સાચે જ ખૂશી છું. આપનામાં એને એક કુળવાન ચારિત્ર્યવાન વિદ્વાન અને ગૃહસ્થ પતિ સાંપડો. બસ હું ખુશી. (દોડતે પગલે ચાલ્યો જાય છે.)

સતુ : હં. કુળવાન (અંતઃક્લેશમાં ઘેરાઈ જાય છે.) કુલીનતા હું કયાંથી કાઢું (ડસડસી રહ્યાં) ઓ પ્રભુ! (સનિશ્વાસ ટહેલતાં) આ બધું જોઈસાંભળીને એમ થાય છે કે એવાં બેજવાબદાર સ્ત્રી–પુરુષોને જીવતાં બાળી મૂકવાં જોઈએઃ જેઓ પોતાના સંતાનની આવી અવદશા કરતાં જાય છે. અને એ સમાજ : ગુપ્ત પાપાચારો જ્યાં પ્રવર્તતા હોય, આચરવા પડતા હોય, એના જ્ઞાનવાનોને કોરડે કોરડે ફટકારવા જોઈએ કે જેઓ આવી ભ્રષ્ટતા ભાળીને આંખ મીંચી બેઠા હોય. એવા નિર્માલ્યો સંકરતામાં પદચ્યુત થતા જતા સમાજના થાંભલાઓ હોય છે પાછા. અને એવા રાજાને તેના રાજકર્મચારીઓ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહાસન સાથે બાંધી તોપે દેવો જોઈએ જે આવું બધું ચલાવી લેતો હોય, ઊપજતું અટકાવી શકતો ન હોય.

ત્યાં ધર્મ નથી, સુખ નથી, ગૌરવ નથી, જ્યાં સુપ્રજનન કે–પિતૃપૂજા ને શ્રાદ્ધભાવ નથી. જ્યાં અણુ-હક્કનાં વિલાસનાં પરિણામ જેવાં બાળકો જન્મે છે.

અને હજારો ફિટકાર છે એ સંતાનોને કે જેઓ એવાં વિષયલંપટ અનધિકારી અધમ નીચ ભ્રષ્ટ સ્ત્રી–પુરુષ–માવીતરના વ્યભિચારનાં પરિણામ જેવું કલંકિત જીવન ગાળે છે.

મહિમાવન્તા માનવનો અવતાર પામી જે ગર્વે માથું ઊંચું કરી શકતો નથી. પરાક્રમી તથા પ્રતાપવન્તા પૂર્વજોનું ખમીર પામ્યા છતાં જે અંતરથી અભિમાન લઈ શકતો નથી. ગોત્ર, પ્રવર કે વેદશાખાના આર્ય પૂર્વજોની કુલીનતાના ઉત્તરાધિકારે જે હર્ષે પોતાના જીવનની પવિત્રતા, વિશુદ્ધતા અને શ્રેષ્ઠતાનો દાવો કરી શકતો નથી. પ્રાપ્તિ કરી શકતો નથી. રક્ષા કરી શકતો નથી. અને બીજાં તેવાંઓ સાથે ભેળાઈ શકતો નથી.

[રાજાને મૂંગું નમન કરતી ચારુ બહાર આવે છે. સ્નુષાનું તે તરફ ધ્યાન નથી જ. કુતૂહલ ને તોફાન–ભરી એ જમણા હાથ પરના તંબૂભાગે ન દેખાય તેમ ઊભી રહે છે સિતાર–વાદન ચાલુ છે. બંભાવતીના સૂરે વાતાવરણમાં કરુણતા પ્રસરી રહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : થૂ હો એની હયાતી પર ! લ્યાનત હો તેના આશ્રમ-દીધા નામ પર, ધિક્કાર હો એના જીવનમોહને. એનાં કોવિદતા કે વૈભવ, સુંદરતા કે સુશીલતા તો મૃગજળ છે. ફૂટકિયાં મોતી છે. જેના એબ–લગામણુ નારકીય કલૂષિત જન્મમાં માનવતાની, માવીતરની, વાત્સલ્ય, દામ્પત્ય, માતૃત્વ ને પિતૃત્વની મઝાક થતી હોય, જગતના એ પરમ સુંદર ગંભીરતમ પવિત્ર સંબંધોની ઠેકડી જેવાં–દેવાળાં જેવાં અનાથાશ્રમને હવાલે ઊછરતા એ જીવના જન્મમાં, જીવનમાં ને મૃત્યુમાં કશી વિશેષતા નથી.

તુચ્છ, પામર, ક્ષુદ્ર રહી એ જીવે એથી વધુ સારું તો એ મરી શકે. એને માટે એક મૃત્યુ જ પરમ શાંતિ છે મંગળજનક છે. બે ઇન્દ્રિયલોલુપ જીવોની શરમની પૂર્તિ સમા એના જીવનનું માનવોના મેળામાં કશું સ્થાનમાન નથી. ખોટા સિક્કા સમું એનું જીવન, ધાતુ સમા મૃત્યુમાં મળીને જ પોતાનું અસલી રૂપ અને મહત્ત્વ પામી શકે.

અને જીવન ! ક્ષણભંગુર, અલ્પાયુષી. પરમ કૃપાળુ પિતાથી વિખૂટા પડેલા આત્માનું ક્રન્દન જ તો. મુક્તિ ઝંખતા માનવ–આત્માના મંથન સમા જીવનમાં યે કેટલી બિભત્સ્તા ! (ઊંચે આકાશ નોંધતાં) ક્યાં બ્રહ્માંડની અગાધતા, અગમ્યતા, અને ચિત્રવિચિત્ર અલૌકિકતા ને ક્યાં બિચારો માનવ ! વિશાળ, અગણિત, અકલિત મહાકાલની સમશ્યા ક્યાં ને ક્યાં થોડાં વર્ષોની અવધ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયુષ્યનાં રાત્રિદિવસોની પારાશીશી! (સનિશ્વાસ) અમાપ સમુદ્ર ક્યાં અને ક્યાં બિચારો એક પરપોટો! અને એમાં પેલું ગૌરવ! કુલીનતાનું ગૌરવ. માનવના ઊંચ-નીચના અહંકારનું ઝેર, અરે! સંસ્કારાભિમાન!

આ વિશ્વે જાણે મારા જેવા અસંખ્ય કીટપતંગોને પેદા કરવા થોડી મુદ્દત જાળવવા અને પછી પ્રજાળાવીને પોતામાં પાછા સમાવી લેવાનું કારખાનું છે ઉત્પત્તિ સ્થિતિ અને લય. એ ક્રમમાં અખંડ, અહોનિશ, અટલ, નિયમબદ્ધ પળતી આ વિશ્વવ્યવસ્થામાં મારું તે શું સ્થાન!

અને ઈશ્વર....હં

પ્રેમ અસ્પર્શ્યોનો એ સહારો છે. કિનારો છે. નહિ! એ કદાચ અન્યાય પામેલા માનવોએ પોતાની જાત માટે ઉપજાવી કાઢેલું પ્રતિવૈર છે.

છિલ્લર, એકલ, સ્વાર્થી, હલકાં, ગમાર કે અહંકારી માનવોથી નાસીપાસ થનારાઓની એ ઈશ્વરનું તૂત એક ભયંકર ક્રૂર મશ્કરી છે. પથ્થરને પૂજી-અદૃષ્ટને આરાધી એઓએ સજીવ માનવતાને, દૃશ્ય માનવતાને ભાંડી છે. તુચ્છકારી છે.

મારે અને સંસારને શું? કાંઈ જ નહિ. ન સંબંધ ન બંધન. મારે જીવનનો હેતુ ય નહિ. અને તેય પ્રેમનાં, ટેકો, હૂંફ કે રખવાળાં હોય તો ને! ને જીવન જાણવા જેવું જોયું-અનુભવ્યું. હવે એમાં એ સિવાય નવું કશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનનાર નથી. બહેતર છે કે આ ઘાણીના ફેરામાંથી નીકળી જવું એ જ મારી મોક્ષ–સાધના.

એમાં મઝા હશે. શાંતિ હશે. સાર્થકય હશે. તૃપ્તિ હશે. સંતોષ હશે. (થોડુંક થોભીને) હું ઓછું લગાડું છું. એમ...હં! મને ઘણું ચાહે છે. મારું શ્રેય ઇચ્છે છે. કરવા મથે છે. બાપુ! એમને તો મારા જેવાની ખોટ નહિ પડે. સતુ નહિ તો ભાઈજી. ભાઈજી નહિ તો રફીક, શિકાર કે નગરચર્ચા, રાણીવાસ કે જાહેર-સમારંભો, સાહિત્યચર્ચા કે કલાવિલોકન.

નહિ તો વખત કેમ પસાર થાય! હં. સમય વિતાવી મૃત્યુ તરફ ધપવાનું. દરમિયાન સુખ જોઈએ. હોય તો ભોગવવાનું. ન હોય તો મેળવવા મથવાનું. મેળવી માણ્યાં કે વણમાણ્યા ચાલતું થવાનું. એમ બધું પડતું મૂકી પરવરવાનું!! અહો! જીવન!

ભાઈજી. એમનું મમત્વ અનોખું છે. એઓ મને શું કામ ચાહે છે એ જ સમજાતું નથી. એમના સમા ત્યાગી, સંનિષ્ઠ સેવાપરાયણ પુરુષે કેવો ભેદી લાગે છે.

ચારુ. મને ચાહવા ને ગમવા માંડી છે; પણ મારામાં એને કુલીન પતિ નહિ મળે. અરે ચાહના! ત્યાગ, સેવા ને ક્ષમતાસૂનાં જીવનની, સંસારની વાસ્તવિકતા-ની જાણ વગરની એવી ચાહના તો કામવિભાવે હોય, કે આત્મપરાયણ સહકારે સંભવે, શું હોય, શું બની રહે, કાંઈ કહેવાય નહિ! અને સંસાર તો એવાંઓથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભર્યો છે. જ્યાં અંતર–ઊઠતી હરેક લાગણીને છૂંદાવાનું જ હોય, અભિલાષો, ભાવનાઓને પિસાવાનું જ હોય, અરેરે, અંતર અને બહાર એવું દંભી–દ્વિધા જીવવાનું હોય ત્યાં, સતુ! તારું કામ નથી!

તારા પહેલાં પૃથ્વી હતી અને પછી યે હશે. અનંતતામાં તારું આ અસ્તિત્વ, જીવનરૂપે પહેલાં હતું તેમ મૃત્યુ પછી યે એના સ્થિતિ–ગતિ હશે....થશે.

પંચભૂતનો આ માળખો એમાં જ વહેંચાઈ જાવ. રહો એક પ્યારા અંતર્યામિ આત્મદેવ! (ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી કાન પાસે ધરી આકાશ તરફ લક્ષે છે.)

[ચારુ બહાવરી છળી ઊઠયા જેવી જલદી સામે દોડી આવે છે. એ જાણે રડી પડશે એવી લાગે છે. દયાર્દ્ર આર્જવિત લાગતી એ સતુને નીરખી રહે છે. સતુ નીચું જોઈ જાય છે.]

ચારુ : (એની પિસ્તોલ લઈ લેતાં મૂર્ક્કેલીપૂર્વક) તમે શું ધાર્યું છે?

[સતુ બીધી ચારુને સખેદ નીરખી રહે છે. ચારુ મૂંગું રડતી ખુરશી પર બેસી જાય છે.]

સતુ : તેં જોયું તે જ. પણ કોઈ બીજાનું જ ધાર્યું થતું લાગે છે.

ચારુ : તમને મારી યે દયા ન આવી?

સતુ : યાદી તો આવી હતી!

ચારુ : અને તે છતાં તમે આવું આદરી બેઠા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતુ : કદાચ એટલા માટે

ચારુ : તમે ગંભીરપણે બોલો છો કે મઝાક કરો છો?

સતુ : કોણ જાણે! પણ મારા જેવા અકુલીનની દયા કે પ્રેમની શું કિંમત, ચારુ?

ચારુ : અરર....બસ, એટલા માટે! મારો યે પ્રભુ છે ને! નહિતર મારી તો મનની મનમાં રહેત. રહો! તમારી કુલીનતા—અર્ધો કલાક ખમી ખાવ! હમણાં એ ચોખ-વટ થઈ જવામાં છે. બાકી વાલ્મિક, વ્યાસ કે જાબાલ્ય સમા ઋષિ—મુનિઓથી માંડીને ચંદ્રગુપ્ત સમા કંઈક ભારતીઓના ઇતિહાસ અને પોલીસનાં દફ્તર તમારી એ કુલીનતાની કોઠીનાં ઘોણ જેવાં જોઈ લેવાં!

આજે તમારી પાસે એટલું માગી લઉં છું કે મને અંધારામાં રાખીને ભલા થઈને કશું જ કાંઈ ન કરશો! મને સહકારિણી થવા દેજો. આર્ય પતિવૃત્તાએ એટલા જ માટે પતિની ચિતા સાથે જીવનસંકેલો ચાહ્યો છે. મને થોડો વખત આપો. તમારા સુખે સુખી અને દુઃખે દુઃખી થવાની તક આપો. જીવન થોડું જોગવી જોઈએ, ન ગમે, ન ફાવે તો તમે કહેશો ત્યારે આપણે સાથે છોડી દેશું. હા, એટલું કહું છું કે ભગવાને એ છોડી દેવા માટે નહિ પણ જોડી રહેવા સરજ્યું છે. (નજીકમાં પગરવ સાંભળી તે તરફ જોતાં આંખો લૂછી હસવા કરતી, પોતાને વિષાદભર્યું ટીકી રહેલા સતુથી થોડી વેગળી ખસી પિસ્તોલ સતુના માથા ઉપરથી રાઈમીઠાની જેમ ઉતારતાં આકાશ તરફ ગોળા વછૂટે તેમ ફોડતાં) આ અલા ણલા....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[મોઢું બેઉ હાથમાં ઢાંકી સતુ ખુરશી પર બેસી રહે છે. ચારુ નજીક ઊભી તમાશો જોઈ રહે છે. સિતારવાદન એકાએક અટકી પડે છે રાજવી અંદરથી બહાવરા 'સતુ શું માર્યું?' કહેતા બહાર આવી સભય સતુ પાસે જઈ ઊભા રહે છે દિગ્મૂઢ જેવો રઈક પણ સિતાર સહિત ડોકાયો રહે છે. ભાઈજી–પૂર્વાશ્રમીય વસ્ત્રે વીણા સાથે દોડતે પગલે જમણી તરફથી પ્રવેશે છે.]

હંસરાજ : (સતુને જોતાં) શું કર્યું તેં બેટા ! (ભયગ્રસ્ત ને વ્યાકુળ શા જોઈ રહે છે.)

વીણા : (છળ્યા જેવી સતુ પ્રત્યેની ભાઈજીની વલણ અને સંબોધનથી સમજી લેતાં, કકળતી ખુરશી પાસે સતુના પગ સામે ઘૂંટણીએ બેસી પડતાં) મારા લાલ ! શું કરી બેઠો તું !

ચારુ : (વીણા તથા ભાઈજીને રમતિયાળપણે ચીંધતાં) આ તમારાં બા તથા આ તમારા બાપુ, મારા વૃષલ !

[આંખેથી હથેળી ખસેડતાં રડમસ સતુ બંનેને બાલસુલભ મુગ્ધતાભર્યો જોઈ રહે છે.]

[પડદો]

इति शिवम्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીરોગ, સુષ્ઠુ, નિયમે યમે ઘડ્યાં, સુશીલ દેહે જ રહે સદા મથી;
પ્રસન્ન 'ને નિર્મળ, સારગ્રાહી; પવિત્ર અર્થી મન પ્રેમનું પથી;
પ્રજા ય તેવાં જ શકે સૃજી ખરી, અલેપ કર્મે કૃત આત્મસારથી;
'ગૃહસ્થ' ભારે વહી તે ઉજાળશે, વિમુક્ત એવાં નરનાર લગ્નથી;

'ગૃહસ્થ'ની ધૂર ઘણા ધરે છે,
અભિજ્ઞ, દોરાઈ અનુસરે છે;
સંસારીના સ્વાંગ સહુ સજે છે,
ઢબે, ઢૂબે કે વિરતે તજે છે.

ઘણા પ્રતિપાલન, દાસ, વાસના;
ચહે વળી વર્ધનવંશ, નામના;
ઘણા ગણે આત્મ અભિન્નપ્રીતિ.
થતી ઘણાને પ્રભુતા પ્રતીતિ.
રચી રહ્યો માનવ, લગ્નતંત્રે,
સ્વયં બનીને નિજનો વિધાતા.

*

इति भरत वाक्यम्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*

ઘરઢૂકડી
(એકસ્થલાંકી નાટક)

સાવધાન
(રાષ્ટ્રીય સમાલોચનગ્રીજી આ.)

વારસ
(વાર્તાસંગ્રહ)

પસલી
(રાસ–ગીતો)

ધર્મગ્રંથ
(લેખો ને વ્યાખ્યાનો)

*

હવે પછી

ઉડ્ડયન
(કાવ્યસંગ્રહ)

માતૃવૈભવ
(ખંડકાવ્ય)

સ્વામીજી
(ચરિત્રગ્રંથ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલોકનોમાંથી બે

...આ વર્ષે નાટ્ય-લેખકોમાં ઉમેશ કવિ આપણને મળે છે...ગદ્યમાં નાટ્યચ્છટાનો અભિનવ પ્રકાર મળ્યો છે...

શ્રી ઉમેશ કવિનું 'ઘરકૂકડી' આપણા ગણતર નાટ્ય-સાહિત્યમાં સ્થાન પામે તેવું એકસ્થલાંકી નાટક છે. લેખકમાં સ્વાભાવિક તટસ્થતા છે. અને નિર્મળ હાસ્યદૃષ્ટિ છે. એક જ સ્થળ પર અને એક જ દૃશ્યમાં આખું નાટક સરળતાથી અને અકૃત્રિમતાથી ભજવાઈ જાય એ રીતે વસ્તુ સંકલના કરવાનું કૌશલ બતાવીને લેખકે આ નાટકમાં લગ્નના પ્રશ્નની ચર્ચા કરી છે...

૧૯૪૨-૪૩નું ગ્રંથસ્થ વાઙ્મય] પ્રા. મનસુખલાલ ઝવેરી

★

...શોનાં નાટકોમાં આવે છે એવી લાંબી ચર્ચાઓથી આ નાટક ભરપૂર છે...ચાર યુગલોને એક સ્થળે ભેગાં કરવામાં લેખકે ખૂબી વાપરી છે ખરી. એ રીતે એકસ્થલાંકી નાટક લખી ગુજરાતીમાં નવી ભાત પાડી છે. (ભજવનારાઓનો માર્ગ પણ સહેલો કરી આપ્યો છે.) એક જ નાટકમાં એ જ સ્થળે (જાહેર ધર્મશાળામાં) લગ્ન જેવા મહત્ત્વના વિષય પર ચર્ચા ગોઠવી જુદાં જુદાં દૃષ્ટિબિંદુ રજૂ કરી લેખકે ગુજરાતી સાહિત્યને સારો ફાળો આપ્યો છે...ગુજરાતી રંગભૂમિનો દી' પણ નવા નાટ્યપ્રયોગોથી ઊઘડવાનો સંભવ છે એમાં અહીં ઉપાડેલ જેવા પ્રશ્નથી, દુર્ગાના પાત્રથી અને કેટલેક અંશે સંસ્કૃત નાટકોની યાદ કરાવતી એની રીતથી આ એકસ્થલાંકી બુદ્ધિપ્રધાન નાટક ગુજરાતી નાટ્ય-સાહિત્યમાં પોતાનો ફાળો આપતું જાય છે. અને લેખક પાસે ભવિષ્યમાં વધુ સફળ પ્રયોગ મળે એવી આશા જગવતું જાય છે.

'માનસી' માર્ચ ૪૩] • • પ્રા. હીરાલાલ ગોદીવાળા

સરસ્વતી પ્રેસ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar